કુમાર

તંત્રી • બચુભાઈ રાવત

૫૧૭





ગ્રામસરિતા · ચિત્રકાર રસિકલાલ પરીખ

કાંઠે સ્થિર ઊભેલાં ઘટાદાર વૃક્ષોને આછી ઘેરી છાયામાં રાખીને ચિત્રકારે સરિતાની જે શાંત નીરવતા દર્શાવી છે તેમાં, છીછરાં નીર ખૂંદીને જલતરંગો પ્રકટાવતાં પાત્રો, હાથમાં ડાળખી ઉછાળતા આવતા છોકરાની રમતિયાળ ચાલ અને ખોરાક શોધતાં બગલાં મૂકીને સજીવતા આણી છે; તેની સાથે નદીનાં પાણી પર પડતાં તેજકિરણો મૂકીને ચેતનાની ટૂંક પણ પૂરી છે. રંગભરી તેજછાયાના આછા ઘેરા ઉઠાવથી ઊપસતું ઊંડાણ અને વાતાવરણનું સચોટ આલેખન માત્ર આંખને આકર્ષી રાખે છે એટલું જ નહિ, પણ

સાંકળિયું

જાન્યુઆરી ૧૯૫૭ · અંક ૫૧૭


કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



છેલ્લાં ચાર વર્ષથી 'કુમાર'નો વાચક છું. શિષ્ટ, જ્ઞાનવર્ધક, મનોરંજક વાચક માટે તે પ્રસિદ્ધ છે. રેવ૦ ફાધર વાલેસ સાથે મારો બીજો સંબંધ થયો: એક બી.એસસી. (ગણિત) નો વિદ્યાર્થી હોતાં ગણિતશાસ્ત્ર સાથે; બીજો 'વ્યક્તિઘડતર'થી ('કુમાર' વડે) ધન્યવાદ

'ગુનાશોધન'ના ૉખમાં વધારો કરાવવા બદલ ભાઈ ગોકાણી તથા 'કુમાર'ને ધન્યવાદ.



આ સાથે 'ગાણિતિક યંત્ર' મોકલું છું. જેમાં સામસામેનાં બે વર્તુળોના વર્ગની બાદબાકી વચ્ચેના મોટા વર્તુળ જેટલી જ આવશે. દા ત, $(૫૪)^2 - (૬)^2 = ૨૯૧૬ - ૩૬ = ૨૮૮૦$; તે જ પ્રમાણે $(૧૩૯)^2 - (૧૪૯)^2 = ૨૮૮૦$. આમાં એક આંકડો એક જ વાર વપરાય છે.

(માંડવી કચ્છ) —રોહિત વોરા

'એકલતાનો અજંપો' વાંચતાં થોડાં વરસ પર અંગ્રેજીમાં 'ડાયરી ઑવ ઍન ફ્રૅંક' વાંચી હતી તેનું વાક્ય યાદ આવી ગયું: 'For, in its innermost depths youth is lonelier than old age.' વૃદ્ધાવસ્થામાં તો એકલતાનો અજંપો હોય જ છે, પણ કોઈ વાર પરિસ્થિતિને કારણે યુવાવસ્થામાં આ એકલતાનો અજંપો વધુ વિષમ હોય છે.

(મુલુંદ) —ડૉ. એચ. જે. સંચોરાવાલા

અંક ૫૨૨માં ડૉ. બિપિનચંદ્ર ઝવેરીએ ગુજરાતી ભાષામાં વપરાતા ઉપશિષ્ટ (સ્લૅંગ) બાબત લખતાં 'ટૅક્સી' શબ્દનો અર્થ સુંદર સ્ત્રી થાય છે અને ચરોતરમાં પણ એમ બોલાય છે.' એમ જણાવ્યું છે. સૂરત જિલ્લામાં તેમજ ચરોતરમાં મેં પોતે વિદ્યાર્થી તેમજ શિક્ષક તરીકે કેટલોક સમય ગાળ્યો છે. ત્યાં 'ટૅક્સી' શબ્દ સ્ત્રીની સુંદરતા દર્શાવવા નહિ, પરંતુ તેની ચારિત્ર્યહીનતા છતી કરવા માટે વપરાય છે—ગાળ તરીકે. કોઈ પણ માણસ તદ્દન સાધારણ રકમથી પણ થોડા સમય માટે જેને પોતાનું કરી શકે એવું વાહન તે 'ટૅક્સી'. આ અર્થમાં આ શબ્દ સ્ત્રી માટે વપરાય તો તેનો અર્થ (લગભગ) વેશ્યા એવો થઈ જાય છે. સુંદરતા સાથે એને કેવી રીતે સાંકળી શકાય એ સમજાતું નથી. 'ટૅક્સી' શબ્દ જેવોજ બીજો શબ્દ 'ચાલુ' ખૂબ છૂટથી વપરાય છે.

અંક ૫૧૪માં 'આ પણ જોયું' વાર્તા અત્યંત ગમી. આ વખતે અગાઉ 'કુમાર'માં રજૂ થએલી 'તમે ગમગીન છો' (અડાસીની)નો શબ્દેશબ્દ યાદ આવ્યા વગર રહેતો નથી.

'ઘરગથુ ઔષધ'નો વિભાગ કેમ બંધ કર્યો છે? એ ફરી ચાલુ કરો તો, ઘણા વાચકો એને હાર્દિક આવકાર આપશે. 'કુમાર'ના આજીવન ગ્રાહક થવાની કોઈ યોજના નથી?

(મુંબાઈ) —મધુસૂદન ત્રિવેદી

'ખપત'ના અર્થમાં વપરાતા એ શબ્દનું મૂળ જેમાં રહ્યુ છે તેવા બીજા 'ઍસ્ગ્રો', 'ઍનેસીન','બામ'.ગપ્પીદાસના અર્થમાં 'તોપચી'. ખુશામત માટે 'પોલ્સન' જાણીતો છે તેવા જ બીજા 'લચ્છા મારવા' અને 'ચમચાગીરી' છે. એની પરાકાષ્ઠા સૂચવાય છે 'કડછાગીરી'થી. ઠેકાણા વગરના, ઊડઝૂડિયા માણસ માટે રાજપીપળા બાજુ 'ઉદ્ધડમાપ ઝાડેશ્વર' વપરાય છે. કોઈ પણ રીતે દાદ ન આપે એવા માટે એ બાજુ 'લસણિયો ટોટો' વપરાય છે. સુંદર સ્ત્રીને માટે 'ફટકો' જેવા 'ફંદી' (રાજપીપળા બાજુ) તથા 'ગ્લાન્સ' (મુંબઈમાં સાંભળેલો) છે. સુંદર સ્ત્રીઓ માટેનો સમૂહવાચક શબ્દ 'લીલોતરી' અથવા 'હરિયાળી' લગભગ ઘણે ઠેકાણે જાણીતો છે. સ્ત્રીઓને જોવા માટે 'લાઇનિંગ', 'સરવેઇંગ', 'ભાંપવું', 'ઝાંકવું'; અને ગવાઈ ગએલી છોકરી માટે 'ફટારું' સૂરત–ભરૂચ બાજુ સાંભળવા મળે છે.

બોલવા-ચાલવાનું ભાન ન હોય તેવા માણસ માટે 'ફન્ટૂશ' બિલીમોરામાં વપરાય છે.

(બિલીમોરા) —દેવદત્ત જોશી

થોડા વધુ સ્લૅંગ: ખૂબસૂરત સ્ત્રી–'ફટકો', 'પેંડો'; મૂર્ખ–'ફોડો' લોભી–'રૂપિયાનાં ત્રણ અરધાં; એક વસ્તુમાં ખૂબ રસ ધરાવનાર: 'ઘેલું'; નગમતા શિક્ષક 'બફમ'.

(વીંછિયા) —નવીનચંદ્ર અજમેરા

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૧૭
જાન્યુઆરી ૧૯૬૭
તંત્રી
બચુભાઈ
રાવત

વ્યક્તિઘડતર · ૧૯

વ્યવસાય

ફાધર વાલેસ

'મોટો થઈશ ત્યારે શું બનીશ?' છોકરો પાંચ વરસનો થયો ત્યારથી તે એ પ્રશ્ન સાંભળતો આવ્યો છે, અને તેના જુદાજુદા જવાબ પણ આપતો આવ્યો છે. પણ તેના જવાબમાં કોઈને રસ નથી.

સગાંઓ ને પડોશીઓ, મહેમાનો ને મુલાકાતીઓ એ પ્રશ્ન પૂછે છે, અને આજ્ઞાંકિત છોકરો જવાબ આપે ત્યારે (જવાબ 'મીઠાઈવાળા'થી માંડીને 'વડા પ્રધાન' સુધી ગમે તે હોય તો ય) તેઓ ખુશ થઈ ને હસી પડે છે, ને છોકરાને શાબાશી આપે છે: 'છે ને હોશિયાર! પ્રધાન નહિ તો નાયબ પ્રધાન તો જરૂર થઈ એ, બેટા; અને અમે બધાં જોતાં રહીશું, બસ જોતાં રહીશું...'

એટલામાં છોકરો ખરેખર 'મોટો' થતો જાય છે ગાડું ગબડાવીને મૅટ્રિક સુધી પહોંચે છે અને દૈવયોગે પાસ પણ થાય છે. ટકા આવે તો સાયન્સમાં દાખલ થવાનું બહુમાન મેળવે (નહિ તો આર્ટ્સની 'લહેર' શી ખોટી?); એમાં વળી ગણિત કાચું હોય તો આપોઆપ ડૉક્ટર થવાની લાયકાત મળી જાય; નહિ તો એંજિનીઅર થઈને એ ત્રણ પેઢીઓના કોડ પૂરા કરવાનો...

આમ વિષય પ્રત્યે, ધંધા પ્રત્યે, જીવન પર્યંત કરવાના કાર્ય પ્રત્યે લાગણી કે લાયકાત જોયા વગર ઘણાખરા યુવાનો સમાજના ચોકઠામાં ગોઠવાઈ જાય છે; પેટનો ખાડો પૂરવા વેઠ ઉતાર્યે જાય છે, જીવન ઘસડયે જાય છે. તેમના હોદ્દા ગમે તેટલાં ઊજળાં નામથી ઓળખાતા હોય ને તેમના હાથ નીચે ગમે તેટલાં માણસો કામ કરતાં હોય, પણ એ તો રહ્યાં શુષ્ક જડ યંત્રનાં ચક્રો: ઑફિસના જીવ, સૃષ્ટિના પટાવાળા, જગતના કારકુનો. જીવનચોપાટ પર એવી અનેક નિર્જીવ સોગઠીઓ ઊભી છે.

પોતાના કામ માટે પ્રેમ હોય, પોતાના ધંધા માટે ગર્વ હોય, પોતાના રોજના કાર્ય માટે રોજ નવો સ્ફુરતો શોખ, હોંશ, અનુરાગ હોય એ સફળ ધંધાકીય જીવનની પહેલી શરત છે. એ દૃષ્ટિથી કામ 'વૈતરું' નહિ પણ 'લહાવો' બને છે, પ્રવૃત્તિ 'ઢસરડો' નહિ 'આત્મક્રીડા' બને છે, ઑફિસ 'બંદીખાનું' નહિ પણ 'નવું ઘર' લાગે છે. છૂટકો નથી એટલે કરવું પડે છે એમ નહિ, પણ ગુજરાન ચલાવવા એની જરૂર ન હોત તોયે એ કામ હું સ્વયંપ્રેરણાથી કરત એ સાચું વલણ છે, અને એવા કામમાંથી મહિનાને અંતે મળતા પગારના પરબીડિયા ઉપરાંત વિકાસ, ઘડતર ને આનંદની સાચી મૂડી મળે છે.

એક ભવ્ય મંદિરનું બાંધકામ વર્ષો સુધી ચાલતું હતું. એક દિવસ મુખ્ય સ્થપતિ કામની તપાસ કરવા આવ્યા. કામદારોનું કામ જોતા જાય અને ઠપકા-શાબાશી-સૂચનો આપતા જાય. એકને પૂછે: 'તમારું કામ શું છે?'—'આ પથ્થર મારે ફોડવાના છે, સાહેબ.' બીજાને પૂછે: 'અહીં તમે શું કરો છો?'–અમે એક ભીંત ઊભી કરીએ છીએ, સાહેબ.' જવાબમાં ઉત્સાહનો રણકો ન હતો, અને કામ પણ ધીમું ને સાધારણ ચાલતું હતું. પણ થોડે આગળ વધીને એમણે એક મજૂરને વિશેષ ઉમંગથી કામ કરતો જોયો. કામ તો એનું એ જ હતું—પથ્થર ફોડીને ક્યાંક ગોઠવવાનું, પણ એમાં જાણે દિલ રેડીને હસતે મોએ અને પૂરા વેગ સાથે એ અવિરત કામ કર્યે જતો હતો. પાસે આવીને સ્થપતિએ એને પણ પૂછયું: 'તમે શું કામ કરો છો?' તો એણે ગર્વથી ઊભા થઈને આંખમાં ઉત્સાહનો ચમકારો લાવીને કહ્યું: 'શું, આપને ખબર નથી, અમે ભગવાનનું મંદિર બાંધી રહ્યા છીએ!' કામ તો એનું એ જ: પથ્થરફોડાનું ને કડિયાનું; પણ મનમાં વલણ જુદાંજુદાં. પથ્થર ફોડવા ને ભગવાનનું મંદિર બાંધવા જેટલો ફેર! ભાવનાના જાદુઈ સ્પર્શથી કાળી મજૂરી અનન્ય ભક્તિમાં પલટાઈ જાય!

ડૉક્ટરનો દાખલો લઈએ. એમાં પણ સ્થૂળ કામ બધાને માટે એનું એ જ હોય છે: નાડ-જીભ તપાસીને દવા લખી આપવાનું, ને 'દુખાવો ચાલુ રહે તો કાલે ફરીથી આવજો' એવું કહેવાનું. કેટલાક ડૉક્ટરો આ કામ એવી જડતાથી કરે છે કે કારખાનામાં મોટર તપાસતા મિકૅનિક અને દવાખાનામાં દર્દીઓને તપાસતા ડૉક્ટરની વચ્ચે ઝાઝો ફેર ન જણાય. આખરે રહ્યું તો પથ્થરફોડાનું કામ! જ્યારે સાચા ડૉક્ટરનું કામ એ પણ ભગવાનના મંદિરનું બાંધકામ છે: જડ પથ્થરો લઈને નહિ, પણ જીવંત મૂર્તિઓ કોતરીને ને, એમને વિશ્વમંદિરમાં અધિષ્ઠિત કરીને એણે સાચા જીવનપૂજારી બનવાનું છે. દર્દીઓમાં 'ઘરાકો' નહિ પણ 'માનવી' જોઈને, શરીરની ફરિયાદ ઉપરાંત દિલનાં દર્દ પણ લક્ષમાં લઈને, માંદગીની દવા ઉપરાંત માનવતાનું સાંત્વન, ધીરજ ને હિંમત આપીને સાચા ડૉક્ટર દેહ સાથે મનની પણ માવજત કરે છે. અને દવા જ્યાર કામ ન લાગે, સચોટ નિદાન ને પ્રેમાળ સારવાર છતાં જ્યારે પ્રકૃતિ-ધર્મને વશ થઈ ને દેહ છૂટે ત્યારે પણ એ કુટુંબમાં ને એ સમાજમાં નિષ્ણાત ને સેવાભાવી ડૉક્ટર આશ્વાસનરૂપ પ્રેરણામૂર્તિ તરીકે ઊભા રહેશે. આ આદર્શ પોતાના જીવનમાં મૂર્ત કરવા

જેને દિલથી તાલાવેલી હોય એ જ તબીબી વિદ્યાલયમાં દાખલ થવા અરજી કરી શકે. પણ જેને સવારના ૧૧ થી પાંચ સુધીની નિયમિત, અલિપ્ત, પંચાત વિનાની નોકરી કરવી હોય, જેને બીજાંઓનાં દુઃખ પ્રત્યે હમદર્દી ન હોય, જેના હૃદયમાં માનવસેવાના સંસ્કારો દૃઢ ન હોય તે—તેના બાપ-દાદા-કાકા-મામાઓ બધા જ તબીબી ક્ષેત્રમાં ગયા હોય તો પણ, ઘેર મોટા ભાઈનાં પાઠ્યપુસ્તકો પડેલાં હોય તો પણ, ને આખું મિત્રમંડળ સર્વાનુમતે મેડિકલ કૉલેજમાં જવા કહેતું હોય તો પણ—બીજો રસ્તો પસંદ કરે એમાં પોતાનું તેમજ સમાજનું હિત છે.

આમાંથી ક્ષેત્ર-પસંદગીનો સિદ્ધાંત થોડો સમજાયો હશે. તમે શું કરી શકો છો અને શું કરવા માગો છો એ જ સૌથી પ્રથમ જોવાનું છે. તમારી પાસે સમાજ ને કુટુંબ, પૂર્વગ્રહો ને રૂઢિઓ શું કરાવવા માગે છે એ ઘણું કરીને જુદું હોય છે, અને અવળું પણ હોય છે. તમારી શક્તિ અને ઝોક, આવડત અને આકર્ષણ, કુશળતા અને રસ, મનની તૈયારી ને દિલની ઇંતેજારી ... એ બંનેનો યોગ જોઈએ. જ્યાં જ્ઞાન અને ભક્તિનો પ્રત્યક્ષ સંગમ હોય ત્યાં અદૃશ્ય સરસ્વતીની પેઠે કર્મની ધારા રેલાશે અને જીવનયોગની ત્રિવેણી સર્જાશે. તમારો ઊંડો અભ્યાસ, અને એ અભ્યાસના વિષય માટેનો તમારો દિલનો ઉત્સાહ જ્યારે એકબીજાને મળશે ત્યારે તેમાંથી જીવનસાફલ્યની ધારા પ્રકટશે. પણ જો હૃદયનો પ્રવાહ અને બુદ્ધિનો પ્રવાહ અલગ અલગ વહેતા હશે — જો દિલનું સાચું આકર્ષણ એક તરફ હશે અને સમાજની ખેંચ બીજી તરફ હશે—તો અભાગી સરસ્વતી ક્યાં અવતરશે?

શું કરવાથી પૈસા મળશે, પ્રતિષ્ઠા વધશે, આબરૂ સચવાશે ... એ નહિ, પણ શું કરવાથી મન ભરાશે, જીવન સાર્થક લાગશે, માનવદેહનો પૂરો ઉપયોગ કર્યાનો આત્મસંતોષ મળશે એ પ્રશ્ન પૂછવાનો છે, અને તેના નિખાલસ જવાબ, આગળ વધવાની દિશા બતાવશે.

માણસ કામ કરે છે, પણ માણસનું કામ માણસને પાછો ઘડે છે. ખેડૂતના હાથમાં આંટણ પડે છે, કવિની વાણી મંત્રવાણી બને છે, અને કહે છે કે (હકીકત ખોટી હશે પણ કલ્પના સુંદર છે) સતત આકાશદર્શન કરતા ખગોળવેત્તાની આંખો આસમાની રંગની બની જાય છે. આખરે તમારું કામ ને તમારો ધંધો તમારા વ્યક્તિત્વની સાથે વણાઈ જશે, ને તમારું જીવન તેના રંગથી રંગાઈ જશે. તેથી જ એની પસંદગી તમારા જીવનઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે.

તમારો વ્યવસાય તમારું ને તમારા કુટુંબનું પૂરું કરવા ઉપરાંત તમારી શક્તિઓ વિકસાવવા ને તમારું વ્યક્તિત્વ ખિલવવા જરૂરી સાધન તમારા હાથમાં મૂકશે, ને સમાજમાં તમને તમારું આગવું સ્થાન અપાવશે.

ખલાસીને પોતાની હોડી માટે, ને વિમાનીને પોતાના વિમાન માટે જે મમતા હોય છે એ જ તમને તમારા કામ-ધંધા માટે પણ હોવી જોઈએ, કારણ કે એમાં બેસીને જ તમે સંસારના ભવસાગરને તરવાના છો. કામ એ લાચારીનો વિષય નથી, ઉત્સાહનો છે; બહારથી લાદેલો બોજો નથી, અંદરથી સ્ફુરેલી જીવનપ્રવૃત્તિ છે; ગુલામીની જંજીર નથી, રાજાનો મુકુટ છે. કામ કરતાં કરતાં માણસ બ્રહ્માંડનાં રહસ્યો ફોડે છે, વિશ્વની શક્તિઓ ઉપર આધિપત્ય મેળવે છે, સૃષ્ટિશિરોમણિનું બિરુદ સાર્થક બનાવે છે. આપમહેનત એ સૃષ્ટિમાત્રનો ધર્મ છે. આળસ ને કામચોરી એ કેવળ મનુષ્યે જ શોધેલી વિકૃતિઓ છે. એ આળસથી હાથ-પગ ઢીલા પડે, બુદ્ધિ કટાઈ જાય, હૃદયના ધબકારા મંદ પડી જાય. તે પહેલાં કવિવર ટાગોરની પ્રાર્થના આપણી પ્રાર્થના પણ બનવી જોઇએ:

‘હે પ્રાણસ્વરૂપ, મારી સિતારના તારને કાટ ન ચડો, તેના ઉપર ધૂળ ન બાઝો—વિશ્વપ્રાણના સ્પંદનના આઘાતથી તે રાતદિવસ રણઝણતી રહે, કર્મસંગીતથી ગુંજતી રહે....પ્રબળ આઘાતથી મહીંમહીંથી જો તાર તૂટી જાય તો પણ ભલે, પણ તે ઢીલા ન થવા જોઈએ, મલિન ન થવા જોઈએ, વ્યર્થ ન જવા જોઇએ.’

એવી સિતારમાંથી મધુર જીવનસંગીત ગુંજતું રહેશે.

સામાન્ય ભારતીયનું વિશ્વદર્શન

આપણા દેશના બહુજનસમાજનું કાળજું સામાન્યરીતે ઠેકાણે રહેતું, તેનું એક કારણ એ લાગે છે કે જીવનને વ્યાપક અને અખંડ રીતે જોવાનો સંસ્કાર તેમને મળ્યા કરતો. આ વ્યાપકતા ને અખંડતા કેળવવામાં પુરાણોનો મોટો ફાળો લાગે છે. પુરાણો સાંભળવાને પરિણામે ભાગ્યે જ કોઈ એવો નીકળતો જેણે દશાવતારની વાત ન સાંભળી હોય કે ન માની હોય. દશાવતારથી તેને આ જગત ઉત્ક્રાંત થયું છે તેવો સંસ્કાર તો ડાર્વિનની શોધ થઈ તે પહેલાંથી મળતો; પણ તે કરતાં ય કિંમતી સંસ્કાર એ મળતો કે ભગવાન માછલીમાં પણ છે ને માનવમાં પણ છે, એટલું જ નહિ પણ વિશ્વાત્માની જ એવી ઇચ્છા રહી છે કે તે આ બધાં રૂપે ઉત્તરોત્તર પ્રગટ થાય. અસ્તિત્વ માટેનો ‘જીવનકલહ’ નહિ પણ પ્રાગટ્ય માટેની ‘જીવનસીડી’રૂપ આ ઇતિહાસ કે પ્રાગ્-ઇતિહાસ છે. પરિણામે તેનામાં પાછલા તથા વર્તમાન બંને યુગો માટે એક સમધારણ દૃષ્ટિ રહેતી, અને તે ઉપરાંત, સત્યનું પૂરું પ્રાગટ્ય તો હજુ બાકી છે એ જાણી પોતાનું ને પોતાના યુગનું મોટું મહત્ત્વ કે અભિમાન તેને ન થતાં.

આ દેશમાં એકંદરે આવડો મોટો વિસ્તાર અને આટલી વિવિધ—ને ક્યાંક વિરોધી રીતભાતો ને માન્યતાઓ હોવા છતાં યુરોપની સરખામણીમાં ઓછા ઝગડા ને વિશેષ શાંતિ રહેલાં છે તેનું મોટું કારણ જીવનના ભૂત વર્તમાન કે ભાવિના વિસ્તારને આ વિશાળ ને એકસૂત્રી ફલકમાં નિહાળવાની સમજ છે. જી. કે. ચેસ્ટરટને એક માર્મિક વાક્ય લખ્યું છે કે, ‘તમારો ભાડૂત રાખતી વખતે તેના ખિસ્સામાં પૈસા છે કે નહિ તે પૂછશો નહિ; તે કયા તત્ત્વજ્ઞાનમાં માને છે તે તપાસી લેજો.’ તેના કહેવાનો ભાવ તો એ છે કે જો તે ખોટું તત્ત્વજ્ઞાન ધરાવતો હશે તો તેની પાસે પૈસા હશે તો પણ નહિ આપે, પણ જો તેની પાયાની માન્યતાઓ સાચી હશે તો પૈસા નહિ હોય તો પણ ગમે ત્યાંથી લાવી આપશે.

સામાન્ય ભારતીયનું વિશ્વદર્શન આ દશાવતારના વિચારથી ઘડાયું હતું, ને પુરાણો એનું રટણ એક યા બીજી રીતે કરતા. તેથી નરી ઉત્ક્રાંતિનો જ નહિ પણ ભગવત્-સ્વરૂપ ઉત્ક્રાંતિનો સંસ્કાર સાંપડતો, ને ગએલા કે આવનારા જગત વિષેનો વિરોધભાવ ઓછો કેળવાતો. માનવમનની દુર્બલતા, સંસારની વિષમતા, તેની આ સમજણ કે શ્રદ્ધાને ઘણી વાર હલાવી દેતાં હશે જ; પણ એકંદરે અહીંનો નાગરિક સદીઓથી ઓછો ઝગડાળુ, આતિથ્યપ્રિય ને માર્મિક રહ્યો છે.

‘દર્શક’

સુ-સર્જ / 'સુન્દરમ્'

· મિશ્ર · (સૉનેટ)

ઊડી રહી પાંખ અથંભ કાલની
નચાવતી આ પગલી મનુષ્યની;
આ વ્યોમનાં નીલમ પૃષ્ઠ સાહી
આકારતી ઈશની ચિત્ર-સૃષ્ટિને.

હું તારલાનું લઈ બિંદુ ધારું
લલાટ, ને સૂર્યનું બિંબ ચૂંટી
ધરી લઉં વક્ષ પરે, હવાની
સૌ સૌરભે સીંચું રૂમાલ મારો.

આ પૂર્વ ને પશ્ચિમ રેખ સાંધી,
ને ઉત્તરા–દક્ષિણ રેખ બાંધી,
રચી લઈ સ્વસ્તિક, કેન્દ્ર એને
ખડો રહું આભ-પતાળ દંડ શો.

આશીશ છે સર્જ, સમસ્ત વિશ્વ તો
તારી ઝીલી ભૂમિ સજાવવાને.

સકલની સાથ / રાજેન્દ્ર શાહ

· ગાન ·

કોઈનો યે પરિહાર કરી નહીં જાઉં કહિ દૂર દૂર,
સકલની સાથ કરુણ મધુર મેળવું હું મુજ સૂર.

એકનું અવર સ્વરથી મિલન :
પ્રગટે અગણ સાદ;
કોઈથી લલિત, કોઈથી કેદાર
પૂરવી મલ્હાર મ્હાડ :
ઝરણનાં જલ ઊછળે નીલિમ પાંદડે રેલાય પૂર;
સકલની સાથ કરુણ મધુર મેળવું હું મુજ સૂર.

અપની એકમ તાનમાં,
ઊલટ નજરે નયન અંધ,
ફૂલની ફેલાય મ્હેક નહિ
જો દલનાં દુવાર બંધ;
ઉરનાં અસીમ આભમાં ઝિલાય નિખિલનાં નરનૂર;
સકલની સાથ કરુણ મધુર મેળવું હું મુજ સૂર.

ઉઘાડી એ પેટી / ચીમન કલાલ

· શિખરિણી ·

ન'તું ખોલ્યું જેનું વરસ દશથી તાળું, હમણાં
ઉઘાડી એ પેટી. નીરખું મહીં તો પત્ર દશકા
પહેલાંનો દીઠો : અરધું જીવતા અક્ષરમહીં
પિતા કેરી છાયા મરકતી; ઊઠી આવતી કને
દીઠી પેલી બારી; ઘર પણ; હસ્યું ગામ; નદીયે
ધસી આવી મારાં નયન મહીં ઘોડાપૂર લઈ :
તણાતો જાઉં હું...

બે હાઈકુ / મફત ઓઝા

હાલે હવામાં
પાનખરનો હોઠ
પાંદડું પીળું.

ધખ્યા બપોરે
બેસી ઊંટ નિરાંતે
રણ વાગોળે.

શિયાળાની સવાર / હરિકૃષ્ણ પાઠક

· સવૈયા ·

તડકાની આંગળીએ ખેંચ્યાં સ્હેજ ટાઢનાં ચીર,
ઝબકારામાં જાગી ઊઠ્યાં સૂતાં સરવર-નીર.
હુંફ ઓઢીને નિંદર પોઢી, શ્વાસ શ્વાસમાં ફોરે,
આળસ મરડી ઊઠ્યા ર્‌હેલાં બે'ક ચુંબનો મ્હોરે.
ધુમ્મસની દુનિયા લૈ ધુમ્મસ ઝળુંઝળુ વિખરાય,
'રાત થતાંમાં આવ્યું' કહેતું આંખે ઓઝલ થાય.
કલબલાટનાં કાબર-ચકલાં ફરફરાટની પાંખ–
ફરકે ત્યાં તો દુનિયાદારી માંડી દેતી આંખ.
ડગમગ રસ્તા ઘડી વારમાં સીધા અક્કડ ચાલે,
તડકે ઓઢી ટાઢ મલપતી ઠરે ગુલાબી ગાલે!

પુનરાવર્તન / જશવંત લ. દેસાઈ

· વસંતતિલકા · (સૉનેટ)

આજે ય એ સ્મરણ શૈશવનું : પિતાજી
દાદાતણી છબિ વિશાળ કરે ગ્રહીને
ઊભા હતા લઘુક મેજ પરે, દીવાલે
લંબાવી હસ્ત છબિ ગોઠવી દીધ, શીર્ષ
નીચું નમ્યું, ચખથી મોતીની સેર...ગેહે
વ્યાપી ગયો ઘડીક તો ઘન અંધકાર.

એ એ જ દૃશ્ય ફરી આજ, નટો પરંતુ
જુદા, જૂની છબિ ખસી અવ પાર્શ્વ ખંડે,
હું ગોઠવું છબિ પિતાજીની ખાલી સ્થાને
ને ભક્તિપૂર્ણ હૃદયે રહું વંદી તાત.
આ એ જ આંસુ નયને, ઉર એ જ ડૂમો
ને ઊંડી કો ગમગીનીતણી એ જ છાંય.

બે દાયકા સરકતા ક્ષણ અર્ધમાં ને
હું જોઉં દૃશ્ય ફરી એ જ...

ગૂંચ / ધીરેન્દ્ર મહેતા

· ગઝલ ·

અમોને એમ કે એ ફૂલમાં ફોરમ ભળી જાશે;
ખબર ન્હોતી નિસાસાથી હૃદય કો'દી બળી જાશે!

રહે હૈયે સલામત વેદના તેથી ભરી લીધી;
ખબર કોને કદી પથ્થર શો પથ્થર પીગળી જાશે?

નદીમાં તો બિચારી એ તરી નાજુક તરણ પેઠે;
હું માનું કેમ એ નૌકાથી સમંદર ખળભળી જાશે?

અગર આ હોઠ નહિ ફરકે, નયનદ્વારા કહી દેશું;
હતું કોને મિલનટાણે ઊભય આંખો ઢળી જાશે?

ન જાણે કોઈ તેથી તો અમે એકાંતમાં કીધું;
હતું કયારે ય કલ્પ્યું કે દીવાલો સાંભળી જાશે?

જીવન વીતી ગયું પણ કોઈથી શોધી શકાઈ ના;
પડી'તી ગૂંચ મનમાં જે, કવનમાંથી મળી જાશે?

ભાવિદર્શક સર્જક એચ. જી. વેલ્સ

ઈ. ૧૮૮૩ના ઑગસ્ટના એક રવિવારની ઉષ્માભરી સવારે એક છોકરો ગામડાના નાના દેવળની સામેના ઝાડ નીચે ઊભો હતો. દેવળનું દ્વાર ખૂલ્યું, ને લોકો પ્રાર્થના કરી બહાર નીકળવા માંડયાં એવો જ તે એ ટોળામાંની રેશમી વસ્ત્રોમાં સજ્જ એક સ્ત્રીને જઈ વળગી પડયો ને કહ્યું : 'મા, હું હવે પાછો નોકરીએ નથી જવાનો.'

એ હતો એચ. જી. વેલ્સ—ભાવિ ઇંગ્લૅન્ડનો સમર્થ નવલકથા-લેખક, વૈજ્ઞાનિક, પત્રકાર, કટાક્ષકાર, કેળવણીકાર અને ભવિષ્યદ્રષ્ટા. ઇંગ્લૅન્ડના કેન્ટ પરગણાના બ્રોમલે ગામના ધંધાદારી ક્રિકેટર પિતાને ઘેર ઈ. ૧૮૬૬ના સપ્ટેમ્બરની ૨૧મીએ જન્મેલો, અને પ્રાથમિક શિક્ષણ જેમતેમ પૂરું કરી ૧૪ વર્ષની વયે એક કાપડિયાની દુકાને ૭ પેન્સના પગારથી નોકરીએ રહેલો કિશોર વેલ્સ સવારના ૭-૩૦થી રાતના ૮ સુધીની એ નોકરી, અન્ય સાત ગુમાસ્તાઓ સાથે પડયા રહેવું પડે એવી ગંદી ઓરડી અને ભોંયતળિયે અંધારામાં આવેલા ભોજનગૃહથી કંટાળીને ૧૭ માઈલનું લાંબું અંતર ચાલી ભાગી આવ્યો અને એણે માતા આગળ પોતાનો નિર્ણય જાહેર કરી દીધો

એ પછી તે એક દવાવાળાને ત્યાં નોકરી રહ્યો એ દરમિયાન, એક ઉમરાવ કુટુંબમાં કામ કરતી પોતાની માતા સાથે જઈ ત્યાંનું પુસ્તકાલય ફેંદવાની તેને તક મળી, જે વાચનથી કદાચ ભવિષ્યમાં સમર્થ કલ્પનાસ્વામી બનનાર આ જુવાનને ભાવિ કારકિર્દીનું ભાથું મળ્યું. ત્યાર બાદ તેણે એક મામૂલી શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું. ભણાવતાં ભણાવતાં પણ અભ્યાસ ચાલુ રાખી એણે સરકારી શિષ્યવૃત્તિ મેળવી, ને સાઉથ કેન્સિંગ્ટનની રૉયલ કૉલેજ ઑવ સાયન્સમાં ટૉમસ હેન્રી હક્સ્લે જેવા પાસે પ્રાણીશાસ્ત્ર શીખી બી.એસસી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. પછી યુનિવર્સિટીમાં ભણાવતાં ભણાવતાં એણે જીવશાસ્ત્ર પર એક પુસ્તક લખ્યું અને 'યુનિવર્સિટી કૉરસ્પૉન્ડન્ટ', 'એડ્યુકેશન રિવ્યૂ' અને 'ફૉર્ટનાઇટલી' જેવાં પ્રતિષ્ઠિત પત્રોમાં લેખો લખવા માંડયા. પણ એ બધામાં કદાચ રસ નહિ પડયો હોય તેથી એણે પત્રકારત્વમાં ઝંપલાવ્યું અને જાણીતા 'પૉલમૉલ ગેઝેટ' 'સૅટર્ડે રિવ્યૂ', 'નેચર' આદિમાં એના લેખો પ્રગટ થવા લાગ્યા.

કૉલેજકાળમાં જ સમાજવાદ તરફ આકર્ષાએલો અને એક જ વર્ષમાં જેની ૧૮ આવૃત્તિઓ થએલી એવા સમાજવાદી વિચારો ધરાવતા 'ઍન્ટિસિપેશન્સ' નામે ગ્રંથનો કર્તા વેલ્સ, તરુણ ને ઉદ્દામ સમાજવાદીઓના જાણીતા સંઘ 'ફેબિયન સોસાએટી'માં જોડાએલો, પણ બર્નાર્ડ શૉ સાથે સિદ્ધાંતો ને નીતિ અંગે મતભેદ થતાં છૂટો થએલો.

વેલ્સનું પ્રથમ લગ્ન એની પિતરાઈ ઈસાબેલ મેરી વેલ્સ સાથે થએલું, જેની સ્મૃતિ વિદ્યાર્થીજીવનનાં સંસ્મરણો સાથે જોડી એણે 'લવ ઍન્ડ લેવિશામ' નવલકથા લખી છે. પણ આ લગ્નમાં નિષ્ફળતા મળતાં છૂટાછેડા લઈ એણે એક વિદ્યાર્થિની એમી કૅથૅરીન રૉબિન્સ સાથે લગ્ન કર્યું. જેનાથી એને બે પુત્રો થએલા.

જીવનનાં તમામ ક્ષેત્રોમાં સામર્થ્ય અને બુદ્ધિપ્રતિભાથી ચમકનાર ઝનૂની યોદ્ધો, પણ ક્રાન્તિકારી નહિ એવો વેલ્સ એના જમાનાનો તેજસ્વી તારક હતો. માનવતાવાદી, વિશ્વરાજ્યનો કલ્પક ને ચાહક, સ્ત્રીસ્વાતંત્ર્યનો પુરસ્કર્તા ને મુક્તિનો મહારથી વેલ્સ આજે તો મુખ્યત્વે એની બે પ્રવાહમાં વહેતી નવલકથાઓથી જ સ્મરણીય રહ્યો છે. એણે પોતાના સાહિત્યિક જીવનની શરૂઆત કરી આધુનિક વિજ્ઞાનનાં સભર સૂચનોવાળી કલ્પના-કે તરંગ પ્રધાન નવલકથાશ્રેણીથી. 'ધ ટાઇમ મશિન' (૧૮૯૫), 'ધ વંડરફુલ વિઝિટ'. 'ધી આઇલૅન્ડ ઑવ ડૉ. મોરે', 'ધ વ્હિલ્સ ઑવ ચાન્સ', 'ધી ઇન્વિઝિબલ મૅન', 'ધ વૉર ઑવ ધ વર્લ્ડ્ઝ', 'વ્હેન ધ સ્લીપર અવેઈક્સ', 'ધ ફર્સ્ટ મૅન ઈન ધ મૂન', 'ધ ફૂડ ઑવ ધ ગૉડ્ઝ' વગેરે એના સર્જક જીવનના પહેલા દાયકામાં લખાએલી વિજ્ઞાનના તરંગો પર અવલંબિત નવલકથાઓ છે. અવકાશયાત્રા કરવાના વૈજ્ઞાનિકોના પ્રયાસો અને એ માટે શોધાએલાં સાધનો વિષે હાલ સાચી પડેલી એવી ઘણી અદ્ભુત બાબતો આ કથાશ્રેણીમાં આકર્ષકરીતે આલેખાઈ છે.

વેલ્સના સર્જનનો બીજો પ્રવાહ છે પ્રણય, કટાક્ષ અને તેજસ્વી મધ્યમવર્ગીય માનસનો મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ માટેનો તરફડાટ વ્યક્ત કરતી એની સામાજિક નવલકથાશ્રેણિનો. એની સૌપ્રથમ રોમૅન્ટિક કથા 'લવ ઍન્ડ લેવિશામ'થી માંડી 'કિપ્સ', 'ટૉનો બંગે', 'મિ. પૉલી', 'ઍન વેરોનિકા', 'ધ ન્યૂ મકિયાવેલી', 'મૅરેજ' આદિ જે સાતેક નવલકથા એણે લખી એમાં મહદ્ અંશે પહેલી ચાર પર અને અલ્પાંશે બાકીની ત્રણ પર એની નવલકથાકાર તરીકેની કીર્તિ અવલંબે છે. તેમાં બુદ્ધિપૂર્વક લખાએલી સુસંગત કટાક્ષકથા 'કિપ્સ' તેમજ 'લવ ઍન્ડ લેવિશામ' મહદ્ અંશે આત્મકથાત્મક ને દુર્વ્યયની કરુણાન્તિકાનાં પ્રકરણો સમી છે જેમાં તે સુખનો અભાવ ને તકનો બગાડ આણતી સામાજિક અવ્યવસ્થા તથા કુરૂઢિઓ પર ટીકાની ઝડીઓ વર્ણવે છે.

વેલ્સે પોતે કહ્યું છે એમ, લંડન જેનું કેન્દ્ર છે એવી જાહેરખબરની વિચિત્ર સંસ્કૃતિનું સમગ્રતયા દર્શન કરાવતી એની નવલકથા 'ટૉનો બંગે' આધુનિક ઊંટવૈદાનું અદ્ભુત મહાકાવ્ય છે! કથાના અંતિમ તૃતીયાંશ કરતાં પ્રથમ બે ભાગ વધારે સારા છે, પણ સમગ્રરીતે એમાં ગ્રામઘરોનું વ્યર્થ ને આળસુ જીવન, સંઘર્ષ ખેલતા વેપારીઓની અધમ નિષ્ઠા, જાહેરાતો કરતા ઊંટવૈદોનાં દંભી સાહસો આદિનું આલેખન આ સદીની છ ઉત્તમ નવલકથાઓમાં શ્રેષ્ઠ ગણાએલી આ કૃતિમાં સરસ રીતે થયું છે. જાહેરખબરથી નસીબ ઘડવાની તક પૂરી પાડતા સમાજ માટે વેલ્સને અત્યંત ઘૃણા છે, પણ એ માત્ર વેપાર ને નાણાં માટે જ નથી. એને મન તો 'આપણે જેમાં જીવીએ છીએ એવા આ સામાજિક અવ્યવસ્થાના પ્રવાહમાં તો બીજી બધી ચીજોની જેમ મૂળમાંથી ઊખડી ગએલો પ્રેમ પણ પ્રવાહપતિત બની ગયો છે.'

સમર્થ વિવેચકોના મતે ઉત્તમ કૃતિ ઠરેલી વેલ્સની કથા 'ધ હિસ્ટરી ઑવ મિ. પૉલી' એની કોઈ કૃતિમાં નથી એવું હાસ્યરસનું સાતત્ય જાળવતી, ડિકન્સની ઢબનાં પાત્રોવાળી, પણ વેલ્સનો વિશિષ્ટ જીવન-સંદેશ ધરાવતી રમૂજદાયક છતાં નિગૂઢ વેદના સભર કૃતિ છે.

વેલ્સ શક્તિશાળી ને ઉદ્યમી લેખક હતા. પત્રકાર તરીકે એનો મધ્યાહ્ન તપતો હતો ત્યારે એણે એક ગ્રંથમાળામાં પોતાની સામાજિક વિચારસરણી વ્યક્ત કરી છે. એમાં 'ઍન્ટિસિપેશન્સ' (૧૯૦૧) પહેલી કૃતિ છે. ઈ. ૧૯૧૪ના મહાયુદ્ધની યે પહેલાં આ માનવતાવાદીએ યુદ્ધને નિષ્ફળ બનાવી એનાં નાગરિકોને સુખ ને સલામતી બક્ષનારા વિશ્વરાજ્યની કલ્પના કરી હતી. ઈ. ૧૯૧૯માં 'મિ. બ્રિટલિંગ સીઝ ઈટ થ્રૂ' પ્રસિદ્ધ કરીને એણે પહેલા વિશ્વયુદ્ધ દરમિયાનના મધ્યમવર્ગીય અંગ્રેજોનાં ભય અને સંવેદના આલેખ્યાં છે, જેમાં બ્રિટલિંગ તાત્ત્વિકરીતે વેલ્સ પોતે જ છે. એ પછીની 'ધ સોલ ઑવ અ બિશપ ઍન્ડ જૉન ઍન્ડ પીટર' ઉપર્યુક્ત કૃતિની બૌદ્ધિક અને આધ્યાત્મિક







ડાબી બાજુ: એચ. જી. (હર્બર્ટ જ્યૉર્જ) વેલ્સ દસ વર્ષની વયે. બ્રૉમ્લેની મૉર્લે અકાદમીમાં ત્યારે એ વિદ્યાર્થી હતો. પણ ૧૪ વર્ષની વયે એને કામે વળગવું પડ્યું: પ્રથમ એક કાપડિયાને ત્યાં ને પછી મિડહર્સ્ટના એક સૅમ્યુઅલ ઈવાન કૉવેપ નામના દવાવાળાને ત્યાં. માતાની ગરીબાઇને કારણે જ એ દવા બનાવવાના ધંધામાં પડતો રહી ગએલો. બચપણમાં એના માનસ પર સૌથી વધુ અસર એના માતા સાથેના અપપાર્કના રહેણાકની થએલી. હૅમ્પશાયરમાં પીટર્સ ફીલ્ડ નજીક ફેધરસ્ટૉન હૉગ કુટુંબનો ત્યાં વાસ હતો. માતા એ વિશાળ ઘરમાં સ્ત્રીવર્ગની નોકરીમાં હતી. ત્યાંના ગ્રંથસંગ્રહનો વેલ્સે ખૂબ લાભ લીધો જ્હૉન્સનના 'રાસેલાસ', ટૉમ પેઈનના 'ધ રાઇટ્સ ઑવ મૅન', વૉલ્તેરના 'કૅન્ડાઈડ' ને પ્લેટોના 'રીપબ્લિક'નો પ્રથમ પરિચય એને ત્યાં થએલો. એણે પોતે જ લખ્યા પ્રમાણે અહીં 'સામાજિક સંબંધોનું જે ભાન થયું એ મને પરાંના ગીચ વસવાટોમાં કદાચ ન થઈ શકત.' ◖ વચ્ચે: યુવાન વયે ક્ષયના આજારી જેવી અતિ નાજુક તબિયતવાળા વેલ્સના જીવનનાં એ આરંભનાં વર્ષો તો લગભગ અશક્તાવસ્થામાં જ વીત્યાં હતાં. ◖ છેલ્લે: કીર્તિશિખરે પહોંચ્યો ત્યારે.

આવૃત્તિ છે. અને એ બંનેમાં પ્રકટતો નવીન શ્રદ્ધાનો રણકો 'ગૉડ ધી ઇન્વિઝિબલ કિંગ'માં વધારે ઘેરો બને છે.

પણ ૧૯૧૮ની પછીની વેલ્સની મહત્તમ સિદ્ધિ છે 'ધી આઉટલાઈન ઑવ હિસ્ટરી' (૧૯૨૦)—જગતના વિવિધ લોકો વચ્ચેના આંતરસંબંધને અભિવ્યક્ત કરતી નોંધપાત્ર કૃતિ. એના મધુર સ્વપ્ન સમા વિશ્વરાજ્ય તરફની આગેકૂચના એક કદમ સમી આ કૃતિમાંની એની શ્રદ્ધા સાવ પાયા વિનાની નથી, કેમ કે આજે 'આખા વિશ્વમાં અન્યોન્યના વણરૂઝાતા ઘા માટેની વેદના વધતી ને વ્યાપતી જાય છે'.

નવલકથાકાર તરીકે વેલ્સ પ્રથમ કક્ષાના પત્રકાર છે. એને કલાત્મકતા કરતાં પોતાના વિચારો વ્યક્ત કરવામાં વધારે રસ હતો. એ કલાકાર કરતાં વૈજ્ઞાનિક વધારે હતો. એમ છતાં એણે શૈલી, પ્રવાહિતા, કલાપૂર્ણતાનો આદર્શ, સૌંદર્યાલેખન આદિ તરફ દુર્લક્ષ સેવ્યું ન હોત તો કેટલીક નવલોમાં બન્યો છે તેમ એ સમગ્રતયા સમર્થ કલાકાર બની શકત, પણ એણે તો 'તારી જાતને વફાદાર રહે' એ સલાહને અવગણીને 'તું મોટો કલાકાર બને કે ના બને પણ કોઈક ક્યાંક શોષાય છે એની તપાસ કર' એ સલાહ માન્ય કરી, અને પરિણામે સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા અનુકંપાપૂર્ણ અને કટાક્ષકાર સર્જક બન્યો.

અંગત જીવનમાં આળા મનનો અને ચીડિયો, મધુમેહથી પીડાતો, છતાં માનવજાતમાં અનન્ય શ્રદ્ધા ધરાવતો વેલ્સ એની પાછલી જિંદગીમાં નિરાશાવાદી બની ગયો હતો, કેમ કે એ કેળવણી અને અંધાધૂંધી વચ્ચે દુનિયાને બીજા વિશ્વયુદ્ધ તરફ ખેંચી જવા માટે લાગેલી શરત નિહાળી રહ્યો હતો. 'ધ ફેઈટ ઑવ હોમોસાપીએન્સ'માં આ કોયડો નવી રીતે રજૂ થયો છે. 'બલ્પિંગ્ટન ઑવ બ્લપ'માં એણે અવ્યવહારુ આદર્શવાદીઓને શિક્ષા કરી છે અને 'ધી ઍનૅટમી ઑવ ફ્રસ્ટ્રેશન'માં માનવીય જીવન ને વિચારોનાં તત્ત્વોનું વિશ્લેષણ કર્યું છે.

છેક પોતાના અંતિમ દિવસોમાં યે 'વર્લ્ડ બ્રેઈન' દ્વારા જગતના સ્થાપિત ને સર્વસ્વીકૃત જ્ઞાનનો વિશ્વકોશ બનાવવાનું મહાભારત કાર્ય કરી જનાર આ યુગાતિક્રમી સર્જકનું અવસાન દુઃખદ રીતે થયું હતું, છતાં એના મનમાં આશાનાં કિરણો તો હતાં જ કે વ્યવસ્થિત સમાજ માટે પોતે આપેલાં મૂલ્યો જીવંત રહેશે.

એચ. જી. વેલ્સની વિચારસરણી

'આધુનિક માનસના જન્મદાતા' લેખાએલા એચ. જી. વેલ્સની ગયા સપ્ટેમ્બરમાં જન્મ-શતાબ્દી ગઈ. તે નિમિત્તે એમના વિષે જે કેટલાંક લખાણો-વિવેચનો પ્રકટ થયાં એમાં બહુધા એમને ભવિષ્ય દ્રષ્ટા, મહાન માનવતાવાદી, સાહિત્યકાર વગેરે તરીકે બિરદાવવામાં આવ્યા. પણ આ જ નિમિત્તે બી. બી. સી. પરથી પ્રસારિત થએલા એક કાર્યક્રમમાં એ. જે. પી. ટેઇલરે જુદા દૃષ્ટિકોણથી પરિચય આપ્યો.

એચ. જી. વેલ્સમાં સાહિત્યિક શક્તિ, અલબત્ત, હતી જ; પરંતુ એમને પોતાને 'સાહિત્યકાર' બનવામાં કદાચ ઓછો રસ હતો.—પત્રકાર તરીકે ઓળખાવાનું એ વધુ પસંદ કરતા. એ કાળે જે જરૂરી લાગ્યું એ એમણે લખીને પીરસ્યું; એટલે આજે માત્ર નવલકથાકાર કે વાર્તાકાર તરીકે પોતાની શતાબ્દી ઉજવાતી જો એ જુએ તો પહેલો જ પ્રશ્ન એ પૂછે કે, 'મેં જે વિચારો રજૂ કર્યા હતા એનું શું થયું?'





જ્યારે સારા દિવસો આવ્યા ત્યારે વેલ્સે ઈ. ૧૯૧૦માં વૉરિકની કાઉન્ટેસ પાસેથી એસેક્સમાં ડનમાઉ નજીકની એક 'નાની ઈસ્ટન રેક્ટરી'નું જે ઘર ખરીદેલું એનું ખતપત્ર. એની સાથે પડેલી વેલ્સની ફાઉન્ટન પેન પર એનું નામ-સરનામું પણ કોરેલું છે. (આજે આ પેન જાણીતા લેખક જે. બી. પ્રીસ્ટ્લી પાસે છે.) ખતપત્ર પર વેલ્સની સહી સ્પષ્ટ વંચાય છે. આ ઘરને વેલ્સે 'ઈસ્ટન ગ્લેબ' નામ આપેલું. ◖ જમણી બાજુ: 'ઈસ્ટન ગ્લેબ'નો આ મુખ્ય ખંડ આજે પણ, વેલ્સના વખતમાં હતો એવો ને એવો જ સચવાએલો છે. તેની નવલકથા 'મિ. બ્રિસ્ટલિંગ સીઝ ઈટ થ્રૂ' અહીં જ લખાઈ. આ ઘરનાં બારણાં તે સદા ખુલ્લાં જ રાખતો; પોતાના મહેમાનોનું અહીં મનભર સ્વાગત કરતો. આ જ ઘરમાં એ પોતાના બે પુત્રોને ચવિત્રાં પાત્રો ચીતરીને ઊંઘવા માટે પટાવતો. એના એ બે પુત્રો–ફ્રૅંક વેલ્સ અને પ્રો. જી. પી. વેલ્સમાંથી બીજાએ તો પિતાને અને જુલીઅન હક્સ્લેને 'ધ સાયન્સ ઑવ લાઈફ'ના લેખનમાં સહયોગ આપેલો. હાલ જી.પી. (જિપ) વેલ્સ લંડન યુનિવર્સિટી કૉલેજમાં પ્રાણીવિદ્યા ભવનના અધ્યક્ષ છે.


માનવની મુક્તિ અર્થે પોતે જે માર્ગ ચીંધ્યો હતો એ અંગે લોકોએ કંઈ વિચાર્યું કે નહિ? એ જાણવામાં એમને કદાચ વધારે રસ પડે અને એનો ઉત્તર એમને પહેલી નજરે કદાચ નિરાશ કરી દે. એમની નવલકથાઓ ને વિજ્ઞાન-વાર્તાઓ આજે યે બહુ વંચાય છે,–પણ કેવળ મનોરંજનાર્થે. વેલ્સને એક વિચારક તરીકે જોવાની દૃષ્ટિ આજે ભાગ્યે જ જોવા મળે.

છતાં વેલ્સે પોતાનાં લખાણોમાં જે કેટલાક વિચારનો આરંભ કર્યો હતો એ (ભલે ઓછી કદર સાથે, પણ) દુનિયામાં ફેલાએલા છે ખરા. એમણે પોતે ભલે ન કબૂલ્યું હોય પણ સાહિત્યિક શક્તિ તો એમાં જોવા મળે છે જ. લેખક તરીકે એમનામાં હાસ્યની શક્તિ પણ હતી અને કદાચ એટલે પણ એ આજે જીવતા છે. એમનાં પાત્રાલેખનને એક પ્રકારનાં કટાક્ષચિત્રો પણ કહી શકાય. એ સૌના જીવનમાં કંઈ ને કંઈ રમૂજી બાબત બનતી જ રહે છે.

વેલ્સમાં એક અદ્વિતીય શક્તિ હતી: એકાદ સામાન્ય અસંભવિત બાબતને એક સિદ્ધાંત તરીકે સ્વીકારીને પછી એ એને ગંભીરતાથી બહેલાવી શકે છે. દા. ત. માણસને મહાકાય બનાવી દે તેવો ખોરાક; ૨૦૦ વર્ષ સુધી ઊંઘતો માણસ; બે ગ્રહો વચ્ચે યુદ્ધ વગેરે. 'જો આમ થાય તો……' એવી એક કલ્પના કરીને વેલ્સે પોતાની એ વાર્તાઓને અનેક તરંગોથી ભરી દીધી છે.

એ તે તરંગી હતા કે દૃષ્ટા? ભાવિના યાંત્રિક વિકાસ અંગે એમણે અનેક અંદાજો રજૂ કર્યા છે. વિમાનો હજી જમીન પરથી ઊંચકાયાં યે નહોતાં ત્યારે એમણે હવામાં વિમાનયુદ્ધની કલ્પના રજૂ કરી હતી. લગભગ અર્ધી સદી પહેલાં એમણે માણસને ચંદ્ર પર જતો કલ્પ્યો હતો;—અલબત્ત, ત્યાં એને શું પ્રાપ્ત થશે એ વેલ્સ કહી નથી શક્યા. જ્યારે મોટરગાડી હજી નવી નવી આવી હતી ત્યારે આજે ખરેખર આપણે અનુભવીએ છીએ એવી વાહનોની ભીડનો એમણે અંદાજ આપ્યો હતો, અને એ નિવારવા એમણે બુટ્ટો ઉઠાવેલો તે એમનાં 'હરતાં ફરતાં પ્લૅટફૉર્મ'નો ખયાલ આજે અમલમાં પણ આવી રહ્યો છે. એમણે એ પણ કલ્પ્યું હતું કે વાહનોની આવી સગવડ મળતાં ગામડાં ભાંગી લોકો શહેર તરફ ધસારો કરશે. વીજળીના લાભોમાં એમને અસીમ શ્રદ્ધા હતી. રોજિંદા ઘરકામની અસંખ્ય જંજાળો વીજળીનાં સાધનોથી દૂર થઈ જશે એમ એમણે કલ્પેલું અને એમ બન્યું પણ ખરું; ફેર માત્ર એટલો જ છે કે એનાથી ગૃહિણી મુક્ત થવાને બદલે એ યંત્રોની ગુલામ બની રહી છે! એમને ખાતરી હતી કે એક દિવસ આપણે સૌ ગોળીઓ રૂપે વૈજ્ઞાનિક આહાર પર નભતા થઈશું! છતાં ૧૯૦૩માં એમણે ભાવિ યુદ્ધમાં યાંત્રિક રાક્ષસોને એકબીજા સાથે યુદ્ધ કરતાં જે કલ્પ્યાં હતાં, એવી જ પહેલા વિશ્વયુદ્ધમાં જ્યારે ટૅન્કની શોધ થઈ ત્યારે એની કલ્પનાનો યશ પોતાને ન અપાયો તેનું એમને માઠું પણ લાગેલું.

પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંથી વેલ્સે સમાજને સાચે માર્ગે મૂકવાના પ્રયત્નો આદર્યા હતા, અને એ યુદ્ધ પછી એ સમગ્ર દુનિયાને સાચે માર્ગે લઈ જવા પ્રેરાઇને એમણે એકદમ લાંબી ફલાંગ મારી. એમણે એક

ડાબી બાજુ: વેલ્સની બીજી પત્ની કૅથેરીનની છબિ સાથેનું હર્બટનું આ જલરંગમાં આલેખાએલું ચિત્ર પણ એણે જ કરેલું છે. ◐ જમણી બાજુ: 'ઈસ્ટન ગ્લેબ'માં આવ્યા પછી વેલ્સે તેમાં આ વિશાળ બારી ખાસ બનાવડાવેલી. ક્ષિતિજ સુધી નજર પહોંચવા દેતી આ બારીનું સ્થાન 'લેખન-યોગ્ય સ્થાન' માટેના તેના તલસાટનું દ્યોતક છે. કૅથેરીનના અવસાન પછી વેલ્સે 'ઈસ્ટન ગ્લેબ' વેચી નાખીને ૧૩ હૅનોવર ટૅરેસમાં રહેવાનું રાખ્યું હતું, જ્યાંથી યુદ્ધના બૉંબમારા દરમિયાન પણ એણે સ્થાનફેર કર્યો નહોતો.

વિશ્વરાજ્યની કલ્પના કરી, એટલું જ નહિ, એના તુરતાતુરત અમલ માટે એ આગ્રહી બન્યા. એમના જગવિખ્યાત પુસ્તક 'ઇતિહાસની રૂપરેખા' (આઉટ લાઈન ઑવ હિસ્ટરી)માં એમણે 'દુનિયાનાં સંયુક્ત રાજ્યો'નો એક નકશો આપીને એમ પણ સૂચવ્યું કે આ સ્થિતિ પણ ઉત્ક્રાંતિના નિયમાનુસાર આપોઆપ સર્જાશે. એ માટે પોતાની આત્મ-કથામાં એમણે લખ્યું છે: 'આધુનિક વિશ્વરાજ્ય કે જે ઈ. ૧૯૦૦માં તો માત્ર સ્વપ્ન જ હતું એ આજે એક વ્યાવહારિક ધ્યેય બની રહ્યું છે... સમાજવાદી વિશ્વરાજ્ય આજના દિવસ જેટલી જ વાસ્તવિક આવતી કાલ જેવું છે. આપણે એના તરફ જ જઈ રહ્યા છીએ.'

શિક્ષણની શક્તિમાં એમને અમર્યાદ શ્રદ્ધા હોવાથી એમણે પોતે પણ શિક્ષણલક્ષી પુસ્તકો લખ્યાં: 'જીવવિજ્ઞાનની રૂપરેખા', 'અર્થ શાસ્ત્રની રૂપરેખા' ને એમની સૌથી વધુ સફળ 'ઇતિહાસની રૂપરેખા'. આ છેલ્લી રૂપરેખા તો આજે યે વંચાય છે. માણસજાતના ઇતિહાસની એ એક ઉત્તમ મોજણી છે. કળા ને સાહિત્ય કરતાં યે જ્ઞાન વધુ ઊંચું છે, એમ દર્શાવવા વેલ્સે એ લખી છે. એમની ધારણા હતી કે સુવ્યવસ્થિત-રીતે ગોઠવીને આપેલો જગતનો એ ઇતિહાસ પોતે કલ્પેલા વિશ્વરાજ્ય પ્રતિ જવાનું ડહાપણ માણસને સુઝાડશે. પણ એવું કંઈ બન્યું નહિ.

જેને માટે માણસ જીવ આપવા તૈયાર થઈ જાય એવી, દેવતાઓ જેવી કેટલીક રાષ્ટ્રીય સંજ્ઞાઓ 'ઇતિહાસની રૂપરેખા'માં આપવામાં આવી છે. છેલ્લી એક બે સદીનો ઇતિહાસ આ વાતને સાચી પણ ઠરાવે છે. અન્ય કોઈ પણ કારણ કરતાં રાષ્ટ્રીય ભાવનાને નામે વધુ સંખ્યામાં લોકો મર્યા છે. એવું કોઈ પરાક્રમ નથી કે એવો કોઈ ગુનો નથી જે પોતાના રાષ્ટ્રને માટે કરવાને માણસ ન પ્રેરાય. પણ આપણે આમાંથી કંઈ પણ સાર તારવીએ તો કહી શકીએ કે ભલે જીતાઈ જાય છતાં રાષ્ટ્રીય સર-કારો નાશ પામે તેમ નથી. વેલ્સ આ ખયાલ સ્વીકારી શકતા નથી, કેમ કે એમના વિશ્વરાજ્ય સાથે એનો મેળ ખાય તેમ નથી.

એકસોથી એ વધુ પુસ્તકો એમણે લખ્યાં છે; જોકે એમનું પૂરેપૂરું પ્રતિનિધિત્વ કરનાર કયું એ નક્કી કરવું મુશ્કેલ છે. 'ધ સોશિયલ કૉ-ન્ટ્રૅક્ટ' દ્વારા રૂસો, 'કૅપિટલ' દ્વારા કાર્લ માર્ક્સ ને 'ધી ઓરિજિન ઑવ સ્પીસિઝ' દ્વારા જેમ ડાર્વિન ખ્યાત છે એમ કોઈ એક જ પુસ્તક વેલ્સને વિખ્યાત કરી શકે તેમ નથી. એમના હવે પછીના પુસ્તકમાંથી એમનો ખરો ઉપદેશ મળશે, એમ જ દરેક પુસ્તક વાંચતાં લાગે. પણ એ કલ્પના-શીલ જરૂર હતા. એમનું લખાણ, એમના સમયની ગૂંચવણો અને ભ્રમને યથાતથ પ્રતિબિંબિત કરે છે.

વિશ્વોનું યુદ્ધ

થોડા મંગળવાસીઓ પૃથ્વી ઉપર ઊતરીને ગોળીઓ છોડી પરિણામની રાહ જોતા ને અનુમાનો કરતા હોય એવી રીતે આ વાર્તાની શરૂઆત થાય છે. મંગળવાસીઓ આમ તો નાચીઝ જેવાં પ્રાણીઓ લાગે છે, પણ એમનાં અદ્ભુત શસ્ત્રો (દૂરથી જ હણી શકે એવું ઉષ્ણ કિરણ અને જ્યાં નાખે ત્યાં સળગી ઊઠે એવું ભીષણ લાલ બી) અને યુદ્ધાંતે રહેલા લંડનના ભંગાર અવશેષ અને લોકોની નાસભાગ વગેરેનાં વર્ણનમાં વે-લ્સની લેખનકળાની સિદ્ધિ એ રીતે છે કે તે પછીનાં બે વિશ્વયુદ્ધોનાં દૃશ્યો કરતાં એનાં આ વર્ણનો બહુ ભિન્ન નથી લાગતાં.

ટાઇમ-મશિન

આ નવલકથાના નાયકે અવકાશના ચોથા પરિમાણનું રહસ્ય શોધ્યું છે, જેથી એ ભવિષ્ય કે ભૂતકાળમાં યદૃચ્છયા વિહાર કરી શકે છે. પો-તાના અદ્ભુત 'ટાઈમ-મશિન'માં બેસીને તે ભવિષ્યમાં ગતિ વિહીન અને અત્યંત ઠંડી બની ગએલી પૃથ્વીના, ભયાનક વિશ્વમાં મુસાફરી કરે છે, જ્યાં એને માનવજાત બે લડતા વર્ગમાં વહેંચાઈ ગઈ દેખાય છે. આ ભાવિ સમાજનું જમાપાસું માત્ર એટલું જ છે કે દરેક રોગનું નિદાન થઈ શકે છે. ફરી પાછો વર્તમાનમાં પૃથ્વી પર આવીને તે ભૂતકાળમાં જવાનું સાહસ ખેડે છે, પણ ત્યાં એ હમેશ માટે ગુમ થઈ જાય છે!

એચ. જી. વેલ્સની ચાર વાર્તાઓ



૧ કિપ્સ

બ્રિટનના અર્વાચીન નવલકથાસાહિત્યની પ્રથમ નવલકથા ગણાએલી એચ. જી. વેલ્સની આ કૃતિ તમામ કૃતિઓમાં સૌથી વધારે રમૂજદાયી છે ને એનો કટાક્ષ આજે પણ એના સર્જનકાળ જેટલો જ સાચો લાગે છે. હેન્રી જેઈમ્સ કહે છે એમ 'કિપ્સ' બુદ્ધિપૂર્વક લખાએલી સુસંગત કટાક્ષકથા છે અને 'લવ ઍન્ડ લેવિશામ'ની જેમ એ પણ સુખનો અભાવ ને તકનો દુર્વ્યય માગતી સામાજિક અવ્યવસ્થા ને રૂઢિઓ પર ટીકાઓની ઝડીઓ વર્ષાવે છે.

'ધ સ્ટોરી ઑવ અ સિમ્પલ સોલ'નું પેટાશીર્ષક પામેલી આ કથાનો યુવાન નાયક આર્થર કિપ્સ પોતાના જન્મનું રહસ્ય જાણવા આતુર છે, પણ માતાનું સ્મરણ એને એટલું ઝાંખું છે કે એ કશું જાણી શકતો નથી. કાકા-કાકી પાસે ઉછરેલા આ યુવાનને બાળપણની મધુર સ્મૃતિ માત્ર તેના હલકી કોમના મિત્રની બહેન ઍન પૅાનિકની જ છે, જેને હેતથી એણે છ પેન્સની એક નોટ ફાડીને અર્ધી ભેટ ધરેલી!

એક રેઢિયાળ શાળામાં અભ્યાસ પૂરો કરી કિપ્સ એક કાપડિયાની દુકાનમાં ઉમેદવારી શરૂ કરે છે, ને સાત વર્ષના એકધારા તથા કંટાળાજનક કામ બાદ વાર્ષિક વીસ પાઉંડના પગારથી છેવટે સ્થાયી નોકરી પામે છે. આ દરમિયાન અનેક યુવતીઓના પરિચયમાં આવેલો કિપ્સ સાચી રીતે આકર્ષાય છે તો માત્ર લાકડા પર કોતરકામ કરવાનું શીખવતી એક દંભી યુવતી હેલન વૉલશિંગહામ તરફ. જોકે સામાજિક મોભામાં કિપ્સ કરતાં ઘણી ચડિયાતી આ યુવતી સાથે કિપ્સ પ્રેમાલાપ તો કરી શકતો નથી, પણ પોતાના અણઘડપણા વિષે સજાગ થઈ જાય છે.

સદ્ભાગ્યે કિપ્સને ચિત્તરલૉ નામે એક ભાવિ નટ ને નાટ્યકારનો પરિચય થતાં તેની પાસેથી જાણવા મળે છે કે કિપ્સના દાદાએ એના માટે વાર્ષિક બારસો પાઉંડની આમદાનીવાળી મિલકત અને એક મકાન સૉલિસિટર મારફત જાહેર કર્યાં છે. કિપ્સના જન્મનું રહસ્ય એના આ સદ્ભાગ્ય સાથે જ પ્રગટ થાય છે કે તે એક એવા ગૃહસ્થનો અનૌરસ પુત્ર હતો કે જેના પિતા એને કિપ્સની મા સાથે પરણવા દેવા નારાજ હતા. પણ બંનેનું અવસાન થતાં દાદાએ પોતાના મૃત્યુ પહેલાં પોતાનો વારસો અજ્ઞાત પૌત્ર કિપ્સને સોંપવા ઇચ્છા પ્રગટ કરી હતી.

પલકમાં પાદશાહ બની ગએલા કિપ્સને શરૂઆતમાં તો એ ધનનો ઉપયોગ કરવા અંગે મૂંઝવણ થઈ; પણ પછી તો, કાકાની ને મિત્ર ચિત્તરલૉની સહાયથી, એણે મૂડીનું યોગ્ય રોકાણ કર્યું. શ્રીમંત કિપ્સ માટેનો હેલનનો સદ્ભાવ પણ હવે તો બહુ વધી ગયો, અને એણે કિપ્સને શ્રીમંતો ને ઉમરાવોની રીતભાત શીખવવા માંડી, એટલું જ નહિ પણ એનાં નાણાંનું રોકાણ પોતાના ભાઈની દુકાનમાં કરાવડાવ્યું!

પણ આ બીજી પ્રેમિકાથી શરૂઆતમાં પ્રભાવિત થએલો કિપ્સ ધીમેધીમે અસંપ્રજ્ઞાતપણે જ એના તરફ ઉદાસીન બનવા લાગ્યો, ને એક વાર કાકાને ત્યાં બાળપણની પ્રેમિકા ઍન પૅાનિકનો મેળાપ થઈ જતાં એના સાદાઈભર્યા જીવન ને વર્તનથી તેમ જ એવું જીવન જીવવાની શિખામણથી એ વિચલિત થઈ ગયો.

પોતાને પ્રાપ્ત થએલી સામાજિક પ્રતિષ્ઠા સાથે આ ચાકરડી તરીકે કામ કરતી ઍનનો મેળ બેસાડવા અંગે વિમાસણ અનુભવતા કિપ્સે આખરે હિંમતપૂર્વક તેની સાથે લગ્ન કર્યું અને એક આલીશાન મકાન બનાવડાવી તેની સાથે શ્રીમંતાઈભર્યું આળસુ જીવન જીવવા લાગ્યો. પણ સાદાઈથી જીવવા ઇચ્છતી ઍન તો આથી રડતી અને કિપ્સના મનની એ જ પ્રકારની અવ્યક્ત વૃત્તિઓને ઢંઢોળતી.

એવામાં એમની આ ઇચ્છા અનાયાસે જ તૃપ્ત થાય એવો બનાવ બન્યો. હેલન વૉલશિંગહામના ભાઇએ કિપ્સના પૈસાથી સટ્ટો ખેલ્યો હતો તેમાં એ સર્વસ્વ ગુમાવી ભાગી ગયો. આથી કિપ્સ દંપતીની સ્થિતિ છેક રસ્તાનાં ભિખારી બનવા જેવી તો ન થઈ, કેમ કે બીજે ચારેક હજાર પાઉંડ જેટલાં નાણાં રોકેલાં હતાં. કિપ્સે એમાંથી પુસ્તકની દુકાન ખોલી, ને મોટો બંગલો વેચી નાખી આ સંતોષી દંપતીએ નાના ઘરમાં સાદું અને સુખી જીવન શરૂ કર્યું. બીજી બાજુ કિપ્સનો જેમાં ચાર આની ભાગ હતો તે એના મિત્ર ચિત્તરલૉના નાટકને સારી સફળતા મળતાં કિપ્સ દંપતીને આર્થિક મુશ્કેલી અનુભવવી ન પડી.

અને જ્યારે કિપ્સ પ્રથમ પુત્રનો પિતા બન્યો ત્યારે તો એના આનંદનો પાર નહોતો. કિપ્સ શ્રીમંત તો રહ્યો પણ શ્રીમંતાઈની દંભી રીતભાતો શીખવાની એને હવે ઇચ્છા રહી નહોતી. એથી એ પોતાને સૌથી સુખી માનતો;–અને કદાચ એ હશે પણ ખરો.

જેના ઘણા પ્રસંગો આત્મકથાત્મક છે એવી, વેલ્સની આ નવલકથા દુર્વ્યયની કરુણાન્તિકાના એક પ્રકરણ સમી છે અને એ દ્વારા વેલ્સ એમ સૂચવવા ઇચ્છે છે કે દરેક ચીજનો થતો દુર્વ્યય અટકવો જોઇએ.

૨ ધ હિસ્ટરી ઑવ મિ. પૉલી



વેલ્સે જેને પોતાની સૌથી સંતોષપ્રદ નવલ કહી છે એવી આ સનાતન હાસ્યકથા, એનું શ્રેષ્ઠ સર્જન હોવા છતાં, નવાઈની વાત છે કે લોકપ્રિય નહિ બનેલી. જગતની ધાંધલ-ધમાલ સાથે પોતાનો મેળ નહિ બેસાડી શકેલા અને શાંત તથા તરંગી સ્વભાવના કથાનાયક આલ્ફ્રેડ પૉલીએ જગત સામે ભીડેલી બાથની આ કથા છે. આઘાત સાથે આનંદ આપે એવો વેલ્સનો નર્મ આ નૉવેલને મૌલિક, રમૂજી, સંવેદક ને વેદનાપૂર્ણ બનાવે છે. (અનુસંધાન પૃષ્ઠ ૩૨મે)

આત્મકથાનક-૫૯

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
રવિશંકર રાવળ

૨૭૭ ચિત્રસર્જકો અને પેઈન્ટરો

દિવાળીના દિવસો વીતાવ્યા બાદ પણ મનમાં ભાવિની ચિંતાઓ ભમરીઓ લેતી હતી. મારા બધા મિત્રોને જીવનની દિશા સાંપડી હતી ત્યારે મારી દિશાઓ બંધ થઈ ગઈ હતી. મસ્તરામ, હરભાઈ વગેરે કૉલેજમાં ભણતા હતા. તેમની વચ્ચે જતો ત્યારે ભાષા-સાહિત્યની અને પ્રોફેસરોની વાતો હું રસપૂર્વક સાંભળી રહેતો. એકાદ વખત એમ પણ ઉછાળો આવ્યો કે ફરી કૉલેજમાં બેસી જાઉં અને ગ્રૅડ્યુએટ થઈ જાઉં. બીજી તરફ બાર્ટન લાયબ્રેરીમાંથી 'આર્ટ જર્નલ'ની ફાઇલો ઉથલાવવા માંડી હતી તેમાંથી યુરોપની કળાપરંપરાનું વ્યાપક દર્શન થવા લાગ્યું હતું અને કળાની પણ એક વિશાળ સૃષ્ટિ છે એવું ભાન થતું હતું. પણ એ બધું મારા એકલાના જ મનમાં પ્રકાશ પાથરતું હતું; બહારની દુનિયામાં કોઈ પણ ઠેકાણે કળાચર્ચા કે કળાસાહિત્યનું નામનિશાન નહોતું, પછી કળાકૃતિઓનો સંગ્રહ તો ક્યાંથી હોય?

દિવાળી પહેલાં મેં કેટલાક મિત્રો માટે તેમના જીવનના ટુચકા બતાવતાં ચિત્રકાર્ડો કર્યાં. મારી સર્જકતાની ઊર્મિઓ બહાર આવતી પણ તે કાળે ચિત્રમાં સર્જનકાર્ય શું તેનો વિચાર કરનારા થોડા હતા. જેમની પાસે યુરોપના ચિત્રગ્રંથો હતા તેઓ એમ જ માનતા કે ચિત્રકળા યુરોપમાં જ છે; તેનું શિક્ષણ અને પ્રકાર એશિયામાં અશક્ય છે.

આથી ઘણા રાજવીઓ અને શ્રીમંતો દેશી ચિત્રકારોને યુરોપી ચિત્રોનું વેશાંતર કરીને ચિત્રો કરી આપવાનું ફરમાવતા, પણ તેમાં સફળતા થોડી જ મળતી. ચિત્રકાર અને ગ્રાહક બંને સમજતા કે ચિત્ર યુરોપી ખોખા ઉપર ગોઠવાયું છે. વળી દૃશ્ય, વસ્ત્રો કે ભાવાભિનયના અભ્યાસ વિના સર્જેલાં એ ચિત્રોમાં ભાવ કે ઊર્મિ પ્રકટ થતાં નહોતાં. છતાં યુરોપી ચિત્રોની નકલ કરવાની શક્તિ એ ચિત્રકાર માટે એક સિદ્ધિ ગણાતી. આ ધોરણને અનુસરી મેં ઘણી વાર પેન્સિલથી કે રંગથી યુરોપી ચિત્રોની સાદી નકલો કરેલી.

દેશમાં જે ચિત્રકારો હતા તે બધા જ ફોટોગ્રાફો પરથી મોટી છબિઓ કરનારા 'પેઈન્ટરો' જ હતા. તે પૈકી વઢવાણના નાનાલાલ જાની અને રાજકોટના છોટાલાલ તેજપાળનાં નામો આગળ આવેલાં. આ છોટાલાલ પોતાની તસવીરોમાં 'સી. તેજપાળ' એવી સહી કરતા. સી. તેજપાળે કરેલી ભાઈ પરમાનંદના પિતાશ્રી કુંવરજીભાઈ કાપડિયાની તસવીર તેમના ઘરમાં મેં જોએલી અને તેના કામની સારી છાપ મારા પર પડી હતી. આ બંને ચિત્રકારો રેલવેમાં ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરતા અને મોટા માણસો સાથે મુલાકાત કરી ઑર્ડરો (કામ) મેળવતા.

આ બંનેમાં કંઈક હરીફાઈ જેવું હશે, પણ સી. તેજપાળની રીત ન્યારી હતી. તેમના પિતા રાજકોટમાં પોલિટિકલ ખાતામાં ઊંચે હોદ્દે હતા એટલે તે ચોક્કસ રજવાડાં અને કૉલેજો કે શ્રીમંતોને નિશાનમાં લેતા. નાનાલાલ વળી રાજારજવાડાંમાં ચક્કરો દેવા માંડ્યા અને આજે કાઠિયાવાડ તો કાલે બિકાનેર, અને કોઈ વાર કાશ્મીર કે નેપાળ સુધી દોડ કરીને ખૂબ કામ લઈ આવતા, અને ઘર આગળ એકબે કુશળ કાર્ય કરનારાઓને રોકી, કામ તાબડતોબ તૈયાર કરાવી, ઉપર પોતાની પીંછીનો ઓપ આપી ગ્રાહકને પહોંચાડી દેતા. પ્રથમથી તે દીવાન કે પ્રાઇવેટ સેક્રેટરીને સાધી રાખતા અને ખાનગી રીતે તેમના ઘરની એકાદ બ્રોમાઈડ એન્લાર્જ ઉપર રંગ કરેલી છબિ ભેટ કરી આવતા એટલે પેલાઓ તેની સિફારસ કરી પૈસા અપાવતા. એ રીતે તેમણે લાખ



ડૉ. જટાશંકર

ઉપરાંતની કમાણી કરી હશે. એમની આ સફળતાથી લોભાઈને ઘણા ચિત્રકારો તેમના જેવો ઠાઠ કરી નીકળી પડતા, પણ એ કોઈમાં અભ્યાસ, સાધના કે સર્જનશક્તિ પ્રગટ્યાં નહોતાં.

૨૭૮ કમાવાનો પ્રશ્ન

મને મારા હિતસ્વીઓ કહ્યા કરતા કે તમે રાજાઓની તસવીરો કરો, કોઈ રાજ્યાશ્રય મેળવો; પણ મને મારા પિતાશ્રીનો મોભો અને મારી ઉદાત્ત ભાવનાઓમાં તે રુચિકર બનતું નહિ. કોઇને ત્યાં જઇને કામની માગણી કરવાની ભોંઠપ મને અસહ્ય લાગતી; એટલે જો હમણાં મારાથી મુંબાઈ જવાય એમ ન હોય તો મારે શું કરવું તે પ્રશ્ન હતો. મારે કાંઈક કરવું તો જોઈએ. મારા મિત્રો પોતપોતાની દિશામાં આગળ જઈ રહ્યા હતા, પાછળ હતા તે પણ સડસડાટ ઉપર આવી રહ્યા હતા. કોઈ દાક્તર થવાનો હતો, કોઈ વકીલ બનવાનો હતો, કોઈ ઈજનેર થવા પૂના પહોંચી ગયો હતો. હું પણ કદાચ એમાંના કોઈની સાથે હોત. મારી નિરાશાઓ મને ઘણી વાર દિવાસ્વપ્નોમાં ગુમ કરી દેતી. એ કાળે હેલીનો ધૂમકેતુ દેખાવા લાગ્યો હતો તેના વર્તારા ચોપાનિયાંમાં પ્રકટ થતા કે અમુક તારીખે તે પૃથ્વીના વાતાવરણને અથડાતાં પૃથ્વીનો વિનાશ થશે. મને થતું કે ઠીક થાય; સૌની બધી ચિંતા અને વાસના એકસાથે ઊડી જાય! પ્રત્યેક રાત્રે ધૂમકેતુનું સ્થાન શોધી જોઈ રહેતો. વર્તારાની તારીખે હું ઝબકીને બૂમ પાડી ઊઠ્યો હતો કે, 'ઊઠો, થોડી જ વાર છે!' અને એમ કહી મળસ્કાના અંધારામાં હેલીને જોવા દોડ્યો હતો. પણ કંઈ જ ન બન્યું અને હેલી ધૂમકેતુ ચાલ્યો ગયો.

મને થયું કે મારા સમયનો કંઈક ઉપયોગ કરવા હું દક્ષિણામૂર્તિ ભવનમાં રજાના દિવસોમાં વિદ્યાર્થીઓને સારું ચિત્રકામ શીખવું તો? નાનાભાઈ ભટ્ટે એ વાતમાં મને ઉત્તેજન આપ્યું અને મેં વિદ્યાર્થીઓ વચ્ચે શિક્ષણના પ્રયોગો શરૂ કર્યા. આ ચિત્રકામ માત્ર હાથ ને આંખને વ્યવસ્થિત તાલીમ આપવા પૂરતું હતું. એ કાળે શિક્ષણમાં સર્જકતા ખીલવવાના પ્રયોગોને સ્થાન નહોતું. દરેક શિક્ષણના પાઠો પ્રૌઢો આપે તે જ વિદ્યાર્થીઓએ પઢી લેવાના હતા. ચિત્રકામના શિક્ષણ માટે પણ એક ખોખું બનેલું હતું. મેં તે વખતે મારા મનથી જ સુંદર અક્ષરો લખવાનો પ્રકાર પહેલો મૂક્યો ને વિદ્યાર્થીઓને તેમાંથી આકાર, પ્રમાણ અને રંગની મર્યાદા સમજાવી. મારા એ વર્ગમાં દક્ષિણામૂર્તિ ભવનના પહેલી હરોળના વિદ્યાર્થીઓનો મને પરિચય થયો હતો.

૨૭૯ કાચી બુદ્ધિનો અખતરો અને પશ્ચાત્તાપ

પાલીતાણામાં ચિત્રશિક્ષક થવાનું સ્વપ્નું અળપાઈ ગયું તેની વાત અગાઉ આવી ગઈ છે. હવે હું શું કરું? મારા કરતાં નબળી સાધનાવાળાઓ ધંધાદારીઓ બની કંઈ ને કંઈ કમાતા હતા. હું સુખી

> આજકાલ આપણા જીવનમાંથી મહેનત છૂટતી જાય છે. જૂના જમાનામાં કામ ન કરે તેની મશ્કરી થતી; આજે કામ કરે તેની મશ્કરી થાય છે. આ આજનો રોગ છે. તે મટાડવો જોઈએ. તો જ શરીર તથા મન તંદુરસ્ત અને ખડતલ બને. માતા-પિતાએ બાળકોના ઘડતરમાં ફાળો આપવો જોઈએ. બાળક કોઈકનું કામ કરીને આવે તો ધન્યવાદ આપવો જોઈએ. બાળકોને સારાં બનાવવાની ચાવી માતાઓ પાસે છે. શિક્ષક તો બોજો ચડાવનારો છે, ટેકો કરનારો છે; મૂળ બોજો તો માતા-પિતાએ જ ઊંચકવાનો છે. ઓછી જરૂરિયાતવાળાં અને વ્યસનમુક્ત બાળકો માતાપિતા જ ઘડી શકે.
>
> (રવિશંકર મહારાજ)

ઘરમાં છું એમ જાણી કોઈ મને કામ આપવાની દરકાર બતાવતા નહિ, અને સામેથી કામ માગવા જતાં મને મોભો ને સિદ્ધાંત આડે આવતા હતા. એ વખતે કામમાં તો માત્ર લોકોને તેમની કે તેમના કુટુંબની છબિઓ કરી આપવાનું જ રહેતું, અને તેમાં ચહેરો મળતો આવ્યો એટલે પાર પડતું. મને એટલું તો સુસાધ્ય હતું, પણ 'હું પોસ્ટમાસ્તરનો દીકરો, ગામના માણસોની છબિઓનાં દળણાં કરું?' એમ મન પાછું પડતું હતું. કોઈ સંબંધીજનોનું કામ કરતો ત્યારે તેના પૈસા માગતાં ક્ષોભ થતો હતો. પણ હવે મારે કંઈક કરવું તો જોઇએ, એમ થઈ ગયું.

મારા મોટા ભાઈના એક મિત્ર મહારાજા સાહેબના અંગત સેક્રેટરી બન્યા હતા. તે એક વાર ઘેર આવી ચડચા. દરબારી ગાડીમાં ભાવનગરી પાઘડીના ઠાઠમાં તેમનો હોદ્દો મને ભારે લાગ્યો. તેમણે મારું કામ જોઈ એકદમ કહ્યુ : 'રવિભાઈ, તમારે મહારાજા સાહેબને મળવું જોઇએ. એક કામ કરો. મહારાજા સાહેબને શિકારનો શૉખ છે. શિકારનું કોઈ ચિત્ર કરો. પછી તે સાથે હું તમને મહારાજા સાહેબની ભેટ કરાવીશ.'

શિખામણ આપનારને મારી શક્તિનો શો યે ખયાલ હશે; પણ મને આવો સહારો આપનાર મિત્ર મળી ગયો તો મારે કંઈક પુરુષાર્થ કરવો જ એમ વિચારી, મેં બીજા ચિત્રકારો કરતા તે રીતે, અંગ્રેજી પ્રકાશનોમાંથી શિકારના પ્રસંગોનાં ચિત્રો શોધવા માંડચાં. અંતે જૂના 'ઈલસ્ટ્રેટેડ લંડન ન્યૂસ'માંથી વાઘના શિકારનું એક ચિત્ર હાથ લાગી ગયું. મને જોઈતું ખોખું મળી ગયું. વાઘ તો એમાંનો ચાલે જ. તેણે એક જંગલી માણસ પર તરાપ મારી હેઠો પ્રાડચો હતો. અને બાજુથી શિકારી સાહેબ બંદૂકથી નિશાન લેતો હતો. સાહેબની જગ્યાએ મેં મહારાજા સાહેબનું પાત્ર ફોટોગ્રાફોમાંથી ઉતારી લીધું. દોઢેક માસમાં મારો કૅનવાસ ચીતરાઈ ગયો એટલે મેં સેક્રેટરીને વાત જણાવી.

એમણે ઘણા ઉમંગથી પોતાની દરબારી ગાડીમાં મારા ચિત્ર સાથે મને નીલમબાગ પૅલેસ પર લઈ જઇને મહારાજા સાહેબને મળવાના વરંડાની બાજુમાં બેસાડયો. પછી તેમણે સહીઓ કરાવવાની ફાઇલો લઈ હીંચકા પર ઝૂલતા મહારાજા સાહેબ સામે ઊભા રહી વિનયથી કાગળોમાં સહીઓ કરાવી લીધા બાદ મારે વિષે કંઈક કહ્યુ અને મને પાસે આવવા સૂચના કરી. હું ચિત્ર લઈ સામે ગયો અને ઉપરનું કપડું ખોલ્યું. અનુભવી શિકારી મહારાજા મારા ચિત્રની અણઘડતા અને કૃત્રિમતા સમજ્યા વિના રહે? તુરત બોલી ઊઠયા : 'નૉન્સેસ! એ બૅડ પિક્ચર. ટેઈક ઈટ બૅક!' મારી તો ધરતી ખસી પડી! જેમતેમ કપડું ઢાંકી ચિત્ર લઈ હું કારભારીની ગાડી તરફ ચાલ્યો ગયો. તેમણે મને ઘેર પહોંચાડયો એવો જ હું સીધો ઘરમાં ચાલ્યો ગયો. કોઈની સાથે વાત કરવાનું જિગર રહ્યુ નહોતું તે દિવસે મનમાં ગાંઠ વાળી કે કોઈના બારણે કામ માગવા કે કામ આપવા ન જવું. મારી યોગ્યતા વિચારીને કામ ઘેર બેઠાં મળશે તે જ હું કરીશ.

૨૮૦ પિતાની હૂંફ

ઑફિસ-કામથી પરવારી પિતાશ્રી ઉપર આવ્યા ત્યારે તેમણે મારી દશા જોઈ લીધી. બહુ જ શાંતિથી તેમણે કહ્યુ : 'એનો વધુ વિચાર ન કરવો. તને ઠીક થાય ત્યારે મુંબાઈ જઈ તારો કોર્સ પૂરો કરવા સગવડ કરીશું.' મેં મુંબાઈ ધુરંધર માસ્તરને પત્ર લખેલો કે મારે કોઈ રીતે મુંબાઈ આવીને આગળ વધવું છે. તેનો જવાબ આવી ચૂક્યો હતો કે સપ્લિમેન્ટરી ટર્મ પછીની નવી પરીક્ષા માર્ચમાં થઈ જાય તે પછી બીજા વર્ષમાં જ બેસી મારે કામ વધુ પાકું કરવું.

એમાં, આ નીલમબાગની મારી મુલાકાતનો કારમો અંજામ મને કારી ઘા સમાન લાગ્યો. પેલા ચિત્ર ઉપર મેં લપેડો ભૂસી દીધો. ભાવનગરમાં રહેવું કે ફરવું મને આકરું થઈ પડચું. પિતાશ્રીએ મારી બેચેની જાણી લીધી અને મુંબાઈ સિવાય ઠીક પડે ત્યાં જવા તેમણે અનુમતિ આપી, મને ત્યારે મારી સાધનામાં ઉત્સાહ અને પ્રગતિ મળે એવું સ્થાન વડોદરા લાગ્યું. વડોદરા તો મેં અગાઉ જોયું હતું, એટલે ડૉ. જટુભાઇને મેં લખ્યું કે વડોદરા કળાભવનના કળાવર્ગમાં મને પ્રવેશ મળે અને ત્યાંના છાત્રાલયમાં જગ્યા મળે તો એક ટર્મ કરવા હું ત્યાં આવવા માગું છું. તેમનો તુરત ઉત્તર મળ્યો કે એક વાર અહીં આવી જાઓ, પછી બધું થઈ રહેશે. એ કાગળના તંતુએ મને હિંમત આપી. મેં ગમે તે સંકટો હોય તો પણ વડોદરા જવાનો નિર્ણય જાહેર કર્યો. ડૉ. જટુભાઈના પત્રથી મારા પિતાશ્રીને પણ નિરાંત થઈ. શરત એ કરી કે જટુભાઇને જરા પણ બોજા રૂપ થવાય નહિ તેની મારે કાળજી રાખવી.

૨૮૧ વડોદરા કલાભવનમાં

૧૯૧૩ની ૨૧મી જૂન ને શનિવારની સાંજે મેં ભાવનગર છોડચું. સતત આઠ કે દસ માસ સુધી કુટુંબની હૂંફમાં રહ્યા પછી એકદમ વિખૂટા પડી નીકળવું કોને દિલગીર ન કરે? પણ હવે એ સિવાય જીવનની ઉન્નતિનો બીજો માર્ગ જ નહોતો. એકવીસ વર્ષના યુવાન પાસેથી જે આશા રાખી શકાય તે બધી પાર પાડવાનું કર્તવ્ય સામે આવી ઊભું હતું. રવિવારે સવારે વડોદરા પહોંચ્યો ત્યારે ડૉ. જટાશંકરભાઈ જાતે સ્ટેશન પર હાજર હતા. રામજીમંદિરની પોળમાં તેમને ઘેર મને સ્નેહપૂર્વક આદર મળ્યો. પહેલું કામ કળાભવનમાં દાખલ થવાનું હતું. કળાભવનના ચિત્રવર્ગના શિક્ષક ફૂલચંદભાઇને ઘેર અમે ગયા. એ વખતે તેમનાં પત્ની ખાટલે બીમાર હતાં. તેમની તબિયત જોઈ દાક્તરે દવા લખી આપી, એટલે ફૂલચંદભાઈ તો ખૂબ અનુકૂળ થઈ ગયા. આ રીતે જટુભાઇએ મારો હાથ પકડા સાથ આપ્યો. ત્યાંથી નીકળી અમે સેંટ્રલ લાયબ્રેરીમાં ગયા. એ સમયે એ લાયબ્રેરીનું કામ ધૂમ વિસ્તર્યું હતું. ચોપડીઓની ગલીઓમાં જઈ માણસો પોતાની મેળે મનમાનીતી ચોપડીઓ લઈ આવતા હતા. એટલી બધી ચોપડીઓ અને સેંકડો ચોપાનિયાં કોઈ પણ જ્ઞાનપિપાસુ માટે આ પ્રકારે ખુલ્લાં અને મફત વાંચવા મળે એ મારા માટે એક નવા સ્વર્ગ જેવું હતું.

બીજે દિવસે સોમવારે સવારે હું દાક્તર સાથે ડફરિન ઑસ્પિટલે ગયો. હવે તેમની કામગીરી ત્યાં બદલાઈ હતી. ત્યાં બધું જોઈ કલાભવનમાં ગયો અને સાંજ સુધીમાં મારું નામ દાખલ કરાવી દીધું. વળી જટુભાઈ પર મારો બોજો કોઈ રીતે પડે નહિ તેમ રહેવાની મારી મોટી ચિંતા

હતી, એટલે સ્કૂલની બૉર્ડિંગ (છાત્રાલય) જોવા ગયો; પણ તે સ્કૂલથી ઘણી દૂર હતી, અને હવે તો ત્યાં કોઈ નવા વિદ્યાર્થી માટે જગ્યા પણ નહોતી. પરંતુ ભાવનગરના એક મોહનલાલ પંડ્યા ઓરડી રાખી આર્ટ સ્કૂલમાં ભણતા હતા તેની સાથે રહેવાનો મેં વિચાર કર્યો. આ વાત જટુભાઈ આગળ કરી ત્યારે તે હસી પડ્યા: 'ગાંડા, તને ખબર છે? અમે નાના હતા ત્યારે ભાવનગરમાં તારે ઘેર રહી ભણ્યા હતા. તારાથી આ ઘર મૂકી જવાય જ નહિ.' પોતનાં પત્ની સાથે એમણે મારા વિષે સમજણ કરી લીધી જ હોવી જોઈએ. કુટુંબના પૂર્વના સંબંધોની સ્ત્રીઓને ખબર હોતી નથી, એટલે ઘણી વાર આપ્તજનો માટે ગેર-સમજ થાય છે, તે ભયે હું દૂર રહેવા માગતો હતો. પણ હવે નિર્ણય કરી જ લેવો પડ્યો. ગમે તેની સાથે હું નિભાવી શકીશ એવી મારી ખાતરી હતી. મેં મારા પિતાશ્રીને લખી મોકલ્યું કે મને દર મહિને જે ખર્ચ મોકલો તેનો મનીઑર્ડર જટુભાઈ ઉપર જ કરજો; મને જોઇશે તે હું તેમની પાસેથી માગી લઈશ. એમ કરી મેં સર્વ પ્રકારે એમની મુરબ્બીવટ સ્વીકારી લીધી. જટુભાઈને કોઈ નિકટના મિત્રો ન હતા; જરૂરિયાત પૂરતા જ થોડા સંબંધો હતા. પણ તેમનો નિજાનંદ હાર્મો-નિયમ વગાડવામાં ખીલતો. તેમાં કાવ્યસાહિત્યનાં કોઈ પદો તો મળે નહિ, પણ મોરબી અને વાંકાનેર નાટક કંપનીનાં ગાયનો તેમના ભારે કંઠથી ગજાવતા. એ કાળે વડોદરામાં શ્રીમંત સરકારે સંગીતશાળા ખોલી દીધી હતી અને સંગીતસમ્રાટ ફૈયાઝખાં તેના મુખ્ય નાયક હતા; પણ ડૉક્ટર જટુભાઇને શાસ્ત્રીય સંગીતનો શૉખ સ્પર્શ્યો ન હતો.

વડોદરામાં મારી મનની સ્વસ્થતા મુંબાઈ કરતાં વધારે હતી, એનું કારણ એ પણ હોય કે મને સારું આશ્રયસ્થાન મળી ગયું હતું. મન ઘણું ભરાઈ આવે ત્યારે ખૂબ લખતો. એમ છતાં પણ સમય બચતો એટલે બહાર જઈ લોકજીવન ને નિસર્ગનાં ચિત્રો કરવાનો પણ નિયમ રાખ્યો. સ્કૂલ તો ઓછું જ લાગી. મુંબાઈની એક ડબલ રૂમ જેવડી લાકડાની કૅબિન, જે એક વાર ફોટોગ્રાફીનો સ્ટુડિયો હતી, તેમાં આઠેક વિદ્યાર્થીઓ એક બાજુ ઊંચી કરેલી બેઠક પર બેઠેલા માનવપાત્ર પરથી ડોકાનું ચિત્ર કરતા હતા. મરજીમાં આવે તે રીતે દરેક જણ ચિત્ર કરતો. વચ્ચેવચ્ચે ફૂલચંદ માસ્તર એક બીજો વર્ગ સંભાળીને આછી નજર ફેરવી જતા. સામે બેઠેલી ડોશીનું ડોકું તૈલરંગોથી મેં પદ્ધતિસર કર્યું ત્યારે ત્યાંના વિદ્યાર્થીઓ જોઈ જ રહ્યા. એમની રીત તો પશ્ચાદ્ ભૂ પૂરી ભરીને, ડોકાનાં રંગો પૂરી, પીછીથી તેની છાયાઓ ઘૂંટવાની હતી. મારી પદ્ધતિ, દરેક આકારની સપાટી બદલાતાં તેના રંગ ને છાયા જે બદલાય તેનાં માપ ને વિસ્તાર પ્રમાણે રંગના ચપકા પીછીથી મૂકવાની હતી. આ શૈલીમાં છાયાઓ ઘૂંટેલી ન લાગે, પણ રંગનાં પતીકાં મૂક્યા હોય તેવું લાગે; પરંતુ તેમાં ચહેરા પર બદલાતી સપાટી પ્રમાણે દરેક રંગ જુદો તૈયાર કરવો પડે, ને કામ જરા ધીરું પણ ચોક્કસ થાય. તેને ઘૂંટીને ગોળાઈ કરી નાખવાનું તો સાવ સહેલું હોય છે, પણ શુદ્ધ પ્રકાશ-માન રંગોના છૂટા ચપકાનું કામ કદી કાળું પડતું કે તેજ ગુમાવતું નથી.

મારું ચિત્ર પૂરું થયું ત્યારે ફૂલચંદ માસ્તરે પણ બધા વિદ્યાર્થી-ઓને કહ્યું કે ઑઇલ પેઇન્ટિંગનો ખરો અભ્યાસ આ રીતે થઈ શકે. એ તો એટલા ખુશ થયા કે હેડમાસ્તર રામશંકરભાઈ જે આર્કિટેક્ચરનો વર્ગ સંભાળતા હતા તેમને તેડી લાવ્યા. એમણે જ્યારે જાણ્યું કે હું ગજુભાઈ પાઠકનો મિત્ર છું, ત્યારે ખૂબ જ આનંદ પામ્યા; કારણ કે ગજુ-

સ્વામી આનંદનાં લખાણોની ગ્રંથમાળા

સ્વામી આનંદ સંતમતના રામકૃષ્ણાનુયાયી સાધુ છે. મુંબાઈ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર હિંદ ને ઉત્તરાખંડના પહાડોમાં અનેક સંસ્કારી કુટુંબોમાં વડીલ કે ગુરુજનને નાતે જાણીતા છે. દેશનાં રાજકીય-સામાજિક આંદોલનો તથા હરિજન, આદિ-વાસી કે વિપદ્ગ્રસ્તોની સેવાનાં ક્ષેત્રોમાં, એમણે દેશના સર્વ-શ્રેષ્ઠ વડા નેતાઓ જોડે સાથી તેમ જ સેવકને નાતે અરધી સદીથી વધુ સુધી દેશની ને સમાજની ઊંચી સેવાઓ કરી છે.

એંશી ઉમરે પહોંચેલા સ્વામી ઊંચી હરોળના વિચારક અને લેખક છે. હિંદી, મરાઠી, ગુજરાતી, અંગ્રેજી સરખી જ આ-સાનીથી બોલેલખે છે. વિશેષ કરીને ગુજરાતી જ પોતાની આગવી શૈલીમાં લખે છે. અવારનવાર સામયિકોમાં પ્રગટ થતાં એમનાં લખાણોનો જરાતરા આસ્વાદ પામીઊભો થએલો એવો એમની કલમનો ચાહક વર્ગ વર્ષોથી ગુજરાતમાં છે.

એમનાં છેલ્લાં ૩૦-૩૫ વર્ષનાં લખાણો (નિબંધો, ચરિત્ર-કથાઓ, ચર્ચા-અવલોકનો, પ્રસ્તાવનાઓ, રજૂઆતો, મુક્ત અનુવાદો કે સંક્ષેપો વગેરે)નો સંગ્રહ એક મધ્યસ્થ ટ્રસ્ટ સમિ-તિના અંકુશ તથા ઘટતા સંપાદન હેઠળ, એકધારા કદ કાગળ છાપ તથા બાંધણીવાળી પુસ્તકમાળા રૂપે પ્રગટ કરવાની યોજના 'બાલગોવિંદ પ્રકાશન' તરફથી કરવામાં આવી છે. એમાં સુઘડ છાપેલાં દરેક આશરે ૨૦૦ કે વધુ પાનાંનાં, પાકી બાંધણીનાં આશરે ૧૨ પુસ્તકો થશે; ને તેની વેચાણકિંમત, ટપાલ, રજિસ્ટ્રી, પૅકિંગ અથવા બીજી ખરાજાત મળી કુલ્લે રૂ. ૧૨૦ની આસપાસ થવા જશે. તા. ૩૦મી જૂન ૧૯૬૭ સુધીમાં રૂ. ૧૦૦ એકસામટા અગાઉથી ભરીને હાલની યોજનાના સભ્ય થનારને યોજના હેઠળ પ્રગટ થનારું દરેક પુસ્તક દર વેળાએ ટપાલ-રજિસ્ટ્રીથી અગર બીજી રીતે કશી વધુ ખરાજાત વગર ઘેરબેઠાં પહોંચતું કર-વામાં આવશે. રસ ધરાવનારાઓએ નીચેને સરનામે પત્રવ્ય-વહાર કરવો: બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

ભાઈએ થર્ડ ગ્રેઈડ અને આર્કિટેક્ચરનું પહેલું વર્ષ તેમની પાસે કર્યું હતું.

સ્કૂલમાં વાત ફેલાઈ ગઈ કે મુંબાઈથી આવેલો એક વિદ્યાર્થી નવી રીતે ચોટદાર કામ કરે છે. હું તો ઉજ્જડ વનમાં એરંડો બની ગયો, પણ મારા સાથીદારોમાં ટીકા થવા લાગી કે, પોર્ટ્રેટના ધંધામાં તે આ રીત ન ચાલે. મિ. માહુલીકરના ચહેરા સ્વચ્છ અને ફોટોગ્રાફ જેવા ઘૂંટેલા થાય છે એવું કામ થવું જોઈએ. માહુલીકર તે સર્વેમાં આગળ પડતા વિદ્યાર્થી હતા. તેમનું નિશાન ફોટોગ્રાફી અને ફોટોગ્રાફી પરથી સારાં પેઇન્ટિંગ થાય એટલો જ અભ્યાસ કરવાનું હતું. કળા અને અભ્યાસ બાબત મારાથી તેમનો મત હમેશાં જુદો પડતો, પણ એક બીજાનું કામ જોવા અમે હમેશાં ઇંતેજાર રહેતા. માહુલીકર એક વાર મને પોતાને ઘેર લઈ ગયા ત્યારે જાણ્યું કે તે ભણવાની સાથે ફોટો-ગ્રાફરો તેમજ ગૃહસ્થો પાસેથી ચિત્રકામ લઈ આવતા અને કમાણી કરતા; તેમજ પોતે પણ થોડી ફોટોગ્રાફી કરતા. વર્ગના કામમાં તે લગભગ બેપરવા રહેતા અને મોડા-વહેલા આવતા. (ચાલુ)

ઇધર-ઉધર

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા

યુગોસ્લાવિયા, રુમાનિયા, બલ્ગેરિયા. ગ્રીસ અને વચગાળે ઑસ્ટ્રિયા હંગેરી કુદાવી ચેકોસ્લોવાકિયાનાં થીએટરો પણ કંઈ તોલમાપમાં ઊણાં ઊતરે એવાં નથી. પ્રાગમાં પોલૅંડની કારુણિકા, પૂર્વની મદીલી મસ્તી અને હંગેરી ઑસ્ટ્રિયાનો છટપટાટ નસેનસમાં ઊભરાતો જોવા મળશે. કીવ અહીંથી બહુ આઘું નથી. જ્યૉર્જિયા એટલે અનેકના મતે અસલ ગૂર્જરોનો પ્રદેશ. ત્યાંનો દિમાગ પણ પ્રાગમાં તરવરતો જણાશે.

યુરોપની રંગભૂમિ ખૂંદવી જ હતી અને ખૂંદવા નીકળ્યા એટલે થયું 'ખૂંદો બે!', જે થવાની હોય તે થાય! રુમાનિયામાં, સૌથી પહેલાં ફિનલૅન્ડમાં મળેલી, આના કારીનાના પાઠમાં પ્રખ્યાત થએલી દીના કાસા; અને પ્રાગમાં, અધ્ધર ટટ્ટાર ચાલતો, ખુમારીના મિનાર જેવો આટા, અમારી સાથે હળીમળી ગએલો નૅાસીમાં; અને લાઈપઝિક કૉન્ફરંસમાં મળેલો મુલાયમ દિમાગનો એમિલ ફ્રેલીહ; ત્રણત્રણ રંગભૂમિના ઉસ્તાદ મિત્રો પડતો બોલ ઝીલવા તૈયાર હોય ત્યાં ઍથેન્સથી માંડી પ્રાગ, અને આગ વેનિસથી માંડી બુખારેસ્ટનો ચોકડીદાવ રમી નાખવાનું બીડું કેમ નહિ ઝડપવું? ઝડપ્યું જ; અને તે વગર મુસીબતે પાર પણ પાડી શકાયું એટલું જ નહિ, પણ યુરોપમાં એ વિભાગમાં આપણા તરફની આત્મીયતા વધારે મુકરર જણાવા લાગી એથી આનંદ પણ થયો. બુડાપેસ્ટમાં તો રોજના ચાળીસ-પચાસ કૉફીના કપ પર જીવનારો, રળિયામણા વાળવાળો અમારો દોસ્ત હૉન્ટ, અમારી સભાઓમાં મધુરું ફ્રેન્ચ તો બોલે, પણ વ્યાકરણ ટોલ્લે મૂકી અંગ્રેજી પણ હાંકયે રાખે, એટલે એને સમજવામાં વાર લાગે જ નહિ. હૉન્ટ મહાશયને જોતાં જ આખા બુડાપેસ્ટ શહેરનો ખયાલ આવી જાય, નાટકની નજાકતનો નકશો ખડો થઈ જાય. મહેનતુ અને મદીલો, હસમુખો અને હઠીલો હૉન્ટ જો વાદે ચડયો, તો અડયો ત્યાંથી હઠે એ બીજો. નૅાસીની ચકાસણી સભામાં એ બેસે ખૂણામાં, અને આંખમાંથી કૉફીનું કૅફિન ટપકતું હોય; પણ જો અભિનયની આંટીઘૂંટીની વાત આવી, વાસ્તવિક કે રોમાન્ટિકનો ભેદ ચર્ચાયો, તો હૉન્ટનો બધો કૉફીનો નશો ઊતરી જાય અને વાઈનની તાજગીમાં ચકમકી ઊઠે! પાછલી ખુરશી ખેંચી આગળ આવે તે પહેલાં, 'નોઓઓઓ'નો પડઘો ઊઠે. એના અવાજમાં જ રણકો; લાગે કે રંગભૂમિ ખેલ્યો હશે. અને પૂછું છું તો માળો ડૉન કિહોટેથી માંડી મોલિયેર-ઈબસનના પાઠો ટપકોરી જાય. 'બટ આઈ લાઈક ચૅકોવ. મેતા! આરામથી બેસી મનમાં અભિનય કર્યા કરવાના જે મજા આવે છે તેવી બીજા કશામાં નથી આવતી. મારા દીમાગને એની લેણદેણ છે. બેઠાં બેઠાં મારા ગાલ હાલી ઊઠે, નસકોરાં વિસ્ફારી ઊઠે, અને આંખો કુદરડી ફરવા માંડે, ત્યારે મારી સામે ઊભેલા જે કોઈ હોય એને હું આંટી જવામાં જીવડો હોડ પર લગાવી દઉં. તમે આવો બુડાપેસ્ટ, હું તમને મારામાં પચેલો ચૅકોવ બતાવું.'

બુડાપેસ્ટમાં ચેકોવ જોયો ભાઈ! અને જીવડો છક થઈ ગયો.

બુખારેસ્ટથી અમે જરા ઊંચે ગાલાટી ગએલા: દીના કાસા જોડે. રતાશ પડતા આરસની કણકમાંથી ઘડેલી બાઈ; નાકના ટેરવાનો મરોડ ભલભલી પોપટીનાં માન મુકાવે; તખ્તા ઉપર ઝળકી તો ભલભલાનાં ભાન ભુલાવે. એનો આના કારીનાનો પાઠ જોવા ન મળ્યો. બુલ્ગેરિયામાં વળી નવો ઠાઠમાઠ છે. સોફિયામાં ઈસ્લામની અસર વધારે લાગે. પણ ખુદ ગુજરાતનો થોડોઘણો લહાવો માણવો હોય તો યુગોસ્લાવિયાનાં ગામડાંમાં હરતાફરતો. મારીબોર નામે નાનું ૬૦-૭૦ હજારની વસ્તીનું એક બે ચૉકનું ગામ; આસપાસ બરફથી ચમકતા ઘાટીલા ડુંગરા; દ્રવી રહેલી દ્રાવા નદીની આસપાસ જામેલી વસ્તી; ત્યાં એક નાનકડા પણ સ્વચ્છ ઘરમાં એમિલ ક્રેલિક રહે. યાન્યા એની વહુ. વર મુંબાઈમાં હરીફરી ગએલા, પોતાના દેશના એક વહાણમાં છેક જાપાન સુધી સફરે ચડેલા; એટલે ઘરમાં દાખલ થતાં જ યુગોસ્લાવિયાનું કશું ન દેખાય; બધો જ અસબાબ એશિયાઈ. ભલો, ભોળો, હસમુખો, ભાવથી ભરપૂર એમિલ. લાલુ શાહ અને ચન્દ્રિકા શાહની જ વાતો કરે: 'મને મુંબાઈમાં એ લોકોએ ઘણાં નાટકો બતાવ્યાં હતાં, મારી ભરીભરી મહેમાની કરી હતી. તમારાં નૃત્યો, તમારો પહેરવેશ, તમારી શિલ્પસમૃદ્ધિ, અદ્‌ભુત! જુઓ આ ફોટોગ્રાફો.'

નાનકડા મારીબોરમાં થીએટર હોય તો બેલગ્રેડ ઝાગ્રેબમાં તો હોય જ. નજીકના લુબલિયાનામાં યે હોય. વચ્ચે આડ્રિયાટિક દરિયો. પણ ઈટાલી-યુગોસ્લાવિયાની પ્રજામાં ફરક ભારે. દિમાગ, દીદારમાં ફેર. એમના માનસ સાથે આપણો મેળ સારો ખાય. સ્પેન આઘું, છતાં અસ્પાનિયા ઈટાલિયાના વધારે નિકટ. ટાગોરનાં નાટકો અહીં સારા પ્રમાણમાં ભજવાએલાં. અલબત્ત, શૂદ્રક કાલિદાસ તો લોકપ્રિય ખરા જ. વસંતસેના બીજા કરતાં વધારે ભારતીય અહીં લાગી. ચિત્રાંગદા કરવા જિગર કરેલી, અને તે સારી રીતે. મારા ભાષણોમાં ક્યાંક અંગ્રેજી શબ્દોની એમને મૂંઝવણ થાય તો તે સમજાવવા બ્રેડા પુગ્લેવા હાજર રહેતી. બ્રેડા એમની એક સારી નટી. ઊંચા ખમીરની ખાનદાન બાઈ. દેખાવડી, પાઠની સમજદાર, બે બાળકની મા, દાદીમા પાસે મૂકી રોજ નાટક ખેલે. વર મારીબોરની બહાર નોકરી કરે, અવારનવાર આવે જાય. એક દિવસ એટલે કે છેલ્લે દિવસે એમિલને ત્યાં રાતે જમવાનું. હું ત્યાં જ રહેતો. ત્યાં બ્રેડા ગૂડ બાઈ કહેવા આવી. સાત વાગ્યે આવી, સાડા સાતે ગઈ. સાડા આઠે પાછી આવી, દશે પાછી ગઈ. સાડા દશે પાછી આવી, અગિયાર સુધી બેઠી. મેં પૂછ્યું કે કેમ આમ કર્યું? તો કહે, સામે થીએટર; એનો પાઠ પહેલા અંકમાં અને ત્રીજા અંકમાં; વચગાળે ખાલી. એનો પ્રોડયુસર એમિલ. એની રજા લઈ વચ્ચેનો ગાળો આખો એમિલને ત્યાં આવી. પાઠ તો અલબત્ત મોઢે, પણ છ દિવસમાં કેટલી માયા બંધાણી હશે! અને રાત્રે જતી વખત ગૂડ બાઈ તો કહેતી જ નથી. બીજે દિવસે રવિવારે બાર વાગ્યે મારે ટ્રેઈનમાં મારીબોરથી ઝાગ્રેબ પ્લેન પકડવા જવાનું, ઘેરથી પોતાની મોટર લઈ, અગિયારે આવી, બધાંને સ્ટેશન ઉપર લઈ ગઈ. યાન્યા અને એનો વર એમિલ; અને ઉપરાંત બીજે ફેરે બીજી નટનટીઓને લઈ આવી. અને ગાડી ઊપડતાં પહેલાં ફૂલનો ભારીખમ છોગો મને આપી રહી. એની આંખમાં પાણી દેખાતાં હતાં. એમિલ તો ગાડી ઊપડતાં પહેલાં પઠાણી ઢબે ભેટયો. બ્રેડાએ નજીક આવી, બે હાથ જોડી, નમી આશીર્વાદ માગ્યા. મારે વચ્ચે ગાડી બદલવાની, તે ગાર્ડને કહી આવી હશે, અને વળી ટિપ પણ આપી હશે, તે ગાર્ડસાહેબ જાતે આવી, મારી બૅગ લઈ બીજી ગાડીમાં મૂકી આપી. મેં ગજવામાં હાથ નાખ્યો, તો કહે: 'ન ન ન, માદામ હૅઝ ટિપ્ડ મી, થૅન્ક્સ. યુ આર અવર ગેસ્ટ.' કેટલી ત્રેવડ કરનારી આ બાઈ! શી માયા બંધાણી હશે! ગાડી ઊપડી ત્યારે તેની ઝડપ સાથે જ્યાં સુધી પોતાની ઝડપ વધારી શકાઈ ત્યાં સુધી જાણે હવાદોરે ખેંચાતી આવતી હોય એમ પ્લૅટફૉર્મના છેડા સુધી આવી, રૂમાલ ઉડાડતી ગૂડ બાઈ કરતી, એ બ્રેડા. કહો કે ન કહો, પણ પ્લેન ઊપડતાં જેવી વિદાય નથી અપાતી, એના કરતાં અનેકગણી રેલવે ટ્રેઈન પરની વિદાયમાં ભાવ છે, રંગત છે, રોમાન્સ છે, જીવ છે; એ થકી એ વધારે હૃદયદ્રાવક છે. રેલને પાટે પાટે જ દ્રાવા નદી પણ વળગતી વહી રહી હતી. (ચાલુ)

અતીતનાં પુષ્પો

ધનસુખલાલ કૃ. મહેતા



→ ગરજી

વઢવાણમાં તાબૂતનો વખત આવે એટલે બિત્રાણ પંજા લઈને સાંઈમીલાઓ ચાલતા હોય. ધૂપ-લોબાન સાથે સાંઇઓ ગંભીર સૂરવાળાં ગીતો ગાતા હોય, ને આગળ પાંચ-સાત જુવાનિયા હાથમાં ગરજી લઈ ને ચાલતા હોય. 'ગરજી' એટલે એક-સવા ફૂટ લાંબો લોઢાનો અણીદાર સળિયો ને તેને માથે નાનીનાની સાંકળોનો ઝૂડો.

પછી કોઈકને ત્યાં એ ઊભા રહે. પંજા તેમના લાંબા વાંસડા સાથે જમીન પર ટેકાવીને ઊભા રાખે, સાથે ધૂપ-લોબાન વધારે ને વધારે ધુમાડા કાઢવા માંડે અને પેલા મોટી ધોળી દાઢીવાળા સાંઈ કલમા કે એવું કાંઈક પઢતા હોય.

થોડી જ વારમાં પેલા જુવાનોને ઝનૂન ચડે ને તેઓ 'યા અલ્લાહ, યા અલ્લાહ' કરતા ખુલ્લી છાતીમાં પેલી ગરજી-પેલો તીક્ષ્ણ સોંયો-ભોંકી દે! પાછી તરત કાઢે, થોડી વાર ગરજી હવામાં ઉછાળે, તેની અનેક સાંકળો ઓર જાતનો અવાજ કરી વાતાવરણને વધારે ઘેરૂં અને તંગ બનાવે, અને વળી પાછા જુવાનિયાઓ ગરજી છાતીમાં ને પેટમાં હુલાવી દે! ગરજી ખાય તે વખતે તેમની નજર દૃઢતાથી પેલા પંજા ઉપર જ સ્થિર હોવી જોઈએ. જો એમ ન થાય તો ગરજી ખાતાં વેંત લોહી નીકળવા માંડે. પેલા સાંઈ ધૂપલોબાનની ભસ્મ લઈ પેલા ઝખમ પર લગાડે એટલે તરત લોહી નીકળતું બંધ થાય.

અમે જ્યાં સુધી વઢવાણ રહ્યાં ત્યાં સુધી દર વર્ષે અમે આ ગરજી ખાતા જુવાનોને જોતાં. પછી પાલીતાણા ગયાં; પણ ત્યાં આવી ગરજીની પ્રથા જોવામાં આવી નહિ. વચમાં રાજકોટમાં પણ તાબૂત જોએલા અને ત્યાં તાબૂત આગળ રજપૂતોને સાચી તલવારના અટાપટા રમતા જોએલા, પણ આવી ગરજી ખાનાર જોએલા નહિ. પછી સૂરત અને મુંબાઈમાં પણ તાબૂત જોએલા પણ આવું દૃશ્ય દીઠેલું નહિ.

પેલી અંગ્રેજીમાં ઉક્તિ છે તે પ્રમાણે 'શ્રદ્ધા પર્વતોને પણ હઠાવી દે છે' તેવું જ કાંઈક હોવું જોઇએ.

મેઘાણંદ ગઢવીને પંચોતેર વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે મુનશીજીએ કાવસજી જહાંગીર હૉલમાં એક મેળાવડો યોજેલો અને તેમાં મેઘાણંદને પંચોતેર અશરફી આપવામાં આવેલી.

એ વખતે જુદાજુદા વક્તાઓએ પ્રસંગોચિત ભાષણો કરેલાં ને તેમાં માઈક-લાઉડ સ્પીકરનો ઉપયોગ પણ કરેલો. પછી મેઘાણંદના પુત્ર મેરુભા ઊભા થયા. તેમણે કવિતા અને દુહા ગાવાના હતા. માઈકવાળો આવીને મેરુભા પાસે માઈક ગોઠવવા ગયો. મેરુભાએ તે દૂર ખસેડી નાખ્યું. હૉલમાં ચિક્કાર મેદની હતી. ઉપરની ગૅલેરીઓ પણ ભરચક હતી. ગૅલેરીવાળા બોલી ઊઠયા: 'માઈક લાવો, માઈક લાવો!'

મેરુભાએ હાથ જોડી કહ્યુ: 'ભાઈસાહેબો, અમે પાંચપાંચ હજારની સભામાં કવિતા-દુહાઓની રમઝટ બોલાવીએ છીએ ત્યાં માઈક હોતાં નથી, એટલું જ નહિ પણ માથે છાપરું પણ હોતું નથી. ત્યાં અમારો અવાજ બરાબર સંભળાય છે તો અહીં તો ઉપર છાપરું છે ને? હું બોલવા માંડુ અને તમારે એમ કહેવું પડે કે, 'ભાઈ, જરા ધીરે બોલો, આ તો કાનમાં વાગે છે!' તો પછી?

અને પછી એમણે અને ગોકુળદાસ રાયચુરાએ રમઝટ બોલાવી. માઈકની જરૂર ન જ પડી. એમના અવાજ સાંભળ્યા પછી જ્યારે આપણા હમણાંનાં અભિનય કરનારનાં અને ગીતો ગાનારનાં ગળાં સાંભળીએ છીએ ત્યારે આપણને શરમની લાગણી ઉત્પન્ન થાય છે. પણ ભાઈ, હું ભૂલ્યો, હવે તો એમના એવા 'માઈક વૉઈસ' જ વખણાય છે ને! કેમ કે એમાં નજાકત છે, કોમળતા છે! આજે પુરુષોના અવાજમાં મરદાનગી નથી, સ્ત્રીઓના અવાજમાં રણકો રહ્યો નથી. પોળોમાંના ગરબા જેમણે માણ્યા હશે તેમને હું શું કહું છું તે સમજાશે.

ગરબાની વાત નીકળી એટલે એક અદ્વિતીય પ્રસંગ સાંભરી આવે છે. હું તે વખતે સાત વર્ષનો હતો. સૂરતમાં અઠવા લાઈન્સમાં અમે એક બંગલામાં રહેતાં હતાં. સામેના જ બંગલામાં વઢવાણના ઠાકોરસાહેબ બાલસિંહજી આવીને રહેલા. એક વખત એમણે સૂરતની ગાયકણીઓને બોલાવી એમની પાસે રાસડા લેવડાવેલા. એ લગભગ રાતના દસ વાગ્યે શરૂ થએલા તે ઠેઠ સવારના ચાર વાગતાં સુધી ચાલેલા. હું તે રાસડાના સંગીતે ઉત્પન્ન કરેલું માદક વાતાવરણ હજી ભૂલ્યો નથી.

વાર્તાલાપની કલામાં મને ઠીકઠીક રસ છે. એટલે એ કલામાં શું શું આવશ્યક તત્ત્વ હોવાં જોઇએ એની મને થોડીથોડી ખબર છે. વાર્તાલાપ કરી શકનાર માણસમાં સામાની વાતો સાંભળવા જેટલી તૈયારી હોવી જોઈએ. સામાની વાત જરા શુષ્ક હોય તો પણ રસથી સાંભળવા આપણે તૈયાર રહેવું જોઇએ. જ્યારેત્યારે આપણે ને આપણે જ વાર્તાલાપ કર્યા કરતા હોવા જોઈએ એવી ધૂન રાખનારને આવી વાર્તાલાપની કલાના કલાકારની ઉપાધિ મળતી નથી.

વાર્તાલાપ કરનારે તીવ્ર વિરોધ ઉત્પન્ન થાય એવી વાતો ન કરવી જોઇએ. જ્યાં વિરોધ ઉત્પન્ન થાય ત્યાં જ એને સમેટી લેવાની અને ઝટ સમેટાય નહિ તો એ વિરોધ પચાવવાની શક્તિ હોવી જોઈએ.

આવી રીતે વાર્તાલાપ કરનાર બે કલાક ભલે સાંભળનારને જકડી રાખે, પણ પછી જો એ સાંભળનારના અંતરને તમે પૂછો તો એમાંનો દરેક એમ ધારતો હશે કે આ બે કલાકમાં પોતે પણ વાર્તાલાપમાં સારો જેવો ભાગ લીધો હતો. આ તો એક વાતની વાત.

અમારા સૂરતમાં એક વાર્તાલાપ કરનાર રહે. મોટી વયના, સમાજમાં મોટા ગણાય તેવા. પણ એમનામાં એક મોટી ખોડ એ કે સાંભળનારને તે વચમાં એક શબ્દ પણ બોલવા દે નહિ! પોતે સતત બોલ્યા જ કરે, ને તેમાં પણ મોટો ભાગ આત્મપ્રશંસાનો. માણસ મોટા રહ્યા, એટલે બીજા કરે પણ શું? બેએક વાર્તાલાપ કરનારા એમને ઠંઠ યુદ્ધમાં હરાવી શકવાની તાકાત ધરાવનાર હતા, પણ પેલા રહ્યા એમના મુરબ્બી, એટલે યુદ્ધનું આહ્વાન એમનાથી આપી શકાય નહિ.

તે વખતે દરેક ઉનાળાની મોસમમાં હું સૂરત જતો. વાર્તાલાપ કરનાર તરીકે હું ઠીકઠીક જાણીતો હતો, એટલે ત્રણચાર જણાએ મને કહ્યુ કે મારે પેલા મોટા માણસને મહાત કરવા! હું જુવાન હતો, યુદ્ધનો રસિયો હતો, એટલે મેં હા પાડી અને એક વાર યોજના પ્રમાણે પેલા ત્રણેક જણ સવારના સાડા આઠ સુધીમાં પેલા મુરબ્બીને ત્યાં જઇને ગોઠવાઈ ગયા. હું આશરે નવેક વાગ્યે ત્યાં પહોંચ્યો ત્યારે પેલા અજેય વાર્તાલાપ કરનાર સતત બોલ્યે જતા હતા ને બીજા સાંભળ્યા કરતા હતા.

હું ગયો. મુરબ્બીએ મને વિનયથી સત્કાર્યો. હું બેઠો અને હજી તો પેલા મુરબ્બી કાંઈક શરૂ કરે ત્યાં તો મેં શરૂ કરી દીધું. લગભગ પોણો કલાક મેં અસ્ખલિત વાગ્ધારા ચલાવી; કાંઈ કાંઈ વિષયો છેડયા; પણ વચમાં મેં પેલા મુરબ્બીને એક શબ્દ પણ બોલવા દીધા નહિ.

પછી હું બોલતો બંધ થાઉં ને પેલા મુરબ્બી પોતાનો દાવ લેવાનું શરૂ કરે તે પહેલા હું ઊભો થઈ ગયો અને ઘડિયાળ જોઈને બોલી ઊઠ્યો: 'અહોહો! ઘણો વખત નીકળી ગયો. મારે હજી બીજી ત્રણેક જગ્યાએ જવું છે.' આટલું કહી, જે જે કરીને હું એમનો દાદર ઊતરી ગયો.

મારા ગયા પછી પેલા મુરબ્બીએ હાજર રહેલાઓને કહ્યુ: 'આવો માણસ તો મેં આજે જ જોયો! શું આહીં એ સભાખંડ સમજતો હતો? અને પોતે ભાષણ આપવા આવ્યો હતો?' પેલામાંથી એકાદે વિનયથી કહ્યુ: 'પણ મુરબ્બી, કહો ન કહો, પણ મજા તો આવી!'

'શું ધૂળ મજા આવી?' મુરબ્બીએ ઉદ્‌ગાર કાઢ્યો.

મારા એક પરમ મિત્ર સ્વ. રમેશ દીક્ષિત (અમે બધા એમને રમણભાઈ કહેતા) પણ અચ્છા વાર્તાલાપકાર હતા, પણ તે મેદાનનો કબજો લઈ લેતા ન હતા. યથાવકાશ બીજાઓને પણ રમવા દેતા હતા.

મે મહિનામાં એ રમણભાઇને ત્યાં અમારો દાયરો જામતો. સાંજે ચારેક વાગ્યે એકઠા થઈએ તે રાતે સાત સાડાસાતે બેઠક પૂરી થાય. તરેહતરેહના વિષયો ચર્ચાતા; પણ વાતાવરણમાં જરા પણ ઉગ્રતા આવતી નહિ. એક પ્રકારનું સુસ્થ, આનંદમય વાતાવરણ સર્જાઈ જતું.

એ જ રમણભાઈને ત્યાં, મુંબાઈમાં, પન્નાલાલ ટેરેસિઝમાં શનિવારે બપોરે એવા દાયરા જામતા, પણ હાજર રહેનારની સંખ્યા ઓછી. આવી જ ઓછી સંખ્યાવાળા દાયરા જ્યોતીન્દ્રભાઇને ત્યાં મુંબાઈમાં મોરારજી ગોકુળદાસની ચાલમાં પણ થોડોક વખત ભરાયા હતા—જે દરમ્યાન 'અમે બધાં'ની હાસ્યપ્રધાન નવલ સર્જાઈ હતી.

એક વાર હું, મારા એક મિત્ર, તેમનાં પત્ની ને તેમની એક નાની વયની ઓળખીતી યુવતી 'ડફરિન'ના એક મેળાવડામાં જતાં હતાં. મૉલ પરથી લૉંચમાં બેઠાં. મિત્ર તેમની પત્ની જોડે વાતમાં ગૂંથાઈ ગયા. પેલી યુવતી બોલે કોની જોડે! એટલે એણે મારી જોડે વાત કરવા માંડી. પ્રત્યક્ષ હું એને ઓળખતો ન હતો, પણ આમ હું જાણતો હતો કે એ સંગીતની અજબ શોખીન હતી અને ચિત્રો પણ દોરતી હતી. તે સમયની ફૅશનની પણ બહુ જાણકાર હતી. આ ધ્યાનમાં લઈ મેં એ વિષયો પર જ વાત છેડી. પાએક કલાકમાં યુવતી બોલી: 'મુરબ્બી! એક વિનંતી કરું?' મેં કહ્યુ: 'ખુશીથી.'

'મારા એક પિતા કાયદેસરના છે, બરાબર?' મેં કહ્યુ: 'હા.'

'બીજા આ તમારા મિત્ર મારા સામાજિક પિતા છે, સમજ્યા? અને હવે તમને હું મારા કલાવિષયક પિતા તરીકે સ્થાપવા માગું છું. હા પાડો છો ને?' યુવતી બોલી.

એ વાતને આજે લગભગ ત્રીસ વર્ષ વહી ગયાં. યુવતી પરણીને યુવતી મટીને પ્રૌઢા થઈ છે, પણ હજી સુધી તે દિવસનો બંધાએલો સ્નેહ એવો ને એવો છે. અમુક બાબતમાં હું કેટલો ભાગ્યશાળી છું!

હું જુવાન હતો ત્યારે મિજાજનું જાણું હતો. લડ કાં તો લડનાર દે એવો મારો સ્વભાવ. પણ આખી જિંદગીમાં જો સાચી મારામારી કરી હોય તો તે મેં સ્વ. કનૈયાલાલ વકીલ-સુપ્રસિદ્ધ કલાવિવેચક-જોડે ક્રિકેટની મૅચમાં કરેલી. એમાં અમે બંને ઠીકઠીક મૂર્ખા બન્યા હતા.

પણ પછી મને ચેન પડે નહિ. કોઈ પણ માણસ મારી જોડે વાત ન કરે તે મારાથી ખમાય નહિ; અને તેમાં વળી આ તો મારો પિત્રાઈ ભાઈ. એમના મોટા ભાઈ સ્વ. કપિલરામ જોડે તો તે વખતે પણ મારે ઘણું સારું, પણ હવે કરવું શું? કનૈયાલાલ, જેમને અમે ગનુભાઈ કહેતા, તે પણ મિજાજનો તિસમારખાં. આથી હું બહાનું શોધ્યા કરતો હતો,



સાફો પહેરી ઊભેલા ગનુભાઈ (સ્વ. કનૈયાલાલ વકીલ) અને પાઘડીવાળા ધનસુખલાલ →

એવામાં એ મને જડ્યું. ગનુભાઈ બી.એ.માં પાસ થયા. મેં મારા મોટા ભાઇને કહ્યુ કે 'હું ગનુભાઇને અભિનંદન આપવા જાઉં છું!'

'જા, મારી ના નથી; પણ જવાબમાં એ જો એકાદ તમાચો ઠોકી દે તો હવે તું સામો મારતો નહિ. એ શરત કબૂલ હોય તો જા!'

એ શરત સ્વીકારી, હું એક સવારે, ગનુભાઈને ત્યાં પહોંચ્યો. બહાર કપિલભાઈ ઊભા હતા, તેમને મેં કહ્યુ: 'મારે ગનુભાઈને અભિનંદન આપવાં છે. બોલાવોને એમને.' થોડી વાર એ જોઈ રહ્યા, પછી બોલ્યા: 'બોલાવું છું; બેસ.' જરા વારે ગનુભાઈ આવ્યા. મેં એમને અભિનંદન આપ્યાં અને એ મને ભેટી પડ્યા! ત્યારથી, એ અકાળે મૃત્યુ પામ્યા ત્યાં સુધી, અમે નિકટના સ્નેહી થઈ રહ્યા.

રજાને દિવસે હું એમને ત્યાં જતો અને હું, ગનુભાઈ ને માદ્રીબેન કલાકોના કલાક ગપ્પાં મારતાં. ગનુભાઈની એવી ઇચ્છા કે એ અંગ્રેજીમાં કલાવિવેચક, તેવા મારે ગુજરાતીમાં કલાવિવેચક થવું; અને એ પ્રમાણે મેં લેખો લખવા પણ માંડેલા. ચિત્ર-શિલ્પપ્રદર્શનોમાં અમે સાથે જતા. નાટકોનાં વિવેચન પણ અમે સાથે બેસીને કરતા. પણ એ ઇચ્છા બર આવે તે પહેલાં એ મૃત્યુ પામ્યા. એમની મૃત્યુનોંધ આ પ્રમાણે મેં લીધેલી:

"ગુરૂવાર તા. ૨૫-૧૧-૧૯૩૭ની રાતે આશરે નવ વાગ્યા હતા. કનૈયાલાલના ખંડમાં અંધકાર હતો. ઘેરી દુઃખદાયક શાંતિમાં યત્કિંચિત પણ વિઘ્ન ન પડે તેવી ગતિથી નર્સ તે ખંડમાં ફરતી હતી. આગલા ખંડમાં, નષ્ટ થતી જતી આશાને ટકાવી રાખવા મથતા કનૈયાલાલના વડીલ બંધુ કપિલરામ બેઠા હતા, બંને ખંડની વચ્ચેના દ્વારમાં, મૃત્યુની ગાઢતર થતી જતી છાયા વિખેરી નાખવા અશક્ત ને હતાશ માદ્રીબહેન ઊભાં હતાં. થોડી વારે એ અંદર ગયાં. હું ઊઠીને બારણા આગળ ઊભો રહ્યો. પોતાની સ્વપ્નસૃષ્ટિમાંથી જાગૃત થતા કનૈયાલાલનો મૃત્યુઘેરો અવાજ મારે કાને પડ્યો: 'All my dreams are shattered. A new chapter will have to be begun.'

કનૈયાલાલના મુખમાંથી મેં એ શબ્દો છેવટના સાંભળ્યા. મૃત્યુની છાયા વધારે ઘેરાતી ગઈ અને આખરે તેણે પોતાનું કાર્ય શુક્રવારે મધ્યાહ્નને પૂર્ણ કરી દીધું. કનૈયાલાલનો આત્મા પરમ શાંતિ પામ્યો."

પણ એમનાં અધૂરાં સ્વપ્નોનું શું? જે લક્ષ્યપ્રાપ્તિ અર્થે તેમણે આખા જીવનની કુરબાની કરી હતી તેનું શું? ઉત્તર સ્પષ્ટ છે: 'જે અનેક ઉગતાં ને પ્રૌઢ કલાકારોએ કનૈયાલાલના જીવનમાંથી પ્રેરણા મેળવી છે તેમણે એ અધૂરાં સ્વપ્નાં પૂરાં કરવા ભગીરથ તપશ્ચર્યા કરવી રહી!'

મર્યાદિત બાળસંખ્યા એટલે મર્યાદિત ખર્ચ
અને
મર્યાદિત ખર્ચ એટલે સુખી ને સંતોષી જીવન.

કુમાર

જાન્યુઆરીથી ડિસેમ્બર ઈ.૧૯૬૬ સળંગ અંક ૫૦૫થી૫૧૬ સુધીના તેંતાળીસમા વર્ષનું સાંકળિયું

વિજ્ઞાન

પરચૂરણ

પચ્ચીસ વર્ષ પહેલાં



આજથી પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી રવિશંકર રાવળે કરેલી ઉત્તર ભારતની સંસ્કારયાત્રાના વર્ણનમાં શાન્તિનિકેતનનો વિસ્તૃત પરિચય આપેલો. તેમાંથી થોડા ફકરા :

'બીજે દિવસે જૂના વિદ્યાર્થીઓનાં લીનોકટ, વૂડકટ, લીથોગ્રાફી વગેરે કામના નમૂના જોતાં. લાગ્યું કે એ શ્રેણીના વિદ્યાર્થીઓ આજે વિરલ થઈ ગયા છે શ્રી નંદબાબુએ તો એચિંગ, લીનોકટ, લીથોગ્રાફી વગેરે બધી હાથમુદ્રામાં એક વાર સૂક્ષ્મ ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી બતાવી છે. એમના એ પ્રથમ યુગના વિદ્યાર્થીઓ અને સહધર્મીઓ આજે જુદીજુદી કળાશાળાઓમાં અધ્યાપકપદ શોભાવી રહ્યા છે. કળાભવનનું પુસ્તકાલય પૂર્ણપણે અવલોકવાને તો મહિનાઓ જોઈએ; પણ અહીંના થોડા વિદ્વાન વિદ્યાર્થીઓ પૂર્વ અને પશ્ચિમની કલાચર્ચાઓના સાર રૂપ કોઈ પુસ્તક તૈયાર કરે તો સંપ્રદાયોના વાદ ટળે એમ લાગે છે.

એમના અધ્યાપકમંડળમાંથી શ્રી વિનોદદા. હિંદી ચિત્રકળાનો અદ્યતન ઇતિહાસ એકઠો કરી રહ્યા હતા. રવિવર્મા પછી ગુજરાતમાં પહેલું ઑઈલ પેઇન્ટિંગ કોણે ઉપાડ્યું તે એમનો પ્રશ્ન હતો. કિંકર દા (શ્રી રામકિંકર બેજ) એક મસ્ત કલાકાર છે. તે શાળામાં શીખવે છે ત્યારે વિદ્યાર્થીઓ તેની હિંદી શૈલી પર મુગ્ધ બની જાય છે; અને તે જ હાથે ફ્રેન્ચ ઈમ્પ્રેશનિસ્ટ (ભાવછાયાવાદી) ચિત્રોના મોટા કૅનવાસ એકાંતે ચોપડાતા જોઈ તેમની સ્ફુરણા ને સર્જનથી સૌને વિસ્મય થાય છે. એમણે કરેલી સિમેન્ટની પ્રતિમાઓ સાકારરૂપ અને ભાવનારૂપ બંનેમાં જોઈ શકો. કોઈ તો એવી, કે તમે જોઈ રહો, પણ શું જુઓ છો એ કહી શકો નહિ; પરંતુ કંઈક છે એમ કબૂલ કરો જ.

શાન્તિનિકેતનના વાસની બહાર એક જુદી જ વાડીમાં શ્રી ગુરુદેવનો વાસ હતો. તેમણે પોતાના માટે ગુપ્ત કાળના ઘાટનું માટીનું એક સુંદર ઘર બંધાવેલું. તેનું નામ 'શ્યામલી'. તે ઘણું નાનું હોઈ પુત્રપરિવાર અને મહેમાનો માટે તેમણે 'ઉત્તરાયન' નામનું એક સુંદર ભવન બંધાવ્યું. તેના બાહ્ય તેમજ અંતરંગમાં બહુ જ સુંદર સ્થાપત્યરચનાઓ અને સગવડો છે; અને છતાં તે આધુનિક ભારતીય સ્વરૂપનું નિઃશંક કહી શકાય. એના મુખ્ય ખંડમાં ગુરુદેવની ચિત્રકળાના બધા ય નમૂના (જે ત્રણસોથી પણ વધુ હશે) બહુ જ કલામય રીતે ભીંત પર રાખેલાં છે. તેનાં દ્વારપ્રવેશો, અટારીઓ અને અભ્યાસખંડો નવી સૌંદર્યદૃષ્ટિ રજૂ કરે છે. પણ 'ઉત્તરાયન'નો વાસ તેમણે કદી પસંદ નહોતો કર્યો. 'શ્યામલી'ના દ્વારપ્રવેશે કાઠિયાવાડનું પાનતોરણ લટકાવેલું જોઈ હું હરખાયો હતો. ગુજરાતે જેને ગામઠી કળા ગણી કાઢેલી તેને ગુરુદેવે પ્રથમ સન્માની છે.

ચિત્રકળાની જેમ શાન્તિનિકેતનમાં શિલ્પના પણ અપાર પ્રયોગ થયા છે. તેમાંનો એક પ્રયોગ તે ભીંતને આધારે કે ટીંબા રૂપે, માટીની મોટી મૂર્તિઓ કે અવનવી પ્રતિમાઓ કરી તે પર ડામર અને છાણનું લીંપણ કરવાનો છે. એ લીંપણને લીધે એ કૃતિઓ વરસાદમાં પણ બેચાર સાલ ટકી રહે છે. વિદ્યાર્થીઓને પ્રયોગ કરવા માટે આ સસ્તા સાધનવાળી પદ્ધતિ અનુકૂળ હોઈને અહીંનાં ઘણાં નિવાસગૃહોની ભીંતો પર કે ખાલી ખૂણાઓમાં આસીરિયા, ઇજિપ્ત ને હિંદી ઘાટની અવનવી પ્રતિમાઓ નમૂના રૂપે તૈયાર કરવામાં આવી છે, જે ભારે અસરકારક વાતાવરણ સર્જે છે.

શ્રી મલ્લિકજીની કુટિર અને તેની આસપાસનું વાતાવરણ મને બહુ જ ગમી ગયાં. એ કુટિર એટલી નાની છે કે પૂ. ગાંધીજીએ વિનોદમાં તેને ત્રણ પગલામાં માપી લીધી હતી. મલ્લિકજીનું સદા હસતું પ્રેમાળ મુખ વિદ્યાર્થીઓનું આશ્વાસન છે. તેમને આશ્રમની ત્રીજી દાઢીનું ઉપનામ મળ્યું છે. પહેલી દાઢી ગુરુદેવની, બીજી શ્રી ઍન્ડ્રુઝની અને ત્રીજી મલ્લિકજીની. ત્યાર પછી 'ચીની ભવન' જોયું. ચીનનું ઉત્તમ સાહિત્ય ત્યાં સંઘરાયું છે અને કેટલાક ચીની અધ્યાપકો તથા વિદ્વાનો કુટુંબ સહિત ત્યાં વસે છે ઉપરાંત એક અતિથિગૃહ પણ છે, જેની બાજુમાં જ શિશુગૃહ છે. આ શિશુગૃહના વિશાળ વસતિગૃહમાં ભીંત પર કળાભવનના વિદ્યાર્થીઓએ મુઘલ, રાજપૂત અને જાપાનના કલાસમુદાયમાંથી ચૂંટેલાં પ્રાણીઓ અને પક્ષીઓ દોર્યાં છે, અને એ રીતે પ્રાણીઓની એક અપૂર્વ ચિત્રમાળા અહીં બની ગઈ છે. આમ ચિત્રબોધ સાથે આનંદ આપવા અહીં હસ્પિતાલ, ડૉર્મેટરીઓ, ધર્મશાળાઓ વગેરે દરેક મકાન પર તે તે સ્થાનને મહત્ત્વ ને પ્રેરણા આપે એવાં ચિત્રો થયાં છે.

રાત્રે નંદબાબુને મળવાનો ક્યાંય યોગ ન થયો. બીજી વાર છેલ્લી તક લેવા ગયા ત્યારે થાકથી સૂઈ ગએલા, એટલે ચિઠ્ઠી મૂકી હું પાછો વળ્યો; પરંતુ ગમે તેમ પણ તેમને ખબર પડેલી, એટલે દસ સાડા દસ વાગ્યે તેમના સુપુત્ર વિશુદા અને માસોજી તેમની ચિઠ્ઠી અને ભેટનું એક એચિંગ ચિત્ર આપવા અર્ધો માઈલ દૂર મારા મુકામે આવ્યા ત્યારે તેમનું સૌજન્ય કેટલું છે તે સમજાયું. એનું ચિત્ર આ સાથે છે.

ભૂતકાળની શોધમાં ખભે ખડિયો લઈ ઘૂમતા લેખક અમૃતલાલ વ. પંડ્યા ગુજરાતના અનાર્યોની એક મરણોત્તર પ્રથા વિષે લખે છે:

મલાગામથી અર્ધો માઈલ દૂર ધામા ના-






ડાબી બાજુ છેડે : ગુપ્તકાલીન બાંધણીની શાંતિનિકેતનની માટીની કલાકુટિર. એની બારીના કાચ પાછળ નિત્યનવીન કલાકૃતિ રજૂ થાય છે. સૌંદર્યભાવ બીજામાં પ્રવેશ કરાવવાની આ રીત અન્ય શાળાઓએ પણ અપનાવવા જેવી છે. બાજુમાં : ગુરુદેવનું પ્રિય નિવાસસ્થાન 'શ્યામલી.'

મનું ગામ છે. આ બંનેની વચ્ચે, રસ્તાની પાસે એક વિશિષ્ટ પ્રકારનાં સમાધિસ્થાનોનો સમૂહ મારી નજરે ચડયો. પ્રાગૈતિહાસિક કાળમાં અનાર્ય પ્રજાઓમાં એક એવો રિવાજ હતો કે મુડદાંને દાટી તે સ્થળે તેનું સ્મારક ખોડી, તેની ઉપર ત્રણ દિશાઓમાં ત્રણ શિલાઓ રોપીને એમની ઉપર એક વધુ શિલા મૂકી, ઘરના આકારની એક નાની સમાધિ બનાવતા. એમાં એક દ્વાર રાખતા અને એમાંથી અંદરના સ્મારકને, મૃત માનવીનાં કુટુંબીઓ-સ્નેહીઓ ખાસ દિવસોએ નૈવેદ્ય ધરતા કે બલિ આપતા. એવાં સમાધિસ્થળો ડૉલ્મેન કહેવાય છે. એ નાના-મોટા અનેક પ્રકારનાં હોય છે. દક્ષિણ હિંદમાં તે સારી પેઠે ને મોટાં મળી આવે છે. આસામ, ચૂટિયા, નાગપુર અને મધ્ય પ્રદેશના વન્ય વિસ્તારોમાં પણ એ મળી આવે છે. ડૉલ્મેનોના પરિચય માટે નીચેનો ઉતારો ઉપયોગી થઈ પડશે:

'દક્ષિણ હિંદમાં એવી કથાઓ પ્રચલિત છે કે આદિ કાળમાં એ પ્રદેશમાં વહેંતિયાંની એક મહાન પ્રજા રહેતી હતી. એ લોકોનાં સમાધિસ્થળો તે આ ડૉલ્મેનો છે. આ પ્રજાઓ તે દક્ષિણ હિંદના મોરીઅરમને, પાન્ડુકુઝી, મન્ડુ, મન્ડોવરકુઝી વગેરે લોકો હતા. રામાયણમાં વર્ણવેલા વાનરો કદાચ એ હોઈ શકે, કારણ કે એ લોકો પોતાના પહેરવેશમાં શણગાર તરીકે બનાવટી પૂછડું ધારણ કરતા.' (Prehistoric India p. 322)

ગુજરાત પુરાતન કાળમાં પાંચ દ્રવિડ દેશોમાંનો એક ગણાતો. પ્રાચીન તમિળ સાહિત્યમાં એની નોંધ મળે છે, અને આજ પર્યંત અહીંના બ્રાહ્મણો આર્યાવર્તના બ્રાહ્મણોથી જુદા 'પંચદ્રવિડ' નામના વર્ગમાં ગણાય છે, એ સૂચવે છે કે આર્યોના આગમન પૂર્વે ગુજરાતમાં અનાર્ય પ્રજાઓ વસતી હતી. હાલના ભીલ, કોળી, દૂબળા, ચોધરા વગેરે રાનીપરજ અને કાળીપરજ લોકો એ અનાર્યોના વંશધરો છે. (એ અનાર્યો દ્રવિડો જ હતા એવાં પ્રમાણો હજુ મળ્યાં નથી. એ પ્રશ્ન સંશોધનને પાત્ર છે.) એવા સંજોગોમાં ગુજરાતને આંગણે ડૉલ્મેનો



ભલગામ અને ધામા વચ્ચે મળેલા ડૉલ્મેન

મળી આવે તો તેમાં કાંઈ નવાઈ નથી. અલબત્ત ભલગામ-ધામાનાં નાનાં ડૉલ્મેનો વિષે વિસ્મયકારક બીના એ છે કે તે પ્રાગૈતિહાસિક કાળનાં નહોતાં. મારી સાથેના મજૂર કોળીએ મને જણાવ્યું કે કોળીઓની અમુક પેટાજ્ઞાતિઓમાં હજી પણ ડૉલ્મેનો બાંધવાનો રિવાજ પ્રચલિત છે, ને તેને એ લોકો 'માંડવો' કહે છે.

ટિકિટ-સંગ્રહ









ભારતની નવી ટિકિટો જમણી બાજુ પહેલી મૌલાના અબુલ કલામ આઝાદના માનની તથા 'બાલદિન' નિમિત્તની ટિકિટ. નીચે: અલાહાબાદ હાઈ કૉર્ટની શતાબ્દી 'પરિવાર નિયોજન સપ્તાહ' અને હૉકીની રમતમાં ભારતે મેળવેલી ચૅમ્પીઅનશિપ નિમિત્તની ટિકિટો. જમણી બાજુ મથાળે બાળકોનાં જ ચિત્રોવાળી આ ક્રિસ્ટમસમાં બહાર પડેલી બ્રિટનની બે ખાસ ટિકિટો. (પ્રેષક: રમણિકલાલ સોલંકી, લંડન)



પોતાના પ્રથમ અણુ-રીએક્ટર બન્યાની, સંયુક્ત રાષ્ટ્રસંઘની ૨૦મી જયંતીના પ્રસંગની અને નવી રાજધાની ઇસ્લામાબાદ નિમિત્તની પાકિસ્તાનની ટિકિટો. (પ્રેષક: પ્રો. ડી. કરીમ-કરાચી)











સાહિત્યસંપર્ક

નવાં નાટકો

અવલોકન : ત્રિલોચન ધ્રુવ

ઇલિયડ : ગ્રીક મહાકવિ હોમરના મહાકાવ્યના નાટ્યોચિત પ્રસંગોનું આકલન કરી રચાએલી આ નાટ્યકૃતિમાં આકાર છે, સંઘર્ષ છે અને ગ્રીસના પુરાણકાળને તાદશ કરતું યુદ્ધકાલીન વાતાવરણ છે. લેખિકા લીનાબહેન મંગળદાસે નાટકને ભજવવા માટે પર્યાપ્ત માહિતી આપી છે, પણ વિશાળ રંગમંચ, પૌરાણિક વેશભૂષા, તત્કાલીન ગ્રીક સમાજના રીતરિવાજ આદિનું અજ્ઞાન એને તખ્તા પર લાવતાં ભારે ખર્ચાળ ને મુશ્કેલ બનાવી મૂકે એમ છે. તેમ છતાં લેખિકા બહેને પોતાની સંસ્થા 'શ્રેયસ'માં એ ત્રણ રાત ભજવ્યું હતું અને ૫૦૦૦ પ્રેક્ષકોએ એ નિહાળ્યું હતું; એ દર્શાવે છે કે પ્રયાસ કરવામાં આવે તો નાટકની તખ્તાલાયકી ઉત્તમ ઠરે એમ છે. (પૃ. ૮૪, કિ. ૩-૫૦, પ્ર૦ લીનાબહેન મંગળદાસ, શ્રેયસ, શારદા સોસાએટી થઈને, અમદાવાદ-૭)

સાગરઘેલી : પૂર્વપ્રેમીના અજબ કામણ અને પતિ પ્રત્યેની નિષ્ઠા વચ્ચે માનસિક સંઘર્ષ અનુભવતી આ નાટકની નાયિકા સાગરપ્રેમી એલીડા, પતિ વેંગલ તરફથી સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થતાં માનસિક વ્યાધિમાંથી એકાએક મુક્ત થઈ પતિને જ પ્રણયી તરીકે પામે છે ને પૂર્વપ્રેમીને જાકારો દે છે. આટલા કેન્દ્રવર્તી વિચારદોરવાળા આ નાટકમાં નાટ્યકાર ઈબ્સને વૈજ્ઞાનિક દષ્ટિની પશ્ચાદ્ભૂમાં સ્ત્રી-પુરુષ-સંબંધનાં પ્રેમ અને સ્વાતંત્ર્ય જેવાં જીવનમૂલ્યોની કલાત્મકરીતે ચર્ચા કરી છે.

સાવ ઘરગથ્થુ વાર્તાલાપમાં સહજરીતે થતી જીવનમૂલ્યોની ચર્ચા, કૃતિના આશયને ઉપકારક અને ભૂષણરૂપ નીવડે એવાં પ્રતીકો અને સ્પષ્ટરેખ પાત્રાલેખન આ નાટકને આસ્વાદ્ય બનાવે છે. ઈબ્સનની સર્વશ્રેષ્ઠ કૃતિઓમાંની એકનો આ અનુવાદ આપવા બદલ અનુવાદક શ્રી યશવંત શુક્લ અભિનંદનના પાત્ર છે, કેમ કે મૂળને વફાદાર રહેવાનો અને ગુજરાતી ભાષાની અનુવાદક્ષમતાનો પૂરો કસ કાઢવાનો એમનો પ્રયાસ આ કૃતિમાં સ્પષ્ટ દેખાય છે. અલબત્ત, 'સુપ્રભાતમ્', 'સ્વાગતમ્' જેવા ભદ્રંભદ્રીય શબ્દપ્રયોગો અને 'મિ. આર્નોલ્મના આવ્યાની અમે વાટ જોઇએ છીએ, (પૃ. ૩), હં–મને લાગે છે કે તારા કહેવાનો અર્થ હું સમજ્યો છું. (પૃ. ૯૪)' જેવાં અંગ્રેજીનો તરજુમો દર્શાવતા વાક્યપ્રયોગો ખૂંચે એવા છે. (પ્ર૦ ટ્રાન્સલેશન ટ્રસ્ટ, ગંગાજળા વિદ્યાપીઠ, અલીઆબાડા, પૃ. ૨૦૩; રૂ. ૩)

બુઢ્ઢી ઘોડી, લાલ લગામ : ગઈ સદીના અસાધારણ પ્રતિભાસંપન્ન પુરુષ અને અર્વાચીન બંગાળી કવિતાના પ્રણેતા શ્રી માઇકેલ મધુસૂદન દત્તનાં આમાંનાં બે નાટકો પૈકી (જેના પરથી પુસ્તકનું નામ પાડવામાં આવ્યું છે એ) 'બુઢ્ઢી ઘોડી લાલ લગામ'માં વ્યભિચારી વૃદ્ધ ભક્તપ્રસાદ બાબુની લોલુપતાને લીધે થએલા ફજેતાનું, અને બીજા ('આને જ શું સભ્યતા કહે છે?')માં સુધારાના બહાને બેફામપણે બહેકી ગએલી માનવીની પશુવૃત્તિનું આલેખન હળવી રીતે પણ સચોટપણે થયું છે. માનવ મનમાં રહેલી દુર્વૃત્તિઓ કેવાં કેવાં મ્હોરાં પહેરીને છુપાએલી રહે છે અને એ રીતે સમાજને તથા પોતાની જાતને કેવી છેતરે છે એ આલેખવાનો નાટ્યકારનો પ્રયાસ સબળ રીતે સફળ થયો છે. અનુવાદક સ્વ. બચુભાઈ શુક્લ મૂળની ખૂબીઓ બરાબર સાચવી શક્યા છે અને વિષયાનુરૂપ ભાષાશૈલીનો ઉપયોગ કરી મૂળ નાટકના ભાવને ગુજરાતીમાં બરાબર આણી શક્યા છે. બંને નાટકોમાં કોઇને અતિશયોક્તિ લાગે, પણ પ્રહસન માટે નિર્વાહ્ય અને એમાં રહેલી કુરૂપતાને છતી કરવા માટે અનિવાર્ય કરતાં વધારે અતિશયોક્તિ લાગતી નથી. (સાહિત્ય અકાદમી વતી પ્રકાશક કલ્કિ પ્રકાશન, સાન્તાક્રુઝ, મુંબાઈ ૫૪, રૂ. ૮-૭૫)

જગદ્ગુરુ શંકરાચાર્ય : ધંધાદારી રંગભૂમિ પર ભજવાતાં નાટકોના જાણીતા અને લોકમાનીતા લેખક સ્વ. પ્રભુલાલ દ્વિવેદીએ આ નાટકમાં જગદ્ગુરુ શંકરાચાર્યના જીવનના પ્રસંગો નાટ્યાત્મકરીતે રજૂ કર્યા છે. આ જાતનાં ધંધાદારી રંગભૂમિ પરનાં નાટકોમાં હોય છે એવી અલગ કૉમિકની રચના કરવાને બદલે લેખકે અહીં નાટકના પ્રસંગોમાંથી જ હાસ્ય નિષ્પન્ન કરવાનો સબળ અને સફળ પ્રયાસ કર્યો છે. સંવાદકલામાં નાટ્યકારની સૂઝ, ને ભાષાશુદ્ધિમાં ચીવટ દેખાય છે. (પ્ર૦ દિનકર દ્વિવેદી, વિનયકૃત દ્વિવેદી, ૨૭/એફ ભાંગવાડી, મુંબાઈ ૨, પૃ. ૧૧૦, રૂ. ૩)

ઉલ્લાસિકા : શાળાઓ અને મંડળો ભજવી શકે એવાં શ્રી દુર્ગેશ શુક્લનાં બાર એકાંકીનો આ સંગ્રહ. મહદ્ અંશે કટાક્ષયુક્ત હાસ્ય ઉત્પન્ન કરતા વિવિધ વિષયો પર લખાએલાં ને ભજવી શકાય એવાં એકાંકીઓનો બનેલો છે; પણ નાટકોમાં નાટ્યક્ષમતા, વિષયવૈવિધ્ય ને પાત્રાલેખનની સુરેખતા હોવા છતાં કલાત્મકતા નથી. મોટા ભાગનાં નાટકોનું હાસ્ય સ્થૂળ, રહસ્ય તદ્દન સ્પષ્ટ અને અંત સાવ સામાન્ય લાગે છે. તેમ છતાં એકંદરે નાટ્યભૂમિ, જનતા અને નાટક કરવા ઇચ્છતી વિદ્યાર્થી-આલમને આ નાટકો ઉપયોગી અને રસપ્રદ નીવડશે એ ચોક્કસ. (પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧, કિ. ૪-૫૦, પૃ. ૨૬૦, પાકું પૂઠું)

આ ધૂળ આ માટી : કલ્યાણની ભાવના નજર સામે રાખી વ્યક્તિ જો પોતાના અહમને ઓગાળી શકે તો દેશપ્રેમ અને વિશ્વવાત્સલ્યના ઉચ્ચ આદર્શો પણ સિદ્ધ થઈ શકે એ ભાવના વ્યક્ત કરતું, મેવાડના રાજ-

શબ્દકથા : ધૂંસરી · ધરી

સંસ્કૃત 'ધુર્' 'ધુરા'ને બદલે ગુજરાતીમાં 'ધૂંસરી' ('ધોંસરી', 'ધોંસરુ' વગેરે) છે. 'ધુરા' ઉપરથી સંસ્કૃતમાં 'ધૌરેય' (એટલે કે 'ધૂંસરીએ જોડાતો, ધુરાનો ભાર વહેતો બળદ') સધાયો છે, અને તે આપણને 'ધોરી' બળદ (='ધુરંધર')માં વારસારૂપે મળ્યો છે.

'શલ' અને 'શર' શબ્દ લોકવ્યવહારમાં સળી અને ખીલી જેવા અર્થમાં હતા; એટલે 'ખીલી સહિત ધૂંસરી' માટેના 'ધૂર્શલ', 'ધૂર્શર' શબ્દો ઉપરથી 'ધૂંસળ', ધૂંસરી' શબ્દો આપણને મળ્યા. અર્થ માત્ર 'ધુરા' પૂરતો મર્યાદિત થયો.

સંસ્કૃતમાં 'ધુર્' શબ્દ ધરીના ખીલાનો અર્થ પણ ધરાવે છે. 'અક્ષધુર્' એટલે 'ધરીનો ખીલો', અને 'ધુરિકા'નો પણ તે જ અર્થ છે. આ 'ધુરિકા' ઉપરથી પ્રાકૃત 'ધુરિઆ' અને આપણો 'ધરી.' અહીં પણ અર્થ ખીલી નહીં પણ અક્ષનો છે.

'ધુરા'નો અર્થ ગાડાના દાંડાનો આરંભનો ભાગ પણ થાય. અને તે ઉપરથી સામાન્યપણે આરંભ કે શરૂઆતના અર્થમાં પણ આપણને 'ધરથી' ('વાત ધરથી માંડીને કહો'; 'તે તો ધરથી જ એવો છે') શબ્દ મળ્યો છે. તેનું જૂની ગુજરાતીમાં 'ધુર' એવું રૂપ મળે છે.

આમ 'ધોરી', 'ધૂંસરી' અને 'ધરથી' એ શબ્દો સંસ્કૃત 'ધુર્' 'ધુરા' ઉપરથી ગુજરાતીને વારસામાં મળ્યા છે.

હરિવલ્લભ ભાયાણી

પૂતો અને ભીલો વચ્ચે ચાલ્યા આવતા વેરને પોતાના પિતાના હત્યારાઓની સામે જઈને ભૂલવા પ્રયત્ન કરતા રાજકુમાર શૈલની ક્ષમાવૃત્તિ ને દેશપ્રેમ દર્શાવતું, મહદ્ અંશે બાલભોગ્ય શૈલીમાં લખાએલું શ્રી 'જયભિખ્ખુ'નું, નાટ્યક્ષમ નહિ પણ સુવાચ્ય એવું નાટક. (પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧, પૃ. ૫૪, કિ. રૂ. ૧)

યશવંત પંડ્યાનાં બે નાટકો: અનાયાસ ઉદ્ભવતા પ્રેમ અને સમાજના જ્ઞાતિ-નિયમોની મર્યાદા વચ્ચેનો સંઘર્ષ દર્શાવતાં અને વિવિધ પ્રસંગે માનવમનના પલટાઓનું રસમય નિરૂપણ કરતાં સ્વ. યશવંત પંડ્યાનાં આ બે નાટકો—'અ.સૌ. કુમારી' અને 'પડદા-પાછળ'માં લેખકે નાટ્યકાર તરીકેની સારી ફાવટ બતાવી છે. નોંધપાત્ર કાવ્યતત્ત્વની શક્તિ ધરાવતા આ લેખક શ્લેષના શોખીન છે, પણ કોઈક વાર એ વધારે પડતો લાગીને ઔચિત્યભંગ કરે છે. સુરેખ, સચોટ ને સફાઈદાર સંવાદોવાળાં આ નાટકો એકંદરે વાંચવાં ગમે એવાં છે એ નિર્વિવાદ. (પ્ર૦ રવાણી પ્રકાશન, રિલીફ રોડ, અમદાવાદ ૧, પૃ. ૨૬૦, રૂ. ૫)

શેક્સપીઅર દશ્યાવલી: શેક્સપીઅરની ૪૦૦મી સંવત્સરી પ્રસંગે એનાં નાટકોનાં અભિનયક્ષમ અને આકર્ષક દશ્યોનાં રૂપાંતરોનો આ સંગ્રહ પ્રગટ કરી ગુજરાત અકાદમીએ નાટ્ય-રસિયાઓની ઉપયોગી સેવા બજાવી છે. ગુજરાતના નામી લેખકોની કલમે થએલા આ અનુવાદો ને રૂપાંતરો અનુવાદકલાના અભ્યાસની દૃષ્ટિએ પણ અત્યંત ઉપયોગી થઈ પડે એમ છે. (પ્ર૦ ગુજરાત સંગીત નૃત્ય-નાટ્ય અકાદમી, સચિવાલય, અમદાવાદ-૧૫ રૂ. ૪-૩૦, પૃ.૨૮૮, પાકું પૂઠું)

હરિદર્શનની પ્યાસી: સુપ્રસિદ્ધ ભક્ત કવયિત્રી મીરાંબાઈના જીવનના ઐતિહાસિક તેમજ લોકકંઠે સચવાએલા પ્રસંગોનો ઉપયોગ કરી રચાએલા શ્રી પરમસુખ પંડ્યાના આ નાટકમાં પ્રસંગાનુરૂપ સંવાદો, જીવંત પાત્રો. ને ચમત્કૃતિભર્યા પ્રસંગોનું આલેખન રસપ્રદ થયું છે; પણ મીરાંના જીવનપ્રસંગોને અત્યંત વફાદાર રહેતા લેખક નાટકને કલાત્મક બનાવી શક્યા નથી. (પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી, મુંબઈ-૨, રૂ. ૪-૮૦, પૃ. ૨૩૬)

આનંદી લહેર: બાળરુચિને લક્ષમાં રાખી લખાએલાં આ છ નાટકોમાંથી છેલ્લા સિવાયનાંના વિષયો, ભાષા આદિ બાળકોને ગમે, આકર્ષે ને રુચે એવાં છે, પણ છેલ્લાનો વિષય થોડો ગંભીર અને આધ્યાત્મિક હોઈ બાળકોને ભાગ્યે જ આનંદ આપી શકે. એકંદરે નાટકો સુવાચ્ય બન્યાં છે અને નાનાં બાળકો માટે શિષ્ટ મનોરંજન પૂરું પાડી શકે એમ છે. (લે. સુનંદા, પ્ર૦ શ્રી અરવિંદ સોસાએટી, આશ્રમ પોંડિચેરી, રૂ. ૨-૨૫, પૃ. ૮૬, કાચું પૂઠું)

આરતી: આ એકાંકી સંગ્રહનાં છ યે નાટકો કોઈ ને કોઈ અંગ્રેજી કે ગુજરાતી ટૂંકી વાર્તાનાં રૂપાંતરો છે. લેખક: શ્રી પરમસુખ પંડ્યાની ભાષા ઘડાએલી છે અને નાટ્ય-કસબ પણ સારો છે, છતાં બધી રચનાઓ એ કસબનો લાભ પામી નથી. વસ્તુ ગયણી-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



અનંતરાય મ. રાવળ



૧) આદર્શ અધ્યાપક તમે કોને કહો?

❑ જે પોતે કદી 'વિદ્યા-અર્થી' મટતો નથી અને જેની પાસે વિદ્યાર્થીઓ જોડે પોતાના હૃદયનો તાર સાંધવાની શક્તિ તથા જ્ઞાનવિતરણની કળા હોય તેને.

૨) હાલ ઉચ્ચ શિક્ષણમાં ચિન્તાજનક શું લાગે છે?

❑ માનવવિદ્યાઓનું વિદ્યાર્થીઓનાં તથા તેમનાં વાલીઓનાં મનમાં થઈ રહેલું અવમૂલ્યન, કૉલેજોમાં જવા ન જોઈએ તેવાઓનો કૉલેજો ભણી ધસારો, વિદ્યાર્થીઓનાં નબળાં શરીર, શિક્ષણ-પરીક્ષણનાં ઊતરી રહેલાં ધોરણો.

૩) વિદ્યાર્થીએ કેળવવાના ગુણ કયા?

❑ ખડતલપણું, સમયની કિંમત અને જીવન માટેની તૈયારીના ભાન સાથે અવિશ્રાન્ત અભ્યાસશીલતા.

૪) વાચન અને લેખનમાં તમને વધુ પ્રિય? ❑ વાચન.

૫) તમારું પ્રિય પુસ્તક? ❑ ભગવદ્ગીતા.

૬) વિવેચનમાં કેમ પડ્યા? ❑ ઊંડેથી અંદરના સાહિત્યરસને લીધે હશે, પણ બહારથી અધ્યાપકીને લીધે.

૭) વિવેચકના અનિવાર્ય ગુણ કયા?

❑ સહૃદયતા, સૌંદર્યપારખ અને બૌદ્ધિક પ્રામાણિકતા.

૮) સાહિત્ય શું આપે? ❑ એ વાણીની કલા હોઈ, કલા આપી શકે તે આનંદ કે સૌંદર્યબોધ, અને કૃતિ દ્વારા મળતી માનવીની અને જગતની સમજણ પણ.

૯) સાહિત્યસર્જકની જાતમૂડી કઈ હોય? ❑ પટુ સંવેદનતંત્ર, દર્શન અને ચિત્રણની શક્તિ તથા સચ્ચાઈ (સંવેદનની, ને લખે તેની આત્મપ્રતીતિની).

૧૦) સર્જાતા ગુજરાતી સાહિત્ય વિષે તમારું શું માનવું છે?

❑ લખાય-છપાય છે પુષ્કળ, પણ તેમાં સ્થાયી સાહિત્યિક સત્ત્વવાળું બહુ ઓછું. નવલકથાઓ ખૂબ છપાય છે, જાણે લીલો દુકાળ; પણ તે વ્યવસાય બની બેઠેલ છે. પ્રતિભાસર્જન કહેવાય-એની સંખ્યા તો મામૂલી. કવિતા અને વાર્તામાં પ્રગલ્ભ પ્રયોગો થઈ રહ્યા છે, જેનાં સાહિત્યિક મૂલ્ય વિષે જાણકારોના હૃદયમાં સાશંકતા વર્તે છે. નિબંધ, ચરિત્ર પ્રવાસવર્ણન વગેરેમાં જીવવાળી કૃતિઓ અને સામયિકોમાં અભ્યાસપૂર્ણ લેખો ઓછા જ મળે છે.

૧૧) આપણા સાહિત્યમાં વાડાબંધી જેવું તમને લાગે છે?

❑ મને લાગ્યું નથી. સારા લેખકોને મિત્રો ને પ્રશંસકો હોય ખરા; પણ સાહિત્યના પ્રજાસત્તાકમાં નવી પ્રતિભાના આગમનને કોઈ રોકી શકતું નથી, તેને માર્ગ કરી આપવો જ પડે છે.

૧૨) જીવનનો અત્યાર સુધીનો તમારો અનુભવ કેવો?

❑ એકંદરે સારો. બાકી, એકબીજાથી સાવ અમિશ્રિત સુખ અને દુઃખનો અનુભવ તો કયા માનવીને થતો હોય છે? સારું, માઠું, બધું આપણને ઘડવા જ આવે છે એમ સમજી, એનો રચનાત્મક ઉપયોગ કરી, આત્મવિકાસ સાધતાં માણસે શીખવું જોઈએ. મને એમ કરતાં આવડ્યું છે એમ કહી શકું તેમ નથી.

ની દષ્ટિએ શિથિલ એવું એકાંકી 'મજૂરોનો નેતા'; કાર્યવેગના અભાવવાળું અને ચાતુરીભર્યા સંવાદોથી મસ્તારી બની ગએલું 'ના ના =હા', આગંતુક લાગતા પ્રવક્તાવાળું 'પૂજારિણી', અંતમાં કથળતું 'ફૂલનું મૂલ' વગેરેને લેખકે થોડા સજાગ રહી ટૂંકાવવા પ્રયાસ કર્યો હોત તો વધારે સુઘટ્ટ ને સૌષ્ઠવયુક્ત આકાર આપી શકાત. અંગ્રેજી પરથી રચેલા 'ના ના =હા'માં ભારતીય વાતાવરણ લાવવાનો પ્રયાસ પૂર્ણરીતે થયો નથી એ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. તેમ છતાં એકંદરે છ યે નાટકો સુવાચ્ય છે, અને શાળાઓના વાર્ષિક કાર્યક્રમોમાં ભજવી શકાય એવાં છે. (પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી, મુંબાઈ-૨, રૂ. ૩-૬૦, પૃ.૨૬૭)

રાગ અને ત્યાગ: છૂટાછેડાના નિર્ણય સુધી પહોંચી જતાં દંપતીના વૈમનસ્યની બાળકોનાં મન પર થતી અસર દર્શાવવા લખાએલા આ શ્રી રંભાબહેન ગાંધીના ત્રિઅંકી નાટકમાં માતાની હરીફ પિતાની પ્રિયતમા તરફનો બાળકોનો રોષ જેટલો પ્રગટ થાય છે એટલું પિતા ગુમાવ્યાનું દુ:ખ વ્યક્ત થતું નથી.

શિથિલ સંકલનાવાળા આ નાટકમાં લેખિકા પાત્રોના માનસમાં ઊંડાં ઊતરવાને બદલે માત્ર સપાટી પરના આભાસી સંઘર્ષો ઊભા કરીને, અપ્રતીતિજનક ને કૃત્રિમ પ્રસંગો ઉત્પન્ન કરી, એક આઘાતથી ગાંડી થએલી વ્યક્તિ બીજા આઘાતથી સારી થઈ જાય એ અત્યંત જાણીતી થઈ ગએલી માનસશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરી, તદ્દન કૃત્રિમ ને તાલમેલિયો અંત આણે છે. વસ્તુ અને વિકાસની દષ્ટિએ કચાશવાળા આ નાટકનાં પાત્રોનું આલેખન પણ જોઈએ એટલું સ્પષ્ટરેખ નથી. સ્મિતાને મારી નાખવા રિવૉલ્વર સાથે બારીમાંથી આવતા આલોકથી નાટકના અંત સુધીના બનાવમાં જે અપ્રતીતિકરતા, પાત્રોના વર્તનની અવાસ્તવિકતા અને સંવાદોની કૃત્રિમતા છે એ ખૂંચે એવાં છે. એકંદરે નાટક નિષ્ફળ ગયુ છે. (પ્ર૦ સ્વાતિ પ્રકાશન, ૨૨૬, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩, રૂ.૨-૫૦, પૃ ૧૦૧)

ભવાઈના વેશની વાર્તાઓ: ગુજરાતની વિશિષ્ટતા ગણાતા લોકનાટ્ય ભવાઈના, લેખક શ્રી ભરતરામ મહેતાએ પોતે જોએલા વેશોની ૨૨ વાર્તાઓનો આ સંગ્રહ, આપણા એ મધ્યકાલીન માનસના મનોરંજનના અપૂર્વ સાધનનો ઉત્તમ પરિચય કરાવે છે. ગુજરાતી સમાજનાં વિશિષ્ટ જાતિપાત્રો વાણિયો, જૂઠણ, કંસારો, રાઠોડ, ઢેડ, કાછિયો, વણઝારો, દરજી, જોગી આદિનું હાસ્યજનક આલેખન આ કૃતિને આકર્ષક બનાવે છે. ઉપરાંત ભવાઈના સ્વરૂપની ચર્ચા ને ભવાઈમાં રહેલા હાસ્યરસની શ્રી ચૂનીલાલ મડિયા કૃત છણાવટ પણ આ કૃતિને નાટકના અભ્યાસીઓ માટે ઉપયોગી બનાવે છે. (પ્ર૦ પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા, પૃ. ૯૮, કિં. ૨-૪૦)

સાહિત્યપ્રેમીની ડાયરી

ઇંગ્લંડની આકાશવાણી (બી. બી સી)એ આ વર્ષે ટૂંકી વાર્તાની જગ-સ્પર્ધા યોજેલી. એમાં ૧૦૮ દેશોની મળીને ૨૦૭૬ ટૂંકી વાર્તાઓ મળેલી. જેમાંથી ઑસ્ટ્રેલિયાના શ્રી સી. ડબ્લ્યુ. લી પેજ નામના લેખકની 'ધ હિચ-હાઈકર' નામની વાર્તાને ૧૦૦ પૌંડનું પહેલું ઇનામ એનાયત થયું છે. પ્રસારણક્ષેત્રે ઘણા જ અનુકૂળ એવાઆ સાહિત્ય સ્વરૂપના યોગ્ય ખેડાણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વિશ્વભરમાં પહેલી જ વાર યોજાએલી આ સ્પર્ધામાં વીસ-વીસ પૌંડના બીજા પચ્ચીસ પુરસ્કારો પણ વધારાની બીજી વાર્તાઓને અપાયા એમાં એક ભારતીય લેખકની પણ વાર્તા છે.

ઍન્થની બર્જેસ, લેનરી પીટર્સ અને કે. ફુલર એ ત્રણ નવલકથાકાર નિર્ણાયકોએ જેની વાર્તા પ્રથમ પુરસ્કારને પાત્ર ગણી છે એ ત્રેપન વર્ષના લી પેજ એક વીમા કંપનીમાં છે. વીસ વર્ષ પહેલાં એમણે માત્ર બે જ વાર્તાઓ લખેલી એ પછી આ સ્વરૂપ પર કલમ ચલાવેલી જ નહિ. બસમાં બેઠાંબેઠાં બીજા ઉતારુઓમાં થતી વાતચીતના જે શબ્દો કાને પડી જતા તેમાંથી આ ઇનામીવાર્તાનું વસ્તુ સૂઝેલું.

આધ્યાત્મિકતાથી ભૌતિકતા ભણી આજનો માનવી સરક્યો હોવાના પરિણામે માનવી જે વિટંબણાઓ સહી રહ્યો છે એની મીમાંસા કરતું ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનનું તદ્દન નવું પુસ્તક આગામી મે માસમાં પ્રકટ થશે. 'રિલીજિયન ઈન અ ચેઇન્જિંગ વર્લ્ડ' નામનું એ પુસ્તક લંડનની એક પ્રકાશક સંસ્થા પ્રકટ કરશે.

અમેરિકાના રૅન્ડમ હાઉસ નામે પ્રકાશનગૃહે વર્ષ પહેલાં 'નાઈન અવર્સ ટુ રામ' નામક એક પુસ્તક પ્રગટ કરેલું. મહાત્મા ગાંધીના ખૂનની પૃષ્ઠભૂમિ ઉપર લખાએલુ એ પુસ્તક ઘણું જ વિવાદાસ્પદ રહેલું. સરદાર પટેલ સહિત ઘણા નેતાઓની કીર્તિને ઝાંખપ લગાડે એવી ઘણી સત્યથી વેગળી વાતો એમાં હતી. પુસ્તકની ખપતથી પ્રકાશનક્ષેત્રે વિક્રમ રળી જવાના આશયથી એના પ્રકાશકે એના પ્રચાર પાછળ લગભગ ૧,૫૦,૦૦૦ રૂપિયા ખર્ચેલા. હવે જણાયું છે કે એની ફક્ત બાર હજાર જ નકલો ખપી શકી છે, જે અંગ્રેજી પુસ્તક-પ્રકાશન ક્ષેત્રે સાવ નજીવી જ ગણાય.

'ડિટેક્ટિવ સાહિત્યના વાચન માટે ઉચ્ચ કક્ષાની બુદ્ધિમત્તા જોઈએ, અને વૈજ્ઞાનિક નવલકથાઓ વાંચવા માટે તો એના કરતાં યે વધુ બુદ્ધિમત્તાની જરૂર પડે પણ લાગણી ભરી સામાજિક નવલકથાઓના વાચન માટે તો જરા યે બુદ્ધિમત્તા ન હોય તો ચાલે'— આ શબ્દો રહસ્યમય સાહિત્યના કોઈ રસિયા વાચકના નથી પરંતુ ફ્રાન્સના વિખ્યાત લેખક અને બોર્દો યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્યના પ્રાધ્યાપક તથા વિશ્વના પુસ્તકપ્રકાશન ક્ષેત્રનાં તમામ પાસાં વિષે 'યુનેસ્કો'ના સલાહકાર પ્રોફેસર રૉબર્ટ એસ્કેર્પિટના છે. એમના નેતૃત્વ નીચે યુનેસ્કો અને ફ્રાન્સની સરકારના સંયુક્ત આશ્રયે 'કયા પ્રકારની વ્યક્તિઓ કયા પ્રકારનાં પુસ્તકો વાંચે છે' એ વિષય પર કરેલી સંશોધનાત્મક મોજણી પછી એમણે ઉપર્યુક્ત મંતવ્ય વ્યક્ત કરેલુ. 'પુસ્તકો અને તેના વાચકો'નો અભ્યાસ કરવા માટે અત્યારે તેઓ ભારતમાં પ્રવાસ કરી રહ્યા છે.

કલા અને વિશ્વભરમાં કલાની ચોપાસ આકાર લેતા બનાવોને વરેલું એક નવું પાક્ષિક લંડનમાં જન્મ્યું છે: 'ધી ઈન્ટરનૅશનલ ટાઈમ્સ' જે 'it'ના ટૂંકા નામે ઓળખાય છે. એના સંચાલક-સંપાદકોનો દાવો છે કે વેપારી ધોરણે ચાલતાં અખબારો દ્વારા નજરચૂક થઈ જતા પ્રસંગો અને દષ્ટિબિંદુને વાચા આપવી એ એમનું પ્રથમ કર્તવ્ય બની રહેશે. પ્રદર્શનો, પ્રવચનો અને સંગીતના કાર્યક્રમો માટે ત્યાંનાં અખબારોને મોંઘામૂલી જાહે-



રાતનાં દામ (હવે તો આપણે ત્યાં પણ) અપાય તો જ એ અખબારોમાં સ્થાન પામે છે તેને બદલે આ પાક્ષિક એ તમામ જાહેરાતો વિનામૂલ્યે છાપવાનો ઉદ્દેશ રાખે છે. ટૂંકી મૂડીમાં વિશાળ ધ્યેયો હાંસલ કરવાની એના સંપાદકમંડળની ખ્વાહિશ છે. ઠેઠ મેક્સિકો, બ્યુએનોઆરીસ અને વર્જિલ આઈલૅન્ડ સુધી એની નકલો પહોંચે એવી ગોઠવણ એમણે કરી છે. દુનિયાભરનાં 'કૉફી હાઉસ' એનાં મુખ્ય વેચાણકેન્દ્ર છે.

સંગ્રહાલયો વિષે ભારત સરકારના સલાહકારનું કામ કરતાં ડૉ. શ્રીમતી ગ્રેઈસ મોર્લેનું કહેવું છે કે, 'ફક્ત અઢાર વર્ષ પહેલાં જ આઝાદી હાંસલ કરી હોવાથી ભારતની ગણના ભલે અવિકસિત દેશોમાં થતી હોય, બાકી સંગ્રહાલયોના ક્ષેત્રે એ કોઈ પણ માતબર દેશ કરતા ઊણો ઊતરે એમ નથી'. ભારતમાં ૨૦૦ જેટલાં સંગ્રહાલયો છે. એમાં પાંચ કરતાં વધુ તો એક સદી જેટલાં જૂનાં છે, ને એમાં યે કલકત્તાનું સંગ્રહાલય ૧૮મી સદીનું છે! ભારત સરકારનો પુરાતત્ત્વ વિભાગ ૩૦૦૦ જેટલા ઐતિહાસિક અવશેષો પાછળ ધ્યાન રાખવા ઉપરાંત ઐતિહાસિક સ્થળો ઉપરનાં બારેક સંગ્રહાલયો ઉપર પણ દેખરેખ રાખે છે.

વળી પીલાણી, બૅંગલોર અને કલકત્તામાંના ઉદ્યોગ અને ટેકનૉલૉજી વિષેનાં સંગ્રહાલયો તો એ વિષયના અભ્યાસને પુરસ્કારવામાં અનેરો ફાળો આપે છે. —'અખબારી કીટ'

નવાં પ્રકાશનો

આર. આર. શેઠની કંપનીનાં

પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨

સંસ્કારધન : શ્રીમંતાઈ, સત્તા, વિજય, સામાજિક મહત્તા આદિમાં હમેશાં સંસ્કારિતા હોય જ એવું નથી. ચારિત્ર્ય, નીતિ, પુરુષાર્થ અને એવા બધા સદ્‌ગુણો માનવીને શ્રી-માન, સંસ્કારી બનાવી શકે. આ ગુણોને ઓળખવા અને સાધ્ય કરવાનો માર્ગ ચીંધતા રોચક ને સરળ શૈલીમાં લખાએલા, વિચારપ્રેરક લેખોનો સંગ્રહ. લે૦ શ્રી ઈશ્વર પેટલીકર (પૃ. ૩૦૮, કિં. ૮-૫૦).

આકસ્મિક સ્પર્શ : માનવીના મનોવ્યાપારોને પાણધડના ગણી, ચૈતસિક ગતિ અને સમયવિસ્તારને આલેખતી, આધુનિક વાર્તાકલાની ઢબે લખાએલી શ્રી રઘુવીર ચૌધરીની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પૃ. ૨૩૮, કિ. રૂ. ૫)

આવરણ : શ્રી રઘુવીર ચૌધરીની આધુનિક વાર્તાકલાની ઢબે લખાએલી સુસંવેદ્ય ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પૃ ૨૫૧, કિં. ૫-૨૫)

અલોપીનો અગનખેલ, અલોપીની ઇન્દ્રજાળ, અલોપીનો ઉલ્કાપાતઃ તાર, ટૅલિફોન અને વાયરલેસ વડે જેમ અવાજને દૂરદૂર મોકલી શકાય છે એમ માણસને પણ મોકલી શકાય, એ કલ્પના પર રચાએલી અલોપી નામના પાત્રમાં પરાક્રમો વર્ણવતી અદ્‌ભુત રસપ્રધાન બાળભોગ્ય વિજ્ઞાનકથાઓ. (અનુક્રમે પૃ. ૧૦૫, કિ. ૨-૨૫; પૃ. ૧૫૩, કિં. ૩-૨૫; અને પૃ. ૧૬૪, કિં. ૩-૫૦)

કિંગકૉંગના પંજામાં : ગોરીલાના મોટા ભાઈ જેવા કિંગકોંગ નામના રાક્ષસસમા પ્રાણીએ અજયવિજયને કરેલી સહાયનું આલેખન કરતી સાહસકથા. ('કુમાર' અંક ૫૧૭) (પૃ. ૧૪૮, કિં. ૩-૨૫)

દુનિયાનો દુશ્મન : વિજ્ઞાન જેવું વરદાનરૂપ શાસ્ત્ર એનો દુરુપયોગ થતાં દુનિયામાં કેવી અંધાધૂંધી ફેલાવી દે છે, એનું આલેખન કરતી, વિજ્ઞાનનો આશ્રય લઈ લખાએલી કિશોરભોગ્ય કથા. (પૃ. ૧૬૧, કિં. ૩-૨૫)

સોનાનગરી : જેમાં પ્રવેશ કરતાં માનવી પથ્થર બની જતાં એવી એક નગરીમાં પ્રવેશતાં એક જુવાને વેઠેલાં જોખમોનું વર્ણન કરતી પરીકથા. (પૃ. ૧૯૨, કિં. રૂ. ૪)

જાદુઈ જીનના ચક્કરમાં : સુરાહીમાંથી નીકળેલા જીનની સહાયથી દકાભાઇએ કરેલાં ગજબનાક પરાક્રમો વર્ણવતી બાળભોગ્ય હાસ્યકથા (પૃ. ૧૩૩, કિં. ૩-૨૫) ઉપરની સાતેય બાળકિશોરભોગ્ય કથાઓના લેખક : શ્રી શ્રીકાન્ત ત્રિવેદી.

સોટી અને પોઠી એ નામની વાર્તામાળાની પુસ્તિકાઓ : ૧) ચોરોનો સામનો (પૃ. ૮૪, કિં. ૧-૭૫); ૨) ભેદી ભોંયરું (પૃ. ૫૨, કિં. ૧-૨૫); ૩) જાદુની સફરે (પૃ. ૭૮ કિં. ૧-૭૫); ૪) પ્રપંચી પ્રોફેસર (પૃ. ૯૧, રૂ. ૨); ૫) પઠાણને પટકયો (પૃ ૭૬, કિં. ૧-૭૫); ૬) મંદવાડની મોકાણ (પૃ. ૭૨, રૂ. ૧-૭૫); ૭) પહેલવાનને પછાડયો (પૃ. ૮૫, કિં. ૨); ૮) આકાશમાંથી ભૂસકો (પૃ. ૭૪, રૂ. ૧-૭૫); ૯) ગોરીલાનું ધમસાણ (પૃ. ૬૯, રૂ. ૧-૭૫); ૧૦) દીપડા સાથે દંગલ (પૃ. ૭૦, કિં. ૧-૫૦); ૧૧) મૅચની મોકાણ (પૃ. ૬૮, કિં. ૧।।); ૧૨) ખૂની ખેંગાર (પૃ. ૬૮, કિં. ૧-૭૫); ૧૩) શિકારે ઊપડયા (પૃ. ૬૨, રૂ. ૧।।); ૧૪) મગરનો મુકાબલો (પૃ. ૫૯, કિં. ૧-૫૦); ૧૫) બનાવટી રાજકુમાર (પૃ. ૬૮, કિં. ૧-૫૦); ૧૬) પ્રોફેસર જમદૂતિયા (પૃ. ૫૨, રૂ. ૧-૨૫); ૧૭) સોટીનું અપહરણ (પૃ. ૬૧, રૂ. ૧-૫૦); ૧૮) ભેદી બુરખાધારી (પૃ. ૬૦, રૂ. ૧-૫૦); ૧૯) કુસ્તીનું દંગલ (પૃ. ૬૨, કિં. ૧-૫૦); ને ૨૦) ગુફા-માનવ (પૃ. ૭૨, કિં. ૧-૭૫); સુકલકડી 'સોટી' અને કોઠી જેવા 'પોઠી' નામના બે મિત્રોનાં પરાક્રમોનું આલેખન કરતી બાલભોગ્ય આ હાસ્યકથાઓના લેખક શ્રી ધનંજય ર. શાહ.

સ્વાતિ પ્રકાશન

૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઈ-૩

સાપ ઉતારા : એ સ્થળના પ્રવાસેથી પાછા ફરતાં પ્રેરાએલું ત્રિઅંકી પ્રહસન, લેખક : શિવકુમાર જોશી, પૃ. ૧૧૬, રૂ. ૩.

વાત ચકરાવા : શ્રી ચંદ્રવદન મહેતાની મહદ્ અંશે જીવંત વ્યક્તિઓમાંથી તારવેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, પૃ. ૨૧૦, રૂ. ૫-૫૦.

કંચુકીબંધ : જાતીય આલેખનને લીધે ઠીકઠીક ચર્ચાસ્પદ બનેલી, છતાં કલાતત્ત્વની દૃષ્ટિએ આવકાર પામેલી શિવકુમાર જોશીની, પ્રથમ નવલની બીજી આવૃત્તિ, પૃ. ૪૩૭, રૂ.૯.

નીરદછાયા : એ જ લેખકનાં એકાંકી નાટકોનો પાંચમો સંગ્રહ, પૃ. ૨૧૨, રૂ. ૫-૫૦.

નિરમાળ : શ્રી નિનુ મઝુમદારનાં ગીતોનો સંગ્રહ, પૃ. ૧૩૫, રૂ. ૫.

પગરવ : 'શબ્દોમાં કવિતા કદી બાંધી ન શકાય' એમ પોતાના એક મુક્તકમાં કહેતા શ્રી આદિલ મનસુરીનો, મુક્તકો ગઝલો ને કાવ્યોનો સંગ્રહ, પૃ. ૮૮, રૂ. ૪.

'નજરુના કાંટાની ભૂલ મારા વ્હાલમા
વીંધિ હૈયું ને તોય ફૂલ મારા વ્હાલમા.'

જેવાં શ્રી સુરેશ દલાલનાં ગીતો ને કાવ્યોનો સંગ્રહ. **એકાન્ત :** પૃ. ૧૨૪, રૂ. ૫.

મૌન : 'સાવ સમીપે આવીને
તવ કાન મહીં કહેવું'તું
એને આજ મનખના મેળામાં
લ્યો, આમ અચાનક ગાઈ લીધું.'

એ 'મનખના મેળા'માં પ્રગટ થએલા શ્રી હરીન્દ્ર દવેના મૌને આપેલાં ગીતો ને કાવ્યોનો સંગ્રહ : પૃ. ૧૩૨, રૂ. ૫.

જ્ઞાનકૌશલ્ય શ્રેણી · ચાણસ્મા

આંખની સંભાળ : આંખની નબળાઈથી સંખ્યાબંધ માણસો પીડાઈ રહ્યા છે એવા આ યુગમાં નેત્રરક્ષાના અનેક ઉપાયો બતાવતી ડૉ. ગોવિંદભાઈ પટેલની પુસ્તિકા (પૃ. ૩૨, ૪૦ પૈસા).

ગુજરાતી ભાષામાં ફારસીની સમૃદ્ધિ (ડૉ. છોટુભાઈ નાયક): ફારસી ભાષાના ઉત્પત્તિપ્રદેશ, ગુજરાતી ભાષા સાથેના એના સંપર્ક અને એની અસરો વિષે, ભાષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી તેમજ પૃથક્-જનને રસપ્રદ એવી માહિતી આપતી પુસ્તિકા.

પંખીજગત(દિનકરરાવ વૈદ્ય 'મીનપિયાસી'): પંખીઓની યાત્રા, નીડ રચના, ઉપયોગિતા આદિ વિષે માહિતી તેમજ કેટલાંક પક્ષીઓની સચિત્ર ઓળખ આપતી વૈજ્ઞાનિક પદ્ધતિએ લખાએલી પુસ્તિકા. (દરેકનાં પૃ. ૩૨, કિં. ૫૦ પૈસા).

બ્રિટિશ પત્રકારત્વ (લે. વિષ્ણુકુમાર પંડયા): ઇંગ્લંડની અખબારી આલમનાં ઐતિહાસિક અને અન્ય કોણીય પાસાંઓનો પરિચય આપતી પુસ્તિકા.

જ્ઞાનજયોત (સં૦ પ્રહ્લાદભાઈ ને સોમાભાઈ પટેલ): ગુજરાત, ભારત ને વિશ્વની ભૌગોલિક તેમજ અનેકવિધ માહિતી આપતી અને વિજ્ઞાન, સાહિત્ય, ખેલકૂદ વિષે સામાન્ય જ્ઞાન આપતી તેર આવૃત્તિઓ પામેલી લોકપ્રિય પુસ્તિકા (પૃ. ૧૯૨, રૂ. ૨).

રે મૃત્યુ પણ એવું હજો, એવું મધુર!
કે આયખાની જે બધી વીતી ક્ષણો
સૌ સામટી બોલી ઊઠે: આ આપણો
કેવો અભાગી સંઘ?
છેલ્લી ઘડી યે ના શક્યાં—કેવી કસુર?'
(એકાન્ત) —સુરેશ દલાલ

બોલાયલા શબ્દો ભલા!
બસ સાથે થઈ જાઓ તમે આચાર થૈ;
કે ગૌરવે બોલી શકો પાછા તમે, કે અમે
ક્યારે ય ના જીવ્યા હતા લાચાર થૈ!
(એકાન્ત) —સુરેશ દલાલ

સુખનો શાને છાક અને આ દુખનો શો સંકોચ?
ડાળડાળ પર કંટક સંગે ફૂલ પણ લિયે હિંડોળ!
(એકાન્ત) —સુરેશ દલાલ

રહીરહીને દિલ દર્દ ઊઠે તે
દોસ્ત મળે તો દઈએ,
કોઈની મોંઘી પીડ ફક્ત
એક સ્મિત દઈ લઈ લઈએ;
પળભરનો આનંદ ધરાના કણકણમાં પાથરીએ.
('મૌન') —હરીન્દ્ર દવે

થાક્યો નથી, હું બેઠો કળ ખાઈ કૈંક વેળા,
રસ્તામાં ઠોકરોના મુજને મળ્યા વિસામા.
(નિરમાળ) —નિનુ મઝુમદાર

વિવિધ પ્રકાશકોનાં

અશ્રુઘર: જાનપદી સૃષ્ટિનાં ઝીણવટભર્યાં કલ્પનોનું સૌંદર્ય પમાડતી, ગેરસમજ કે વિરોધ ન હોય છતાં પણ બે માણસ હોય છે એટલા કારણે જ ઉત્પન્ન થતા સંઘર્ષનો આસ્વાદ ને વેદનાજન્ય આનંદનો અનુભવ કરાવતી શ્રી રાવજી પટેલની પ્રથમ છતાં સુંદર નવલકથા, પ્ર૦ જયજગત પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૩, પૃ. ૨૦૨, રૂ. ૫.

શાસ્ત્રીજીનાં સંભારણાં: શિક્ષણક્ષેત્રમાં અને સુરતના જાહેરક્ષેત્રમાં નિઃસ્વાર્થ સેવા આપી લોકપ્રિય બનનાર શ્રી ભૂપતરાય જમિયતરામ શાસ્ત્રીના સ્મરણાર્થે, એમનાં જીવન અને કાર્ય વિષેના લેખો, એમને અપાએલી અંજલિઓ, સ્વર્ગસ્થની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડતા લેખો ને છબીઓના સંગ્રહરૂપ ગ્રંથ. સં. ઈશ્વરલાલ દેસાઈ, પૃ. ૨૫૧, અમૂલ્ય.

સંજય: આજની રાજકીય, સામાજિક, ધાર્મિક ઇત્યાદિ પરિસ્થિતિનો પડદો ચીરીને વાસ્તવિક્તાનું દર્શન કરાવતી અને તજ્જન્ય મનોભાવોનો અનુભવ કરાવતી શ્રી કનૈયાલાલ દવેની, માત્રામેળ વૃત્તોમાં રચાએલી કાવ્યકૃતિઓનો સંગ્રહ, (એમ. પી. એમ. પ્રકાશન, મુંબાઈ. પૃ. ૯૯, રૂ. ૪); **આ ધરા, આ માનવી**: પોતાની હૃદયધરી અને કર્મધરીની આસપાસ ઘૂમ્યા કરતા માનવોની આશાઓ, આકાંક્ષાઓ, કલ્પનાઓ અને તરંગલીલાઓનું દર્શન કરાવતી શ્રી લલિતકુમાર શાસ્ત્રીની નવલકથા: પ્ર૦ શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીમાર્ગ, અમદાવાદ, પૃ. ૩૬૪, રૂ. ૮; **દિલ્હીમાં ગાંધીજી ભા. ૨**: ગાંધીજીના અંતકાળ સુધીની, ગાંધીજીના આત્માના આર્તનાદો વ્યક્ત કરતી શ્રી મનુબહેન ગાંધીએ લખેલી ડાયરી. પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪. પૃ. ૪૬૧, રૂ. ૫.

રાતનાં દામ (હવે તો આપણે ત્યાં પણ) અપાય તો જ એ અખબારોમાં સ્થાન પામે છે તેને બદલે આ પાક્ષિક એ તમામ જાહેરાતો વિનામૂલ્યે છાપવાનો ઉદ્દેશ રાખે છે. ટૂંકી મૂડીમાં વિશાળ ધ્યેયો હાંસલ કરવાની એના સંપાદકમંડળની ખ્વાહિશ છે. ઠેઠ મેક્સિકો, બ્યુએનોઆરીસ અને વર્જિલ આઈલૅન્ડ સુધી એની નકલો પહોંચે એવી ગોઠવણ એમણે કરી છે. દુનિયાભરનાં 'કૉફી હાઉસ' એનાં મુખ્ય વેચાણકેન્દ્ર છે.

સંગ્રહાલયો વિષે ભારત સરકારના સલાહકારનું કામ કરતાં ડૉ. શ્રીમતી ગ્રેઈસ મોર્લેનું કહેવું છે કે, 'ફક્ત અઢાર વર્ષ પહેલાં જ આઝાદી હાંસલ કરી હોવાથી ભારતની ગણના ભલે અવિકસિત દેશોમાં થતી હોય, બાકી સંગ્રહાલયોના ક્ષેત્રે એ કોઈ પણ માતબર દેશ કરતાં ઊણો ઊતરે એમ નથી'. ભારતમાં ૨૦૦ જેટલાં સંગ્રહાલયો છે. એમાં પાંચ કરતાં વધુ તો એક સદી જેટલાં જૂનાં છે, ને એમાં યે કલકત્તાનું સંગ્રહાલય ૧૮મી સદીનું છે! ભારત સરકારનો પુરાતત્ત્વ વિભાગ ૩૦૦૦ જેટલા ઐતિહાસિક અવશેષો પાછળ ધ્યાન રાખવા ઉપરાંત ઐતિહાસિક સ્થળો ઉપરનાં બારેક સંગ્રહાલયો ઉપર પણ દેખરેખ રાખે છે.

વળી પીલાણી, બૅંગલોર અને કલકત્તામાંના ઉદ્યોગ અને ટેક્નૉલૉજી વિષેનાં સંગ્રહાલયો તો એ વિષયના અભ્યાસને પુરસ્કારવામાં અનેરો ફાળો આપે છે. —'અખબારી કીટ'

નવાં પ્રકાશનો

આર. આર. શેઠની કંપનીનાં

પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨

સંસ્કારધન : શ્રીમંતાઈ, સત્તા, વિજય, સામાજિક મહત્તા આદિમાં હમેશાં સંસ્કારિતા હોય જ એવું નથી. ચારિત્ર્ય, નીતિ, પુરુષાર્થ અને એવા બધા સદ્‌ગુણો માનવીને શ્રી-માન, સંસ્કારી બનાવી શકે. આ ગુણોને ઓળખવા અને સાધ્ય કરવાનો માર્ગ ચીંધતા રોચક ને સરળ શૈલીમાં લખાએલા, વિચારપ્રેરક લેખોનો સંગ્રહ. લે૦ શ્રી ઈશ્વર પેટલીકર (પૃ. ૩૦૮, કિ. ૮-૫૦).

આકસ્મિક સ્પર્શ : માનવીના મનોવ્યાપારોને પણ઼ઘટના ગણી, ચૈતસિક ગતિ અને સમયવિસ્તારને આલેખતી, આધુનિક વાર્તાકલાની ઢબે લખાએલી શ્રી રઘુવીર ચૌધરીની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પૃ. ૨૩૮, કિ. રૂ. ૫)

આવરણ : શ્રી રઘુવીર ચૌધરીની આધુનિકવાર્તાકલાની ઢબે લખાએલી સુસંવેદ્ય ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પૃ ૨૫૧, કિ. ૫-૨૫)

અલોપીનો અગનખેલ, અલોપીની ઇન્દ્રજાળ, અલોપીનો ઉલ્કાપાત : તાર, ટૅલિફોન અને વાયરલેસ વડે જેમ અવાજને દૂર દૂર મોકલી શકાય છે એમ માણસને પણ મોકલી શકાય, એ કલ્પના પર રચાએલી અલોપી નામના પાત્રમાં પરાક્રમો વર્ણવતી અદ્‌ભુત રસપ્રધાન બાળભોગ્ય વિજ્ઞાનકથાઓ. (અનુક્રમે પૃ. ૧૦૫, કિ. ૨-૨૫; પૃ. ૧૫૩, કિ. ૩-૨૫; અને પૃ. ૧૬૪, કિ. ૩-૫૦)

કિંગકૉંગના પંજામાં : ગોરીલાના મોટા ભાઈ જેવા કિંગકાંગ નામના રાક્ષસસમા પ્રાણીએ અજયવિજયને કરેલી સહાયનું આલેખન ('કુમાર' અંક ૫૧૭) ખન કરતી સાહસકથા. (પૃ. ૧૪૮, કિ. ૩-૨૫)

દુનિયાનો દુશ્મન : વિજ્ઞાન જેવું વરદાનરૂપ શાસ્ત્ર એનો દુરુપયોગ થતાં દુનિયામાં કેવી અંધાધૂંધી ફેલાવી દે છે, એનું આલેખન કરતી, વિજ્ઞાનનો આશ્રય લઈ લખાએલી કિશોરભોગ્ય કથા. (પૃ. ૧૬૧, કિ. ૩-૨૫)

સોનાનગરી : જેમાં પ્રવેશ કરતાં માનવી પથ્થર બની જતાં એવી એક નગરીમાં પ્રવેશતાં એક જુવાને વેઠેલાં જોખમોનું વર્ણન કરતી પરીકથા. (પૃ. ૧૯૨, કિ. રૂ. ૪)

જાદુઈ જીનના ચક્કરમાં : સુરાહીમાંથી નીકળેલા જીનની સહાયથી દકાભાઇએ કરેલાં ગજબનાક પરાક્રમો વર્ણવતી બાળભોગ્ય હાસ્યકથા (પૃ. ૧૩૩, કિ. ૩-૨૫) ઉપરની સાતેય બાળકિશોરભોગ્ય કથાઓના લેખક : શ્રી શ્રીકાન્ત ત્રિવેદી.

સોટી અને પોઠી એ નામની વાર્તામાળાની પુસ્તિકાઓ : ૧) ચોરોનો સામનો (પૃ. ૮૪, કિ. ૧-૭૫); ૨) ભેદી ભોંયરું (પૃ. ૫૨, કિ. ૧-૨૫); ૩) જાદુની સફરે (પૃ. ૭૮ કિ. ૧-૭૫); ૪) પ્રપંચી પ્રોફેસર (પૃ. ૯૧, રૂ. ૨); ૫) પઠાણને પટક્યો (પૃ ૭૬, કિ. ૧-૭૫); ૬) મંદવાડની મોકાણ (પૃ. ૭૨, રૂ. ૧-૭૫); ૭) પહેલવાનને પછાડ્યો (પૃ. ૮૫, કિ. ૨); ૮) આકાશમાંથી ભૂસકો (પૃ. ૭૪, રૂ. ૧-૭૫); ૯) ગોરીલાનું ધમસાણ (પૃ. ૬૯, રૂ. ૧-૭૫); ૧૦) દીપડા સાથે દંગલ (પૃ. ૭૦, કિ. ૧-૫૦); ૧૧) મૅચની મોકાણ (પૃ. ૬૮, કિ. ૧ા); ૧૨) ખૂની ખૅંગાર (પૃ. ૬૮, કિ. ૧-૭૫); ૧૩) શિકારે ઊપડ્યા (પૃ. ૬૨, રૂ. ૧ા); ૧૪) મગરનો મુકાબલો (પૃ. ૫૯, કિ. ૧-૫૦); ૧૫) બનાવટી રાજકુમાર (પૃ. ૬૮, કિ. ૧-૫૦); ૧૬) પ્રોફેસર જમદ્ધુતિયા (પૃ. ૫૨, રૂ. ૧-૨૫); ૧૭) સોટીનું અપહરણ (પૃ. ૬૧, રૂ. ૧-૫૦); ૧૮) ભેદી બુરખાધારી (પૃ. ૬૦, રૂ. ૧-૫૦); ૧૯) કુસ્તીનું દંગલ (પૃ. ૬૨, કિ. ૧-૫૦); ને ૨૦) ગુફા-માનવ (પૃ. ૭૨, કિ. ૧-૭૫); સુકલકડી 'સોટી' અને કોઠી જેવા 'પોઠી' નામના બે મિત્રોનાં પરાક્રમોનું આલેખન કરતી બાલભોગ્ય આ હાસ્યકથાઓના લેખક શ્રી ધનંજય ર. શાહ.

સ્વાતિ પ્રકાશન

૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઈ-૩

સાપ ઉતારા : એ સ્થળના પ્રવાસેથી પાછા ફરતાં પ્રેરાએલું ત્રિઅંકી પ્રહસન, લેખક : શિવકુમાર જોશી, પૃ. ૧૧૬, રૂ. ૩.

વાત ચકરાવા : શ્રી ચંદ્રવદન મહેતાની મહદ્ અંશે જીવંત વ્યક્તિઓમાંથી તારવેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, પૃ. ૨૧૦, રૂ. ૫-૫૦.

કંચુકીબંધ : જાતીય આલેખનને લીધે ઠીકઠીક ચર્ચાસ્પદ બનેલી. છતાં કલાતત્ત્વની દૃષ્ટિએ આવકાર પામેલી શિવકુમાર જોશીની, પ્રથમ નવલની બીજી આવૃત્તિ, પૃ. ૪૩૭, રૂ.૯.

નીરદછાયા : એ જ લેખકનાં એકાંકી નાટકોનો પાંચમો સંગ્રહ, પૃ. ૨૧૨, રૂ. ૫-૫૦.

નિરમાળ : શ્રી નિનુ મઝુમદારનાં ગીતોનો સંગ્રહ, પૃ. ૧૩૫, રૂ. ૫.

પગરવ : 'શબ્દોમાં કવિતા કદી બાંધી ન શકાય' એમ પોતાના એક મુક્તકમાં કહેતા શ્રી આદિલ મનસુરીનો, મુક્તકો ગઝલો ને કાવ્યોનો સંગ્રહ, પૃ. ૮૮, રૂ. ૪.

'નજરુંના કાંટાની ભૂલ મારા વ્હાલમા
વીંધિ દેયું ને તોય ફૂલ મારા વ્હાલમા.'

જેવાં શ્રી સુરેશ દલાલનાં ગીતો ને કાવ્યોનો સંગ્રહ. **એકાન્ત :** પૃ. ૧૨૪, રૂ. ૫.

મૌન : 'સાવ સમીપે આવીને
તવ કાન મહીં કહેવું'તું
એને આજ મનખના મેળામાં
લ્યો, આમ અચાનક ગાઈ લીધું.'

એ 'મનખના મેળા'માં પ્રગટ થએલા શ્રી હરીન્દ્ર દવેના મૌને આપેલાં ગીતો ને કાવ્યોનો સંગ્રહ : પૃ. ૧૩૨, રૂ. ૫.

જ્ઞાનકૌશલ્ય શ્રેણી · ચાણસ્મા

આંખની સંભાળ : આંખની નબળાઈથી સંખ્યાબંધ માણસો પીડાઈ રહ્યા છે એવા આ યુગમાં નેત્રરક્ષાના અનેક ઉપાયો બતાવતી ડૉ. ગોવિંદભાઈ પટેલની પુસ્તિકા (પૃ. ૩૨, ૪૦ પૈસા).

ગુજરાતી ભાષામાં ફારસીની સમૃદ્ધિ (ડૉ. છોટુભાઈ નાયક): ફારસી ભાષાના ઉત્પત્તિપ્રદેશ, ગુજરાતી ભાષા સાથેના એના સંપર્ક અને એની અસરો વિષે, ભાષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી તેમજ પૃથક્-જનને રસપ્રદ એવી માહિતી આપતી પુસ્તિકા.

પંખીજગત(દિનકરરાવ વૈદ્ય 'મીનપિયાસી'): પંખીઓની યાત્રા, નીડ રચના, ઉપયોગિતા આદિ વિષે માહિતી તેમજ કેટલાંક પક્ષીઓની સચિત્ર ઓળખ આપતી વૈજ્ઞાનિક પદ્ધતિએ લખાએલી પુસ્તિકા. (દરેકનાં પૃ. ૩૨, કિં. ૫૦ પૈસા).

બ્રિટિશ પત્રકારત્વ (લે. વિષ્ણુકુમાર પંડ્યા): ઇંગ્લૅંડની અખબારી આલમનાં ઐતિહાસિક અને અન્ય કોણીય પાસાંઓનો પરિચય આપતી પુસ્તિકા.

જ્ઞાનજ્યોત (સં૦ પ્રહ્‌લાદભાઈ ને સોમાભાઈ પટેલ): ગુજરાત, ભારત ને વિશ્વની ભૌગોલિક તેમજ અનેકવિધ માહિતી આપતી અને વિજ્ઞાન, સાહિત્ય, ખેલકૂદ વિષે સામાન્ય જ્ઞાન આપતી તેર આવૃત્તિઓ પામેલી લોકપ્રિય પુસ્તિકા (પૃ. ૧૯૨, રૂ. ૨).

રે મૃત્યુ પણ એવું હશે, એવું મધુર!
કે આયખાની જે બધી વીતી ક્ષણો
સૌ સામટી બોલી ઊઠે: આ આપણો
કેવો અભાગી સંઘ?
છેલ્લી ઘડી યે ના શકયાં—કેવી કસૂર?'
(એકાન્ત) —સુરેશ દલાલ

બોલાયલા શબ્દો ભલા!
બસ સાર્થ થઈ જાઓ તમે આચાર યે;
કે ગૌરવે બોલી શકો પાછા તમે, કે અમે
ક્યારે ય ના જીવ્યા હતા લાચાર યે!
(એકાન્ત) —સુરેશ દલાલ

સુખનો શાનેં છાકઅને આ દુખનોશો સંકોચ?
ડાળડાળ પર કંટક સંગે ફૂલ પણ લિયે હિંડોળ!
(એકાન્ત) —સુરેશ દલાલ

રહીરહીને દિલ દર્દ ઊઠે તે
દોસ્ત મળે તો દઈએ,
કોઈની મોંઘી પીડ ફક્ત
એક સ્મિત દઈ લઈ લઈએ;
પળભરનો આનંદ ધરાના કણકણમાં પાથરીએ.
('મૌન') —હરીન્દ્ર દવે

થાક્યો નથી, હું બેઠો કળ ખાઈ કૈંક વેળા,
રસ્તામાં ઠોકરોના મુજને મળ્યા વિસામા.
(નિરમાળ) —નિતુ મઝુમદાર

વિવિધ પ્રકાશકોનાં

અશ્રુઘર: જાનપદી સૃષ્ટિનાં ઝીણવટભર્યાં કલ્પનોનું સૌંદર્ય પમાડતી, ગેરસમજ કે વિરોધ ન હોય છતાં પણ બે માણસ હોય છે એટલા કારણે જ ઉત્પન્ન થતા સંઘર્ષનો આસ્વાદ ને વેદનાજન્ય આનંદનો અનુભવ કરાવતી શ્રી રાવજી પટેલની પ્રથમ છતાં સુંદર નવલકથા, પ્ર૦ જયજગત પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૩, પૃ. ૨૦૨, રૂ. ૫.

શાસ્ત્રીજીનાં સંભારણાં: શિક્ષણક્ષેત્રમાં અને સુરતના જાહેરક્ષેત્રમાં નિઃસ્વાર્થ સેવા આપી લોકપ્રિય બનનાર શ્રી ભૂપતરાય જમિયતરામ શાસ્ત્રીના સ્મરણાર્થે, એમનાં જીવન અને કાર્ય વિષેના લેખો, એમને અપાએલી અંજલિઓ, સ્વર્ગસ્થની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડતા લેખો ને છબીઓના સંગ્રહરૂપ ગ્રંથ. સં. ઈશ્વરલાલ દેસાઈ, પૃ.૨૫૬, અમૂલ્ય.

સંજય: આજની રાજકીય, સામાજિક, ધાર્મિક ઇત્યાદિ પરિસ્થિતિનો પડદો ચીરીને વાસ્તવિક્તાનું દર્શન કરાવતી અને તજ્જન્ય મનોભાવોનો અનુભવ કરાવતી શ્રી કનૈયાલાલ દવેની, માત્રામેળ વૃત્તોમાં રચાએલી કાવ્યકૃતિઓનો સગ્રહ, (એમ. પી. એમ. પ્રકાશન, મુંબાઈ. પૃ. ૯૬, રૂ. ૪); **આ ધરા, આ માનવી:** પોતાની હૃદયધરી અને કર્મધરીની આસપાસ ધૂમ્યા કરતા માનવોની આશાઓ, આકાંક્ષાઓ, કલ્પનાઓ અને તરંગલીલાઓનું દર્શન કરાવતી શ્રી લલિતકુમાર શાસ્ત્રીની નવલકથા: પ્ર૦ શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીમાર્ગ, અમદાવાદ, પૃ. ૩૬૪, રૂ.૮; **દિલ્હીમાં ગાંધીજી ભા. ૨:** ગાંધીજીના અંતકાળ સુધીની, ગાંધીજીના આત્માના આર્તનાદો વ્યક્ત કરતી શ્રી મનુબહેન ગાંધીએ લખેલી ડાયરી. પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪. પૃ. ૪૬૧, રૂ. ૫.

અનુસંધાન] **ધ હિસ્ટરી ઑવ મિ. પૉલી** [પૃષ્ઠ ૧૪થી

મિ. પૉલી, આમ તો માબાપનો લાડકો પુત્ર હતો. પણ સાત વર્ષની વયે માતાનું અવસાન થતાં પિતાએ એને ખપજોગું ભણાવી એક કાપડિયાની દુકાને શિખાઉ તરીકે મૂકી દીધો હતો. જોકે તેને તો વાચનનો અને શાંત ગામડાંઓમાં સાઈકલ પર ઘૂમવાનો શૉખ હતો; છતાં એણે કામ શીખી લીધું, અને એક દુકાનથી બીજે એમ નોકરીની પ્રગતિ કરવા લાગ્યો. અમુક પ્રકારના રોમાંચક જીવનનાં સ્વપ્નાં સેવતા પૉલીને દુકાનની દોડાદોડ ને એકધારી નોકરી ગમતાં નહોતાં. એની આવકનો મોટો ભાગ એ પુસ્તકોમાં ખર્ચી નાખતો અને જંજાળી જીવનથી દૂર ભાગવા પ્રયાસ કરતો.

પિતાનું અવસાન થતાં એના કબજામાં થોડો નકામો સામાન અને ૩૯૫ પાઉંડની મિલક્ત આવી. થોડા દહાડા તો એને લાગ્યું કે પોતા માટે એક નવું વિશ્વ સર્જાયું છે. એનાં લાગણીશીલ સગાંએ એને એક દુકાન ખોલવા સલાહ આપી, પણ એને તો રજાએ ઊપડી જઈ શાંતિ મેળવવી હતી. પિતાની દફનયાત્રા વખતે જેમના અસ્તિત્વની આજ સુધી એને જાણ નહોતી એવી કાકીઓ ને પિતરાઈઓ એને આવી મળ્યાં, ને હજી એને પૂરી સમજ પણ પડે એ પહેલાં તો એની એક પિતરાઈ મરિયમનો એ પતિ થઈ ગયો અને એક દુકાનનો માલિક બન્યો! પછીનાં પંદર વર્ષ પૉલીએ એક મોભાદાર પણ દુઃખી વેપારી તરીકે ગાળ્યાં. એની પત્ની ફૂવડ અને બેદરકાર નીવડી હતી અને એના પાડોશીઓ નર્યા દુનિયાદારી કીડા હતા.

વેલ્સના બધા કથાનાયકોની પેઠે પૉલી પણ પોતાની આસપાસના વાતવરણની સામે મનોમન બળવો પોકારી રહ્યો હતો અને તેની સામે ઝૂઝવાના તરંગો રચ્યા કરતો. છેલ્લાં પંદર વર્ષમાં પહેલી જ વાર, એની રોજિંદી માનસિક અકળામણો ઉપરાંત હવે તો ૬૦ થી ૭૦ પાઉંડનું દેવું પણ એના માથે ચડી ગયું હતું. આ સ્થિતિમાં ઘણા વખતથી ઘૂંધવાઈ રહેલી એક યોજના એના મનમાં આકાર લેવા લાગી: પોતે જો આપઘાત કરે તો એનો વીમો પત્નીને મળે. સાથોસાથ એણે દુકાનને આગ લગાડી આગનો પણ વીમો પકવવાનો અને આગ પૂરી થતાં પહેલાં આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. આ પરાક્રમ માટે એણે સૌ દેવળમાં ગયાં હોય એવો રવિવારનો સમય પસંદ કર્યો.

એ આગ ભયંકર હતી, અને એના લીધે મિ. પૉલી જીવનમાં પહેલી જ વાર વીર બની રહ્યો. ઉપલા માળે રહેતી એક બહેરી ડોશીને એણે પોતાની જવાબદારી સમજી જીવતી બચાવી લીધી. જોકે આ જોસ્સો શાંત થઈ જતાં એ આત્મહત્યા ન કરી શક્યો. આથી, પોતાના માટે માત્ર ૨૧ પાઉન્ડ લઈ બાકીની તમામ મિલકત પત્ની મરિયમ માટે રાખી એ અદૃશ્ય થઈ ગયો. પહેલાં તો દેશમાં રખડીને એણે સાચી રીતે ને ભલી ભાંતે જીવન માણ્યું: એણે પ્રકૃતિનું સૌંદર્ય, રસ્તે થતી ઓળખાણોના સખ્યનું માધુર્ય ને જગતનો સાચો આનંદ શોધી કાઢ્યાં. એ અનુભવ અદ્‌ભુત હતો.

એકાદ માસ બાદ પૉલી એક ગામની એક હૃષ્ટપુષ્ટ ને આનંદી બાઈની લૉજમાં આવી ચડ્યો. એ બાઈના નિકટ સંપર્કમાં આવતાં પૉલીને એણે લૉજમાં નોકરી આપી. એમાં કામ ઘણું ને વિવિધ પ્રકારનું હોવા છતાં એને શાંતિ મળતી કેમ કે, બાઈનો સ્વભાવ સારો હતો. આ શાંતિમાં ડખલરૂપ હતો એ બાઈનો એક ભત્રીજો અંકલ જિમ. એ દુષ્ટે આ લૉજમાં રહેલા અનેક માણસોને ભગાડી મૂક્યા હતા અને કાકીને મારીઝૂડી વારંવાર પૈસા પડાવ્યા હતા. બાઈ જાણતી હતી કે પૈસા ભેગા થતાં જ ફરી જિમ આવશે. એમ એ આવી પહોંચ્યો અને પૉલીને પરેશાન કરવા માંડ્યો. શાંત પૉલી એ સ્વભાવ પ્રમાણે વેઠતો રહ્યો પણ અંતે અકળાઈને શાંતિની આ નબળાઈ ખંખેરી નાખવાનો એણે નિરધાર કર્યો. એણે જિમનો સામનો કર્યો. એમાં પૉલી સામે બે વાર હારેલો જિમ છેવટે એનાં વસ્ત્રો ચોરી ભાગી ગયો.

અંકલ જિમ ફરી દેખાયો જ નહિ. પાંચેક વર્ષ બાદ પોતાની પત્ની યાદ આવતાં એને તજી દેવા બદલ પસ્તાતો પૉલી પોતાના ઘેર પાછો ફર્યો. પણ ત્યાં તો એણે જોયું કે મરિયમ અને એની બહેનો સારી આવકવાળી એક હોટેલ ચલાવતાં હતાં. નદીમાં તણાઈ આવેલી એના જેવાં કપડાંવાળી એક લાશ પરથી એ લોકોએ એને મરી ગએલો માન્યો હતો. એટલે પૉલીને જીવતો જાગતો આવેલો જોઈ ભયભીત થએલી મરિયમ તો હવે વીમાનાં નાણાં પરત કરવાં પડશે એની ચિંતામાં પડી ગઈ! પોતાના વિના પત્ની સુખી છે એ જોઈ, એને પોતાના પુનરાગમન વિષે મૂગા રહેવાની સલાહ આપી, પૉલી પાછો પેલી મસ્ત બાઈની લૉજમાં આવી ગયો, અને દુષ્ટ અંકલ જિમ કદી પાછો ફરવાનો નથી, તેમજ બીજી બાજુ સંસારી જવાબદારીઓ તથા જંજાળોમાંથી છુટકારો થયો છે તેની રાહત અનુભવતાં તે હવે જીવનની અદ્‌ભુત શાંતિનો આસ્વાદ લેવા લાગ્યો.

૩

ધી ઇન્વિઝિબલ મૅન

અદૃશ્ય માનવી



એચ. જી. વેલ્સે એના સાહિત્યિક જીવનની શરૂઆતમાં લખેલી, વૈજ્ઞાનિક તરંગો પર અવલંબિત કથાઓમાં આ નવલકથાનું એક વિશિષ્ટ સ્થાન છે. કથાવસ્તુ અવાસ્તવિક ને તરંગી શોધ પર આધારિત હોવા છતાં, વાસ્તવિક ને ઘરગથ્થુ વિગતોથી તે રચાયું હોવાથી વાસ્તવિક હોવાનો સમર્થ આભાસ ઊભો કરી શકે છે. આવી અલૌકિક કથા સર્જવી એ જેવીતેવી પ્રતિભાનું કામ નથી. કથાનાયક ગ્રિફિનના સંકટ સાથે સંકળાએલાં અન્ય પાત્રો નોંધપાત્ર ન હોવા છતાં એમની ખાસિયતો ટેવો ને ભીતિઓને પ્રતીતિકર રીતે નિરૂપવામાં આવ્યાં છે. કથાની કેન્દ્રભૂત પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવતાં માનસશાસ્ત્રીય તત્ત્વો અને વિચક્ષણ વસ્તુસ્ફોટે ઉત્પન્ન કરેલા વિસ્મયને લીધે આ નવલકથા એના સર્જનકાળે હતી તેટલી જ આજે પણ લોકપ્રિય રહી શકી છે.

ફેબ્રુઆરીના એક ઠંડા બરફ વરસતા દિવસે બ્રામ્બ્લેહર્સ્ટ રેલવે સ્ટેશને એક અજાણ્યો પ્રવાસી ઊતર્યો. ઘેરા ભૂરા રંગનાં ચશ્માંવાળો ને આખો ટોપીથી ચહેરો ઢાંકેલો આ માણસ ઘોડાગાડી કરી ઇપિંગ તરફ હંકારી ગયો અને 'કોચ ઍન્ડ હૉર્સિઝ' નામની વીશીમાં ઊતર્યો.

ધર્મશાળાની માલિકણ બાઈ શ્રીમતી હૉલ, એણે માગ્યા પ્રમાણે એની રૂમમાં જ થાળી લઈ ગઈ; પણ પીરસવા જતાં એણે જોયું કે એ

અજાણ્યા આદમીના માથે પાટા બાંધેલા હતા અને એ મોઢું તથા દાઢી નૅપકિનથી ઢાંકીને ખાતો હતો. પછી આ અજાણ્યા આદમીનો સરસમાન આવ્યો. એમાં પુસ્તકો ને બાટલીઓથી ભરેલી પેટીઓ હતી. એ ઉપર ચડાવવાની મથામણ કરતાં એ અજાણ્યા આદમીને ફૂતરો કરડ્યો અને એનાં મોજાં ને પાટલૂન ફાટી ગયાં પણ એમાં પગ જણાયા નહિ! લૉજનો માલિક મિ. હૉલ એની ખબર કાઢવા એની રૂમમાં ગયો તો એ એકાએક કોઈના ધક્કાથી રૂમ બહાર ફેંકાઈ ગયો! સાંજે વાળુ સમયે શ્રીમતી હૉલેને ચશ્માં વિનાના આ આદમીની આંખોની જગ્યાએ માત્ર કાણાં જ દેખાયાં!

એકાદ અઠવાડિયામાં તો આ અજાણ્યા આદમી વિષે ગામમાં અનેક અનુમાનો થવા લાગ્યાં. લોકોને રસ્તામાં મોઢે-માથે પાટા બાંધેલી વિચિત્ર વ્યક્તિ દેખાવા લાગી, જેના પાટલૂનમાં જાણે પગ ન હોય ને કોટ તથા હાથમોજાં નર્યાં એકલાં જ હાલતાંચાલતાં હોય. કોઈને લાગ્યું કે એ ગુનેગાર છે, તો કોઈને એ કોઈ ચામડીના રોગથી પીડાતો દર્દી પણ લાગ્યો. એ કોઈ ને પજવતો કે રંજાડતો નહિ, પણ એના આ વિચિત્ર દેખાવ ને વર્તનથી લોકો એનાથી બીવા તથા એની નફરત કરવા લાગ્યા. એથી હવે ગામમાં અવનવા અદ્ભુત બનાવો બનવા લાગ્યા. એક રાત્રે પાદરીના ઘરમાં પૈસાના ખણખણાટનો અવાજ ને કોઈની છીંક સંભળાયાં, પણ એનો કર્તા દેખાયો નહિ.

એક વાર મિ. હૉલે એ અજાણ્યા આદમીનાં વસ્ત્રો ને પાટા રૂમમાં પડેલા જોયા, પણ એ પોતે દેખાયો નહિ. તેમ છતાં થોડી વાર પછી રૂમનું બારણું ઊઘડતું અને બંધ થતું એમણે જોયું; અને પછી થોડી વારે પેલો અજાણ્યો આદમી રૂમની બહાર નીકળી દાદર ઊતરતો દેખાયો, પણ એને પૂછ્યું કે એ ક્યાં ગયો હતો અને કેવી રીતે રૂમમાં પ્રવેશ્યો તો એ વિષે એણે કશું કહેવાની ના પાડી.

થોડા દિવસ બાદ લૉજનું બિલ બાકી રહેતાં લૉજ-માલિકે એને રૂમ ખાલી કરવાની આજ્ઞા કરી પણ એણે માન્યું નહિ. એથી માલિકે પોલીસને ખબર આપી. પોલીસ, માલિક ને એક જિજ્ઞાસુ પાડોશી એ અજાણ્યા આદમીને પકડવા ઉપર ગયા. થોડી આનાકાની પછી એણે પોતાના પાટા ને વસ્ત્રો દૂર કર્યાં—અને પેલા તો ભયભીત જ થઈ ગયા, કેમ કે એ અજાણ્યો આદમી દેખાતો જ બંધ થઈ ગયો હતો! આ સ્થિતિનો લાભ લઈ એ અજાણ્યો—અને હવે તો છાપાંમાં ચમકતો થએલો 'અદૃશ્ય' માનવી ભાગી ગયો.

એ પછી આ અદૃશ્ય માનવીએ માર્વેલ નામના એક વટેમાર્ગુને માંડ સમજાવીને પોતાનાં વસ્ત્રો અને ત્રણ પુસ્તકો લેવા 'કોચ ઍન્ડ હૉર્સિઝ' લૉજ સુધી ખેંચી આણ્યો. એ વેળા પાદરી અને ગામનો ડૉક્ટર એ અજાણ્યા આદમીની ડાયરી વાંચતા હતા. આથી પેલો અજાણ્યો આદમી ચિડાયો અને તેમની સાથે ઝપાઝપી કરીને બંને જણ વસ્ત્રો ને પુસ્તકો લઈ ચાલ્યા ગયા.

વર્તમાનપત્રોમાં હવે અકુદરતી ચોરીઓની ઘટનાઓ છપાવા માંડી. ચોરાતા પૈસાની નોટો દેખાતી હતી ને ચોરનાર દેખાતો ન હતો. પેલા માર્વેલને સારા એવા પૈસા મળવા લાગ્યા.

એક વાર એ માર્વેલ, પેલાનાં ત્રણ પુસ્તકો સાથે દોડતો 'જૉલી ક્રિકેટિયર્સ લૉજ'માં ધસી આવ્યો ને કહેવા લાગ્યો કે પેલો અદૃશ્ય માનવી એની પાછળ પડ્યો છે. એક ગાડીવાળો, એક કલાલ ને એક પોલીસ અદૃશ્ય માનવીને પકડવા ટાંપીને બેઠા. પણ પેલા માનવીએ અદૃશ્યરીતે આવીને માર્વેલને બારણા તરફ ઘસડવા માંડ્યો. પેલા ત્રણે હવામાં એની સાથે ઝપાઝપી કરવા લાગ્યા, એટલામાં હવામાં અદૃશ્ય માનવીનો અવાજ સાંભળતાં એક ગ્રામજને એ દિશામાં ગોળી છોડી.

પણ ઘણી તપાસ છતાં આસપાસ ક્યાં ય એનો પત્તો લાગ્યો નહિ.

એવામાં બર્ડોક મુકામે રાત્રે પોતાનું વાચન પૂરું કરી સૂવા જતા ડૉ. કેમ્પે દાદર પર લોહીના ડાઘ જોયા. તપાસ કરતાં એમના રૂમના બારણા પર અને એમની પથારીમાં પણ લોહી દેખાયું. એમના આશ્ચર્ય વચ્ચે એમણે હવામાં એક પાટો વીંટાતો જોયો. એટલામાં તો એમને એક અદૃશ્ય અવાજે એમનું નામ લઈને એમને બોલાવ્યા! પેલા અદૃશ્ય માનવીએ ડૉ. કેમ્પના ઘરમાં આશ્રય લીધો હતો.

પોતાની ઓળખાણ આપતાં એણે જણાવ્યું કે હું તમારી સાથે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો ગ્રિફિન છું અને મારી આ દશાને લીધે છેલ્લા ત્રણ દિવસથી ખાવા કે ઊંઘવા પામ્યો નથી. હું કોઈને રંજાડતો ન હતો, પણ લોકો ખાઈપીને મારી પાછળ પડ્યા છે. ડૉ. કેમ્પે એને ખાવા આપ્યું. પછી રાત્રે ડૉ. કેમ્પે અદૃશ્ય માનવીના અહેવાલવાળાં બધાં વર્તમાનપત્રો વાંચ્યાં અને ખૂબ વિચાર કરી બર્ડોકની પોલીસના વડા કર્નલ આધ્યેને પત્ર લખ્યો.

બીજી સવારે ગ્રિફિને પોતાની આ દશાનો ખયાલ આપતાં ડૉ. કેમ્પને જણાવ્યું કે એણે ત્રણ વર્ષ સુધી પ્રકાશની પારદર્શકતા પર પ્રયોગો કરી શરીરના સ્નાયુઓ પારદર્શક થઈ શકે એવો પાઉડર શોધ્યો હતો અને એ શોધનો પોતાના દેહ પર સફળ પ્રયોગ કરી પોતે અદૃશ્ય બન્યો હતો. પછી એણે પોતાની પ્રયોગશાળા બાળી નાખીને પ્રયોગના પુરાવાઓનો નાશ કર્યો. પણ હવે એની અદૃશ્યતાથી લંડનના લોકો આશ્ચર્ય ને ગભરાટ પામવા લાગ્યા, ને એની મુસીબત શરૂ થઈ. એના માટે ખાવુંપીવું પણ મુશ્કેલ બની ગયું હતું, કેમ કે ખોરાક એના હાથમાં દેખાતો હતો પણ એ નહોતો દેખાતો! અંતે, પોતાની આ વિચિત્ર સ્થિતિ અને લોકોના ઉશ્કેરાટથી ત્રાસીને નાટકનો સામાન વેચતી એક દુકાનમાંથી વસ્ત્રો, ચશ્માં અને ટોપી ચોરી પોતે ઈપિંગમાં આવ્યો હતો; પરંતુ અહીં પણ એની એ જ દશા થવા માંડી હતી. તેથી હવે કેમ્પના ઘરને કેન્દ્ર રાખી આસપાસમાં ભય ફેલાવવાનો પોતે નિર્ણય કર્યો હતો. ડૉ. કેમ્પે એને એવું નહિ કરવા ખૂબ સમજાવ્યો, એટલે એ ત્યાંથી પણ ભાગી ગયો અને થોડા જ સમયમાં વિક્સ્ટીડ નામના માનવીનું ભેદી રીતે ખૂન થયું.

બીજા દિવસે ડૉ. કેમ્પને પત્ર મળ્યો કે ખૂનામરકી શરૂ થઈ ગઈ છે. રોજ એક માણસનું ખૂન થશે અને આજે બપોરે તમારો ભોગ સૌથી પહેલો લેવાશે! ડૉ. કેમ્પે તરત જ કર્નલ આધ્યેને બોલાવડાવ્યા. તેઓ સંરક્ષણના ઉપાયો ચર્ચતા હતા ત્યાં બારીમાંથી એક પથ્થર આવ્યો. કર્નલ પોલીસોની વધુ કુમક લેવા પાછા ફરતા હતા ત્યાં અદૃશ્ય ગ્રિફિને આવીને એમની જ રિવૉલ્વર ઝૂંટવી લઈ એમને ઘાયલ કર્યા. એ પછી ગ્રિફિન કુહાડીથી ડૉ. કેમ્પનું બારણું તોડવા લાગ્યો. ડૉ. કેમ્પ બારીમાંથી નાસીને પડોશીના ઘેર પહોંચ્યા, પણ તેણે એમને આશ્રય આપવાની ના પાડતાં એ એક લૉજના મકાનમાં જઈ ભરાયા. પણ ત્યાં એકાએક અદૃશ્ય ગ્રિફિને આવી એમને પકડ્યા. બંને વચ્ચે ઝપાઝપી શરૂ થઈ. લોકો ડૉક્ટરની મદદે આવી પહોંચ્યા. ડૉ. કેમ્પે ગ્રિફિનના હાથ પકડી લીધા, ત્યાં એક પોલીસને એના પગ હાથમાં આવી ગયા; ને એમ એ જકડાઈ જતાં કોઈકે કોદાળીથી એ અદૃશ્ય માનવી પર ધડાધડ ઘા કરવા માંડ્યા. થોડી વારમાં એક નગ્ન મૃતદેહ જમીન પર પટકાયો. મૃત્યુ થતાં હવે એ દૃશ્ય થયો હતો.

આ કથાથી વેલ્સને એ બતાવવું છે કે સમાજના ચીલા બહારના કોઈ પણ અજાણ્યાને તેના જુદાપણાને કારણે સમાજ સ્વીકારવા તૈયાર નથી. પેલાએ ખતમ થવું જ પડે છે. જેટલી એની મથામણ વધારે એટલો એનો અંત વધુ ત્રાસજનક.

7 ટોનો બંગે

વેલ્સની બધી જ વાર્તાકૃતિઓમાં આ નવલકથાનો કટાક્ષ કદાચ તીખામાં તીખો છે. એનો ખલ નાયક પોન્ડેરેવો એક કહેવાતા સુંદર પીણાને નામે લોકોના હૈયાફૂટાપણાનો ગેરલાભ ઉઠાવી કલ્પનાતીત માલેતુજાર બની જાય છે. એના કારખાનામાં ત્રણેક હજાર માણસો કામ કરે છે અને સાડાસાત લાખ પાઉન્ડનું તો એ મકાન બાંધે છે. વેપારી પદ્ધતિએ અપાતી ભ્રામક જાહેરખબરોની આધુનિક સંસ્કૃતિ પર વેધક કટાક્ષ કરતી વેલ્સની આ કૃતિ ઘણી દૃષ્ટિએ સરસ ને આકર્ષક બની છે. હવાઈ ઉડ્ડયન માટે તે કાળે થએલા પ્રાથમિક પ્રયાસોના એમાંના ઉલ્લેખો, તેમજ કલ્પનાના સહાયક તરીકે વિજ્ઞાનનો એમાં થએલો ઉપયોગ વાચકોને આનંદ સાથે એ યુગની બૌદ્ધિક પ્રગતિનો પણ ખયાલ આપે છે; અને પેટન્ટ દવાઓનું ઉત્પાદન તથા વેચાણ સમાજની વિશ્રૃંખલાનું એમાં પ્રતીક બની રહે છે. એમાં વેલ્સનાં તાત્વિક મંતવ્યો હાસ્ય અને માનવહેતુઓના કુશળ વિશ્લેષણથી આસ્વાદ્ય બન્યાં છે.

જ્યૉર્જ પોન્ડેરેવો, એની મા જ્યાં ચાકરડી હતી એવા બાલ્ડેસોવર કુટુંબમાં ઉછર્યો હતો. એ એડવર્ડકાલીન વાતાવરણમાં એને હોદ્દા ને ખિતાબો પ્રમાણેના અંગ્રેજ સમાજના વિવિધ વર્ગોનો ખયાલ આવી ગયો હતો. જોકે જ્યૉર્જનો મોટા ભાગનો વખત તો પરગામની શાળામાં એ ભણતો ત્યાં વીતતો હતો, તોપણ વૅકેશનમાં મા પાસે આવતાં એને સમજાઈ ગયું હતું કે પોતે તાબેદાર વર્ગનો માણસ હતો. આ ખયાલ આવવાનું કારણ હતી બાલ્ડેસોવર ખાનદાનની આઠ વર્ષની પુત્રી બીઍટ્રીસ નૉર્મેડી, ને એના બાર વર્ષના સાવકા ભાઈ આર્ચી ગાર્વેલની જોડી. બાર વર્ષનો જ્યૉર્જ એ વૅકેશનમાં પેલી નાનકડી ઉમરાવપુત્રીના પ્રેમમાં પડેલો, પણ બે વર્ષ બાદ જ્યારે જ્યૉર્જ અને આર્ચી વચ્ચે ઝગડો થયો ત્યારે આ રોમાંચક પ્રણયનો એકાએક અંત આવી ગયો બીઍટ્રીસ જ્યૉર્જની મદદે તો ન આવી, પણ ઊલટું પોતાના સામાજિક મોભા પર હુમલો કરવાનું આળ તેણે જ્યૉર્જ પર મૂક્યું ત્યારે એનો ભ્રમ ભાંગી ગયો.

જ્યૉર્જે જ્યારે આર્ચી ગાર્વેલની ક્ષમા માગવાનો ઇનકાર કર્યો. ઘરમાંથી કાઢી એને મામા નિકોડેમસ ફ્રેપની બેકરીમાં મૂકવામાં આવ્યો. અંધશ્રદ્ધાળુ કુટુંબમાં એક વાર જ્યૉર્જે પોતાના બે મોળાત ભાઈઓ આગળ ધર્મમાં પોતાની અશ્રદ્ધા દૃઢપણે જાહેર કરી. પરિણામે એને મામાનું ઘર ત્યજી ફરી બાલ્ડેસોવર કુટુંબમાં મા પાસે ભાગી આવવું પડ્યું.

માએ એને હવે એના કાકા એડવર્ડ પોન્ડેરેવો પાસે સસેક્સ પરગણમાં આવેલા વિમ્બલહર્સ્ટ ગામે મોકલી આપ્યો. ત્યાં તે કાકાની દવાની દુકાનમાં શાળાના સમય બાદ કામ કરવા લાગ્યો. જ્યૉર્જના કાકા ધનભૂખ્યા અસંતોષી હતા ને પૈસા મેળવવા યેનકેન પ્રકારે વેપાર ખીલવવા ઇચ્છતા હતા. આ સમય દરમિયાન જ્યૉર્જે માતા ગુમાવી બેઠો, પણ સદ્‌ભાગ્યે કાકી સુસાન નમ્ર, શાંત ને માયાળુ હતી.

પણ જ્યૉર્જના વિમ્બલહર્સ્ટ ખાતેના આનંદમય જીવનનો એકાએક અંત આવ્યો. કાકાએ ધનલાલસાથી વેપારમાં કરેલા અવિચારી રોકાણને લીધે એવી મોટી ખોટ આવી કે એમણે વેપાર સાથે દુકાન તો ગુમાવી પણ જ્યૉર્જને ફ.ળે આવેલી ખાનગી મૂડી પણ ડુબાડી. એડવર્ડ પોન્ડેરેવોને વિમ્બલહર્સ્ટ છોડવું પડ્યું, પણ જ્યૉર્જ નવા દુકાનમાલિક મૅન્ટેલના ઉમેદવાર ગુમાસ્તા તરીકે રહી ગયો.

૧૯ની વયે જ્યૉર્જ મૅટ્રિકની પરીક્ષા આપવા લંડન ગયો ત્યારે ત્યાં જઈને વસેલા એના કાકાએ એને શહેર બતાવતાં બતાવતાં ટોનો બંગે નામની પોતે શોધેલી એક પેટંટ દવા વિષે વાત કરી.

બાવીસ વર્ષની વયે જ્યૉર્જ ફરીથી પોતાના બી. એસસી.ના અભ્યાસ માટે લંડન આવ્યો ત્યારે યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ લેવાને બદલે સાઉથ કેન્સિંગ્ટનની ટેકનિકલ શાળાની શિષ્યવૃત્તિ લઈ ભણવા લાગ્યો. એક દિવસ એને, યુવાનો પર ખૂબ પ્રભાવ ધરાવતો એનો જૂનો સહાધ્યાયી એવર્ટ મળી ગયો. એ ઉપરાંત પાછળથી એની પત્ની બનનાર મેરિયન રૅમબોટ પણ એને મળી. આ બંનેની અસરથી એ અભ્યાસવિમુખ બનવા લાગ્યો. એવામાં ટોનો બંગેની એક જાહેરાત વાંચતાં એને એના કાકાએ થોડાં વર્ષો પહેલાં કહેલી વાત યાદ આવી. થોડા દિવસ બાદ કાકાનો એક તાર એને મળ્યો, જેમાં ૩૦૦ પાઉંડના વાર્ષિક પગારની નોકરીની લાલચ આપવામાં આવી હતી.


ટોનો બંગે એક એવું કેફી પીણું હતું કે જેની બનાવટ ખર્ચાળ હતી, પણ પીનારને નુકસાન થતું નહોતું. થોડા મનોમંથન બાદ, પોતે પૈસાદાર થાય તો મેરિયન રૅમબોટનો પ્રિયપાત્ર બની શકે એ પ્રલોભનનો માર્યો જ્યૉર્જ કાકાની પેઢીમાં જોડાયો અને એ કાકા-ભત્રીજાએ મળી નવી ને સાહસિક જાહેરખબરો દ્વારા ટોનો બંગેને રાષ્ટ્રીય પીણું બનાવી દીધું! આ વેપાર અત્યંત લાભદાયક નીવડ્યો અને બંને માલદાર થઈ ગયા. આખરે મેરિયન પણ જ્યૉર્જ સાથે પરણવા સંમત થઈ.

પરંતુ એમનું લગ્નજીવન નિષ્ફળ નીવડ્યું. જ્યારે મેરિયનને ખબર પડી કે જ્યૉર્જ પેઢીની એક સેક્રેટરી બાઈ એફી રિક સાથે રવિવાર માણવા ગયો છે ત્યારે એણે છૂટાછેડા લઈ લીધા. આ બાજુએ જ્યૉર્જ વિજ્ઞાન અને શોધખોળમાં લાગી જઈ ઉડ્ડયનમાં રસ લેવા લાગ્યો.

એડવર્ડ પોન્ડેરેવો પોતાના શ્રીમંત ભાગીદાર મિ. મોઝસની સહાયથી હવે ધંધાની અનેક શાખાઓ ખોલવા લાગ્યો અને એની અઢળક ધનપ્રાપ્તિ આલીશાં મકાનો દ્વારા વ્યક્ત થવા લાગી. હાર્ડિંગહામ હોટેલ, બેકનહામ વિલા, મિસલહર્સ્ટનું મકાન, લેડી ગ્રોવ આદિના અંતે કાકાએ ક્રેસ્ટ હિલ પર એક એટલું મોટું મકાન બંધાવવું શરૂ કર્યું કે જેના માટે એકીસાથે ૩૦૦ કારીગરો કામ કરતા. આમ એક બાજુ કાકા મકાનો બંધાવી રહ્યા હતા ત્યારે ભત્રીજો જ્યૉર્જ પોતાના મદદનીશ કોથોપ સાથે ગ્લાઈડરો અને બલૂન બનાવવામાં મશગૂલ હતો. એ સમયે 'લેડી ગ્રોવ' મકાન પાસે બીઍટ્રીસ નૉર્મેડી પોતાની સાવકી માતા લેડી ઑસ્ટ્રે સાથે રહેતી હતી. બીઍટ્રીસ ફરી જ્યૉર્જના સંપર્કમાં આવી, ને ગ્લાઈડરના એક અકસ્માતમાં ઈજા પામેલા જ્યૉર્જની સારવાર કરતાં એના પ્રેમમાં પડી, પણ લગ્ન:કરવાની એણે ના પાડી.

એવામાં એકાએક એડવર્ડ પોન્ડેરેવોનો અંતિમ ટોચે પહોંચેલો વેપાર પડી ભાંગ્યો. દેવાળું ફૂકતાં પહેલાં થોડી મિલકત ને ક્રેસ્ટ હિલ પરનું અધૂરું મકાન બચાવવાનો એમણે પ્રયાસ કર્યો.

કાકાને કાયદાની પકડમાંથી બચાવવા જ્યૉર્જ એમને પોતાના વિમાનમાં રાતોરાત ઇંગ્લિશ ખાડી પાર કરાવી પ્રવાસી તરીકે ફ્રાન્સમાં લાવ્યો. બોર્દોથી પચાસ માઈલ દૂર તેઓ ઊતર્યા, પણ બેયોનની એક ધર્મશાળામાં સખત માંદગી બાદ કાકાનું અવસાન થયું. જ્યૉર્જે ઇંગ્લૅન્ડ પાછા ફરી બારેક દિવસ બીઍટ્રીસ સાથે પ્રણયજીવન ગાળ્યું, પણ શ્રીમંતોનાં મિથ્યાભિમાન અને ધનલાલસાથી ત્રાસી ગએલી બીઍટ્રીસે હજીયે એની સાથે લગ્ન કરવાની તો ના જ પાડી. ઇંગ્લૅન્ડના સામાજિક અધ:પતનનો એક વખતનો કડક ટીકાકાર જ્યૉર્જ પણ નેપોલિયનનો પ્રશંસક બની જગત જીતવાની મહત્વાકાંક્ષાથી વિનાશક વિધ્વંસક બની રહ્યો, પણ અંતે તો પોતાનું જ વૉટર્લૂ એણે સર્જ્યું છે.



નવલ ભારત તણો જન્મદિન આજ છે,
લોકશાસન તણી વર્ષગાંઠ;
સર્વ તહેવારનો રાજ તહેવાર આ,
થાઓ એનો અનોખો જ ઠાઠ.
કેટલાં તપ કર્યાં, કેટલા બલિ ધર્યા!
મુક્તિપારસમણિ હાથ લાગ્યો;
પરબ પામ્યા તણું યે નહિ ઊજવે, કોણ એવો હશે સમજ-ભાંગ્યો!

સ્વ. કૃષ્ણલાલ સૂરજરામ વકીલ

એક સામાન્ય માસ્તરની નોકરીમાંથી પોતાની બાહોશી, સ્વાશ્રય, ઝીણવટથી કામ કરવાની ટેવ, વહીવટી આવડત, કેળવણી અંગેની નવી દૃષ્ટિ, ખંતીલો સ્વભાવ અને શિક્ષણક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવાની હોંશ—આ સર્વ ગુણો વડે છેક એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટરના અધિકારે પહોંચેલા એક ગરવા ગુજરાતી શ્રી કૃષ્ણલાલ સૂરજરામ વકીલનું ગયા (ડિસેમ્બર ૧૯૬૬) માસમાં ૮૫ વર્ષની પાકટ વયે અવસાન થયું. સૂરતના એક સામાન્ય કુટુંબમાં જન્મેલા છતાં પોતાની તેજસ્વી બુદ્ધિથી અભ્યાસકાળમાં જ આગળ આવીને તે ગવર્નમેન્ટ સ્કૉલર તથા ફ્રી બોર્ડર બન્યા, અને શિક્ષક તરીકે શરૂ કરેલા જીવનને પોતાના ક્ષેત્રના ઊંચામાં ઊંચા હોદ્દે પહોંચાડીને સેવાનિવૃત્ત થયા પછી પણ મુંબાઈની ભારતીય વિદ્યાભવનના શિક્ષણ વિભાગના માનાર્હ અધ્યક્ષપદેથી પોતાની શક્તિ અને દૃષ્ટિનો લાભ આપતા રહ્યા.

શિક્ષક તરીકેના પોતાના વ્યવસાય ઉપરાંત, તે નોકરી અર્થે જે જે જિલ્લામાં જતા ત્યાંની રહેણીકરણી, સાહિત્ય તેમજ લોકસંસ્કૃતિનો અભ્યાસ કરતા. એ રીતે પંચમહાલના ભીલોનાં લોકગીતોનો સંગ્રહ એમણે પ્રકટ કર્યો છે. શિક્ષકોના અધ્યાપનકાર્યને લગતાં પુસ્તકો લખવા ઉપરાંત એમાં વિશેષ દૃષ્ટિશક્તિ પ્રાપ્ત કરવા તે એક વર્ષની રજા લઈને ઈ. ૧૯૨૨માં ઇંગ્લંડ ગયા અને ત્યાંની લીડ્ઝ યુનિવર્સિટીમાંથી એમ. એડ.ની ડિગ્રી મેળવી આવ્યા. તે પછી એમણે અમેરિકા અને ફિલિપ્પાઈન્સની શાળાઓની શિક્ષણપદ્ધતિનો પણ અભ્યાસ કર્યો હતો; અને સરકારી પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે એક વખત તેઓ આંતરરાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં પણ ગએલા. અનેક શિક્ષણસંઘો તથા ગુજરાત સંશોધનમંડળ જેવી અનેક સંસ્થાઓમાં તેઓ છેક સુધી સક્રિય રસ લેતા રહ્યા.

ઉત્તમ પ્રકારના શિક્ષક, કેળવણીના નવાનવા અભિગમોના અભ્યાસી અને પ્રવર્તક તથા સહૃદય એ શિક્ષણસેવકના અવસાનથી ગુજરાતને મોટી ખોટ પડી છે.

ટપાલટિકિટો દ્વારા વીત્યા વર્ષ પર એક દૃષ્ટિપાત

પલટાતા ઇતિહાસમાં ઈ. ૧૯૬૬ના વર્ષનો ફાળો પણ સારો એવો છે. ભારતના વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું અવસાન થયું; ગુયાના, બોટ્સવાના ને લીસોથોએ સ્વાતંત્ર્ય મેળવ્યું; અરસપરસ મૈત્રીભાવ વધારવા એકબીજા દેશોના રાજદ્વારી અગ્રણીઓની સારી પેઠે આવનજાવન ચાલી; આંતરરાષ્ટ્રીય રમતોત્સવો; અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે ઝંઝાવાતોની આફતો, ક્યાંક ભૂકંપ; અને આવા બધા આઘાતો ઉપરાંત યુદ્ધનો ભય તો તોળાતો જ રહ્યો. કોઈક વ્યક્તિવિશેષોની શતાબ્દી પણ ઊજવાઈ. આ બધું લાગતાવળગતા દેશવિદેશોની ટપાલટિકિટો ઉપર પણ પ્રતિબિંબિત થતું રહ્યું ટિકિટસંગ્રાહકો જ્યારે પોતાનો સંગ્રહ જોવા બેસતા હશે ત્યારે આવાં તો કંઈ કેટલાં યે સ્મરણો એમને તાજાં થતાં હશે! અનેકવિધ માહિતીઓ પ્રસારતી આ રંગબેરંગી ટપાલટિકિટો ટપાલવ્યવહાર ઉપરાંત કેટકેટલી સેવા બજાવે છે! એના પરનો દૃષ્ટિપાત કેટલી યે ભુલાએલી વાતોનું પુનઃ સ્મરણ કરાવે છે, કેટલી યે ખયાલ બહાર રહી ગએલી બાબતોની જાણ કરે છે.

અહીં આ ત્રણ પાનાં પર ગયા વર્ષની કેટલીક ટપાલટિકિટો ('સ્કાલા'ના સૌજન્યથી):

તારા-પરિચય-૧૩



ગયે વર્ષે આપણે જ્યાંથી આરંભ કર્યો હતો એ મૃગમંડળના તારાઓ ફરી મધ્યાકાશે ચમકવા લાગ્યા છે. પણ આ વખતે 'ગુરુ' અહીં નથી. પૂર્વમાં એ કર્ક રાશિ તરફ ચાલ્યો ગયો છે. મૃગને બાણ મારનાર વ્યાધને પણ આપણે જોયો છે. તેજના ફુવારા છોડતો આ નીલરંગી વ્યાધ (Sirius) આપણાથી ૮.૭ પ્રકાશવર્ષ દૂર હોવા છતાં યે તે પૃથ્વીની નજીકમાં નજીકના તારાઓમાંનો એક છે. રાત્રે આકાશમાં દેખાતા તારાઓમાં એ સૌથી વધુ અને હકીકતે સૂર્ય કરતાં ૨૧ ગણો તેજસ્વી એ તારો છે. પણ વ્યાધ એક તારો નથી, બે તારાનું એ એક યુગ્મ છે. એમાંનો એક 'શ્વેત વામન' તરીકે ઓળખાય છે. આપણા સૂર્ય કરતાં યે ૨૫૦૦૦ ગણું ઘન એનું દળ છે. પૃથ્વી પર એક શેર પાણી ભરતી બરણીમાં એ 'શ્વેત વામન'નું દળ ભર્યું હોય તો એનું વજન ૧૨૫૦ મણ થાય. એક સાથે ફેરફુદરડી ફરતા એ બંને તારા આપણને એક જ તારા રૂપે દેખાય છે. વ્યાધ જે તારામંડળમાં છે એ 'શ્વાન'(Canis Major) તરીકે ઓળખાય છે.

'શ્વાન'ની બાજુમાં જ ઝાંખા તારાઓનું એક બીજું મંડળ 'શશક' (Lepus-સસલું) તરીકે ઓળખાય છે. 'શશક'ની દક્ષિણે ત્રણ ઝાંખા પણ સરળતાથી ઓળખાય એવા તારાઓનું 'કપોત'-કબૂતર(Colomba) મંડળ છે.

હજી વધુ દક્ષિણે જોતાં એક ખૂબ પ્રકાશિત તારો ધ્યાન ખેંચશે. 'વ્યાધ' પછી આકાશમાં આ 'અગસ્ત્ય' સૌથી વધુ તેજસ્વી દેખાય છે. આપણાથી ૬૫૨ પ્રકાશ-વર્ષ દૂરનો આ તારો સૂર્ય કરતાં ૧૯૦૦ ગણો તેજસ્વી છે.

રાત્રે સૌથી વધુ તેજસ્વી દેખાતા પ્રથમ વર્ગના વીસ તારાઓમાંથી વ્યાધ, અગસ્ત્ય, બાણરજ, બ્રહ્મહૃદય, પ્રભાસ રોહિણી અને આર્દ્રાને હાલ એકસાથે જોઈ શકાય છે.



આપી છે. વીત્યા વર્ષના બધા જ યાદગાર પ્રસંગોને આવરી લેવા માટે તો અલબત્ત, આથી અનેકગણી વધુ ટિકિટો જોઈએ, છતાં આ થોડીઘણી પણ જે કાળમાંથી આપણે પસાર થયા એનું નાનું-શું રસમય પુનરાવલોકન કરાવશે.

આ ટિકિટસંગ્રહના વ્યાસંગ જેટલો વ્યાપક છંદ દુનિયાભરમાં બીજો નહિ હોય બધા જ દેશોમાં એના રસિયા મળી રહેશે. પોતાને જોઈતી ટિકિટો માટે એના સંગ્રાહકો ગમે તે ભોગ આપવા તૈયાર થઈ જશે. માત્ર આ નાદ માટે થઈને જ આજે એકબીજાથી તદ્દન અજાણ એવા લોકો પણ અરસપરસ પત્રવ્યવહાર ને ટિકિટોની આપ-લે કરી મૈત્રી સાજે છે. આ ટિકિટસંગ્રહો વારસામાં પણ ઊતરતા આવે છે અને મામૂલી ગણાતી આ ટચૂકડી ટિકિટો ક્યારેક કોઈનું દળદર ફિટાવી દેવા જેટલી મૂલ્યવાન પણ સાબિત થાય છે. વળી, ગઈ સાલની આંતરરાષ્ટ્રીય રેડક્રૉસ નિમિત્તની ડેન્માર્કની ટિકિટ પર 'માનવતા દ્વારા શાંતિ'નું સૂત્ર મૂકી તે સાથે દુનિયાની તેત્રીસ ભાષામાં 'રેડક્રૉસ' શબ્દો છપાયા હતા એ રીતે 'રેડક્રૉસ' જેવી માનવતાભરી પ્રવૃત્તિ નિમિત્તે ટપાલટિકિટ જેવડા એક ટચૂકડા પટ પર એક સાથે આટલી ભાષાઓની રજૂઆત પણ તે તે ભાષાભાષી પ્રજાઓ વચ્ચે એક સાંકળરૂપ બની શકે છે. અને ખરેખર, આ ટચૂકડી રંગબેરંગી ટપાલ-ટિકિટો એકબીજા દેશમાં જઈને શાંતિનો સંદેશો ફેલાવી શકે એટલી શક્તિશાળી છે જ.

આ પાના પર પ્રથમ ટિકિટ ફિલિપ્પાઈન્સની રાષ્ટ્રીય બૅન્કની ૫૦મી જયંતી નિમિત્તની છે. ત્યાંની એક ચલણી નોટના આલેખનની વચ્ચે પૂર્ણરંગમાં છપાએલી આ ટિકિટ પ્રસંગોચિત રીતે જ રજૂ થઈ છે. નીચે ડાબી બાજુની પ્રથમ ટિકિટ કૉંગો-કિન્શાસા પ્રજાસત્તાકની ત્યાંના 'ડાકર' મહોત્સવ નિમિત્તની છે. વચ્ચેની ટિકિટ સંયુક્ત અરબ પ્રજાસત્તાકની વસતિગણતરી પ્રસંગની છે. જમણી બાજુની બેમાં



ઉપરની ટિકિટ લીસોથોની આઝાદી નિમિત્તની અને નીચેની ઇટાલીની ટિકિટ ત્યાંના એક વિખ્યાત શિલ્પી ડૉનારેલીની ૫૦૦મી સંવત્સરી પ્રસંગની છે. એના પર એ શિલ્પીની જ એક કલાકૃતિનું ચિત્ર છે.

અહીં આ પાના ઉપર પ્રથમ છે અમેરિકાના લોકપ્રિય પ્રમુખ કેનેડીની ત્રીજી સંવત્સરી નિમિત્તે લાઇબીરિયાએ બહાર પાડેલી ખાસ ટપાલ-ટિકિટ. પ્રમુખના નિવાસસ્થાન વ્હાઈટ હાઉસના દ્યોતક ચિત્ર સાથેની એ ટિકિટ પર એમના સમાધિસ્થાન પરની જ્યોતનું આલેખન છે. જમણી બાજુ મથાળે આડી બેવડી ટિકિટ મોરોક્કોની, ત્યાંના હવાઈ દળની દસમી જયંતી નિમિત્તની છે. તેની નીચેની ઊભી ટિકિટ આફ્રિકાના એક દેશ ચાડની, સંયુક્ત રાષ્ટ્રસંઘની ૨૦મી જયંતી નિમિત્તની છે. એની બાજુની બે આડી ટિકિટોમાં ઉપરની બ્રાઝિલની 'પંચવર્ષી વિકાસ-સહાય' નિમિત્તની અને નીચેની ડેન્માર્કની આંતરરાષ્ટ્રીય રેડક્રૉસની છે. એના પર તેત્રીસ ભાષામાં 'રેડક્રૉસ' શબ્દો મૂકવા સાથે 'માનવતા દ્વારા શાંતિ'નું સૂત્ર મૂકેલું છે. નીચેની ડાબી બાજુની બેમાં ઉપરની ટિકિટ સ્વિટ્ઝર્લૅન્ડે 'ફિગર-સ્કેટિંગ'માં મેળવેલી દુનિયાભરની ચૅમ્પીઅનશિપ નિમિત્તની અને નીચેની જમાઈકાની કૉમનવેલ્થ રમતોત્સવ નિમિત્તની છે. જમણી બાજુની મોટી ટિકિટ બ્રિટનની ત્યાંના વિખ્યાત દેવળ વેસ્ટમિન્સ્ટર ઍબીની ૯૦૦મી જયંતી નિમિત્તની છે.

પાછલે પાને પહેલી મોટી ટિકિટ ફેડરલ જર્મન રીપબ્લિકની લિબનિટ્ઝની ૨૫૦મી સંવત્સરી નિમિત્તની છે. બાજુમાં મથાળે પહેલી તુર્કીની ટિકિટ, સુલતાન કાનૂની સુલતાનની ૪૦૦મી સંવત્સરી નિમિત્તની અને તેની બાજુમાં સીરિયાની, દમાસ્કસના તેરમા આંતરરાષ્ટ્રીય 'ટ્રેઈડ-ફેર' નિમિત્તની છે. તેની નીચે પાકિસ્તાનની, તેના પ્રથમ અણુ રીઍક્ટર બન્યાં નિમિત્તની અને તેની બાજુમાં પોતાના સ્વર્ગસ્થ વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની યાદમાં ભારતે બહાર પાડેલી ટિકિટ છે. વચ્ચેની લાંબી છ ટિકિટોની હારમાં બ્રિટને 'બૅટલ ઑવ



હૅસ્ટિંગ્સ'ને ચિત્રિત કરી છે. બ્રિટનના ઇતિહાસના એ એક મહત્ત્વના બનાવની ૯૦૦મી જયંતી નિમિત્તે એ બહાર પડી હતી. છેલ્લે અનુક્રમે પહેલી ટિકિટ પોતાની રાજકુમારી પ્રિન્સેસ બીઍટ્રીસના લગ્ન નિમિત્તની દ્યોતક આલેખનવાળી નેધરલૅન્ડ્ઝની અને બીજી, ગુયાનાની સ્વાતંત્ર્યપ્રાપ્તિ નિમિત્તની તથા છેલ્લી સુએઝની નહેરના રાષ્ટ્રીયકરણની દસમી જયંતી નિમિત્તની છે.



પાકિસ્તાનના સ્થાપક મુહંમદઅલી જિન્નાહની જન્મજયંતી નિમિત્તે એ દેશે બહાર પાડેલી બે ખાસ ટપાલ-ટિકિટોમાંની એક. પાકિસ્તાનનાં આરંભનાં વર્ષોમાં ભાવલપુર રાજ્યે બહાર પાડેલી પોતાની ટિકિટ પર ત્યાંના અમીર અને જ૦ જિન્નાહની છબિઓ અપાઈ હતી. પણ પાકિસ્તાનની ટિકિટ પર જ૦ જિન્નાહની છબિ આ પ્રથમ વાર આવી છે.

(નુરૂદ્દીન લુત્ફ, કરાચી)

જર્મન પત્રમિત્ર

બહેન Anny Horn–ઠેકાણું Obenberger Strasse 8761 Laudenbach (Germany)–લખી જણાવે છે કે 'કુમાર'માં એમનું નામ પ્રકટ થયા પછી અહીંથી એમને એટલી મોટી સંખ્યામાં પત્રો મળ્યા છે કે તે બધાને ઉત્તરો લખવાનું શક્ય નથી; માટે જેમને ઉત્તર ન મળ્યા હોય તે માફ કરે અને હવે બીજા કોઈ એમને પત્ર ન લખે.

૪૩મા (૧૯૬૬ના) વર્ષનું વાર્ષિક સાંકળિયું

નિયમ મુજબ ગયા અંક સાથે અમારાથી આપી નથી શકાયું તે આ અંકની વચ્ચોવચ અમે જોડેલું છે. અંક વચ્ચેના તારના ટાંકા ખોલીને તે કાઢી લઈને ગયા વર્ષની ફાઇલને છેડે તેને જોડી શકાશે.

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: ડૉ. આલ્બર્ટ શ્વાઇત્ઝર



લક્ષ્મીનો મોહ અને યશની એષણાને ઓગાળી નાખી આફ્રિકાના અંધારા ખંડની ઓશિયાળી માનવતાની સેવામાં જીવન સમર્પનાર ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝર માત્ર ચુનંદા દાક્તર જ નહિ, પરંતુ પ્રખર ધર્મવેત્તા, તત્ત્વવેત્તા ને સંગીતવેત્તા પણ હતા. ચોવીસમા વર્ષની ઉંમરે પહોંચતાંમાં તો એમણે ઇતિહાસ, સાહિત્ય, પ્રાકૃતિક વિજ્ઞાન અને સંગીતનો ઊંડો અભ્યાસ કરી ચાર જુદાજુદા વિષયોમાં ડૉક્ટરેટની ઉપાધિ મેળવી હતી. ઈ. ૧૯૦૨ થી '૧૨ સુધી તેઓ સ્ટ્રાસબુર્ગ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે રહ્યા તે દરમિયાન સેન્ટ થૉમસની ધર્મશાસ્ત્રની કૉલેજમાં પ્રિન્સિપલ, પારી(સ)ની બાખ સોસાએટી અને બાર્સિલોનાના ઓર્ફિઓ કેટેલામાં સંગીતકાર તરીકે એમણે યશસ્વી કામગીરી પણ બજાવી.

જર્મનીના અલ્સાસ પ્રાંતમાં કૈસરબર્ગ મુકામે ઈ. ૧૮૭૫ની ૧૪મી જાન્યુઆરીએ પ્રૉટેસ્ટંટ ખેડૂત પિતા લૂઈ શ્વાઈત્ઝરને ત્યાં એમનો જન્મ થયો હતો. પિતાની પ્રેરણાથી એમનામાં માનવસેવાનો તલસાટ જાગેલો. વયનાં ત્રીસ વર્ષ કલા અને વિજ્ઞાન પાછળ ગાળી ત્યાર પછીનું જીવન માનવસેવામાં જ સમર્પિત કરવાનો એમણે નિશ્ચય કર્યો હતો. અને તદનુસાર ત્રીસમા વર્ષથી એમણે ભિખારીઓ તથા કેદમાંથી છૂટેલા કેદીઓમાં કામ કરવા પણ માંડેલું. એવામાં આફ્રિકાની ફ્રેન્ચ વસાહતમાં સારવારના અભાવે રીબાતાં માનવીઓ વિષે એમને જાણ થઈ. એમનું દિલ દ્રવી ઊઠયું. સાત વર્ષ સુધી એમણે દાક્તરીનો અભ્યાસ કર્યો. પત્ની હેલન બ્રેસ્સનાઉને પણ નર્સિંગની તાલીમ અપાવી અને પોતાની અન્ય બધી જ ઉજ્જવળ ને યશસ્વી કારકિર્દી છોડી ઈ. ૧૯૧૩માં આફ્રિકામાં ગૅબનના જંગલમાં લૅમ્બેરેન ખાતે લોકોની સેવા કરવા ચાલી નીકળ્યા.

એકાદ વર્ષ થયું અને યુરોપમાં યુદ્ધ ફાટી નીકળ્યું. શ્વાઈત્ઝર જર્મન નાગરિક હોઈ જડ રાજ્યતંત્રે એમને લૅમ્બેરેનથી ખસેડી ફ્રાન્સમાં અટકાયતમાં રાખ્યા. યુદ્ધ પૂરું થયું ત્યારે એ અંગે મનમાં જરા યે ડંખ રાખ્યા વિના યુરોપના દેશોમાં ફરીને એમણે સંગીતના જલસાઓ યોજી નાણાં એકઠાં કર્યા અને પુનઃ પોતાના કાર્યક્ષેત્ર લૅમ્બેરેન પહોંચી ગયા. પોતાની ગેરહાજરીમાં વેરણછેરણ થઈ ગએલી ઇસ્પિતાલને ફરી ઊભી કરી અને ૨૨ એકર જેટલી વિસ્તારી. બીજા વિશ્વયુદ્ધ વખતે તો એમને કે એમની ઇસ્પિતાલને વાહનવ્યવહાર સિવાય બીજી કોઈ મુશ્કેલી નડી નહોતી, કેમ કે એ દરમિયાન એમની મૂગી સેવાની મહેક જગદ્વ્યાપી બની ગઈ હતી ચિકિત્સા ઉપરાંત એમણે ત્યાંની હબસી પ્રજાને અક્ષરજ્ઞાન આપીને માણસાઈથી જીવતી બનાવી દીધી હતી.


ઈ. ૧૯૩૪માં ઑક્સફર્ડમાં તત્ત્વજ્ઞાનના વિખ્યાત 'હિબર્ટ વ્યાખ્યાનો'; '૩૪-'૩૫માં એડિનબરઅમાં 'ગિફર્ડ લેક્ચર્સ' અને '૪૯માં અમેરિકામાં વ્યાખ્યાનો આપી એમાંથી થએલી સઘળી આવક એમણે પોતાની એ ઇસ્પિતાલમાં ખર્ચી હતી.

ઈ. ૧૯૨૮માં ફ્રૅન્કફર્ટમાં એમનું બહુમાન કરી એમને 'ગએટે પ્રાઈઝ' અપાયું; '૫૧માં ફ્રેન્ચ અકાદમીમાં ચૂંટાયા; '૫૩માં શાંતિ માટેનું નૉબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું; અને '૫૫માં ઇંગ્લંડે એમને 'ઑર્ડર ઑવ મૅરિટ'ના ખિતાબથી નવાજ્યા. કેટલાકોએ એમની ગેરસમજૂતીભરી ટીકાઓ કર્યા છતાં પણ એ સહેતાંસહેતાં ૮૫ વર્ષની વયે તેઓ સફળતાપૂર્વક ઑપરેશનો અને ૯૦ની વયે પણ કલાકો સુધી સખત પરિશ્રમ કરતા.

બાખ: ધ મ્યૂઝિશીઅન-પોએટ, માઈ લાઈફ ઍન્ડ માઈ થૉટ, ઑન ધી એઈજ ઑવ ધ પ્રિમાઈવલ ફૉરેસ્ટ, ફ્રૉમ માઈ આફ્રિકન નોટબૂક, ક્રિશ્ચિયાનિટી ઍન્ડ ધ રીલિજિયન ઑવ ધ વર્લ્ડ, ફિલૉસોફી ઑવ સિવિલિઝેશન, ઇન્ડિયન થૉટ ઍન્ડ ઇટ્સ ડેવલપમેન્ટ આદિ પુસ્તકો એમના ઊંડા ચિંતનનાં દ્યોતક છે. ઈ. ૧૯૬૫માં અવસાન થયું.

પ્રસંગવિશેષ: લૂઈ સોળમાનો શિરચ્છેદ, તા. ૨૧ જાન્યુઆરી, ૧૭૯૩

ઉસ્તાદ નિશાનબાજ, તાળાંની અટપટી કળરચનાઓનો જબરો શોખીન અને મનહૂસ તથા બેંધો લૂઈ ૧૬મો ઈ. ૧૭૭૪માં ફ્રાંસની ગાદીએ આવ્યો. દુર્ભાગ્યે એ અલ્પશિક્ષિત રાજાને મેરી આંત્વાનેત જેવી ઉડાઉ પત્ની મળી. આ રાજારાણીના અમનચમન ને બિનજવાબદારીમાં રાજ્યની તિજોરી સાફ થઈ ગઈ અને એના અંધેર રાજતંત્રને કારણે પ્રજામાનસમાં મંથન અને સંક્ષોભ વધી રહ્યાં. વધુ પૈસા મેળવવા રાજાએ 'સ્ટેટ્સ જનરલ'ની બેઠક બોલાવી તેમાં આમવર્ગે પ્રચંડ વિરોધ વ્યક્ત કર્યો. રાજાએ બળનો ઉપયોગ કરવા પરદેશી સૈન્ય લાવવા ધાર્યું. પ્રજા વિફરી અને ૧૭૮૯ના જુલાઈમાં પારી(સ)માં બાસ્તાઈલના કેદખાનાના નાશથી આરંભાઇને સમગ્ર ફ્રાંસમાં બંડ પ્રસરી ગયું, પરિણામે 'રાષ્ટ્રસભા' રચાઈ. લૂઈ માત્ર બંધારણીય રાજા રહ્યો. વર્સાઈ છોડી એને પેરીસમાં જ રહેવાની ફરજ પડાઈ. રાજા-રાણીને એમાં પોતાની સલામતી ન લાગતાં છૂપાવેશે નાસી ગયાં; પકડાયાં અને એમને પેરીસ લાવવામાં આવ્યાં. ૧૭૯૨માં ફ્રાંસને ઑસ્ટ્રિયા અને પ્રશિયા સામે લડાઈમાં ઊતરવું પડ્યું. પ્રજાને મન લૂઈનો એમાં હાથ હોવાની શંકા હતી. ઉશ્કેરાએલા લોકોએ રાજમહેલ પર હલ્લો કર્યો. બચાવમાં લૂઈ એ પોતાના સ્વીસ અંગરક્ષકો દ્વારા ગોળી ચલાવી, પણ અંતે તો લોકોએ રાજકુટુંબને પદભ્રષ્ટ કરી કેદ કરવાની રાષ્ટ્રસભાને ફરજ પાડી. ૧૭૯૨ના સપ્ટેમ્બરમાં રાષ્ટ્રસભાએ ફ્રાંસને પ્રજાસત્તાક જાહેર કર્યું. લૂઇને દેશદ્રોહી જાહેર કર્યો અને ઈ. ૧૭૯૩ની ૨૧મી જાન્યુઆરીએ એનો શિરચ્છેદ કર્યો.



લૂઈ ૧૬માના રાજપ્રાસાદ પર વિફરેલી પ્રજાનો હલ્લો

અનુષ્ટુપ

 રૂઝવે જગના જખ્મો, આદર્શોને પૂરા કરે,
ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન.

'શેષ'

સ્પેનના આંતરવિગ્રહ વેળા ફાસિસ્ટ સેનાથી ઘેરાએલા માડ્રિડમાં અન્નપરિસ્થિતિ એવી તો વિકટ બની કે એક એક રોટી માટે પણ ખેંચતાણ થતી. છતાં જ્યારે ફાસિસ્ટોએ શહેરમાં વિમાન મારફત ઊંચી જાતની રોટી વરસાવી ત્યારે એ રોટીને કોઈ અડક્યું સુધ્ધાં નહિ, પણ એકઠી કરાવી પોલીસથાણે પહોંચાડી દીધી. બીજા દિવસે શહેર બહાર પડેલા એ પાંઉરોટીનાં પડીકાં પર ફાસિસ્ટોએ જે લખાણ વાંચ્યું એ અદ્ભુત હતું: 'માડ્રિડને ફાસિસ્ટ રોટી વડે નહિ જીતી શકાય, એ માટે તો તમારે લડવું પડશે!'

કહેવતોના અર્થ: 'ક-ઠેકાણે ગૂમડું ને સસરો વૈદ્ય.' કહી પણ ન શકાય અને સહી પણ ન શકાય એવી કફોડી સ્થિતિ દર્શાવવા માટેની આ ચાતુરીભરી ને સ્પષ્ટ કહેવતના જેવી બીજી એક કહેવત તો જાણીતી છે: 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ.' 'ઊનું ખાતાં મોંમાં દાઝ્યા' એ પણ એ જ સ્થિતિ દર્શાવતી કહેવત છે.

શ્રી–એ નામનો અક્ષરમેળ છંદ, તાડપત્રીય પુસ્તકોનાં પાનાંની ગણતરી માટેના એકમ અંકોમાંનો ત્રણ સૂચક અંક, પુરુષોત્તમનું એક નામ, લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ, જે ગાવાથી સૂકું વૃક્ષ લીલું થાય છે એવો એક રાગ, ઉન્નતિ, વૈભવ, કમળ, સૌંદર્ય, ચંદ્રની એક કલા, એક દિક્કુમારી, ધર્મ અર્થ ને કામ એ ત્રણ પુરુષાર્થ, પરમેશ્વર, પાર્વતી, બુદ્ધિ, બીલીનું ઝાડ, માયા, રાજસત્તા, લક્ષ્મી, લવિંગ, લોબાન, વિભૂતિ, વૃદ્ધિ નામની ઔષધિ, સાધન, સીતા, ચંચળતા, સ્ફૂર્તિ.

ગણિતગમ્મત

૫૦ થી ૬૦ વચ્ચેની સંખ્યાઓનો વર્ગ સહેલાઈથી કરવાની રીત: ધારો કે તમારે ૫૭નો વર્ગ કરવો છે. દશકના આંકડા(૫)નો વર્ગ કરો. તે ૨૫ આવશે તેમાં ૭ (એકમનો આંકડો) ઉમેરો. આથી ૩૨ થશે. હવે ૭નો વર્ગ ૪૯ થશે. ઉપર આવેલા પરિણામ (૩૨)ની જમણી બાજુએ ૪૯ મૂકો. આથી ૩૨૪૯ થશે. તે ૫૭નો વર્ગ છે. (નોંધ: જો એકમના આંકડાને વર્ગ ૧૦ થી ઓછો હોય, તો તેની આગળ શૂન્ય મૂકવી, જેમ કે ૫૧નો વર્ગ ૨૬૦૧. —ર. મો. ઘુંટલા



ખાતી વખતે હાથી જંગલમાં મોટા મોટા અવાજો કરે છે. તૂટતી ડાળીઓ ને ભાંગતાં વૃક્ષોથી જંગલ ગાજી ઊઠે છે, પણ જોખમની જરાશી ગંધ આવી કે તુરત આખું ટોળું એટલી તો ચૂપકીદીથી સરકી જાય છે કે વૃક્ષોનાં ડાળપાંદડાંનો અવાજ પણ સાંભળવા મળતો નથી

પ્રો. હોરેસ ફ્લેચરે એક મિનિટની ૨૬ બેઠકના હિસાબે લાગટ ૨ કલાક ને ૧૬ મિનિટમાં ૫૦૦૨ બેઠક મારીને વિક્રમ કર્યો છે.



ઇસ્ટ ઇન્ડિયન દ્વિપસમૂહ પાસે થતી 'આર્ચરફિશ' નામની આ માછલી ગોળીના માફક મોંમાંથી પાણીનાં ટીપાં કે પિચકારી ફૂંકીને દરિયાઈ વનસ્પતિ પરના જંતુઓને બેહોશ કરી નાખે છે અને તે બેહોશ થઈ પાણીમાં આવી પડે એટલે તેને ગડપ કરી જાય છે.

માનવીની કલ્પના અને સિદ્ધિઓ વચ્ચે જે અંતર છે તે તો તેની નમ્રતાથી જ વટાવી શકાય.

ત્રણ ગપ્પીદાસ મિત્રો એક દિવસ ભેગા થઈ ગયા. એક કહે, 'અમારા શહેરમાં એટલાં ઊંચાં મકાન થયાં છે કે એક વાર છત પર કામ કરતા એક મજૂરના હાથમાંથી શનિવારે હથોડી પડી ગઈ તે સોમવારે સવારે કામ માટે તે એ ઘરમાં પેસતો હતો ત્યાં એના માથા પર પડી.'

બીજાએ કહ્યું: 'અરે એમાં શું? અમારે ત્યાં તો ધાબામાં શિયાળાની ઠંડીમાં સૂર્યસ્નાન કરતી એક સ્ત્રીના હાથમાંથી એનો પુત્ર પડી ગયો તે નીચે પહોંચતાં પુખ્ત વયનો પુરુષ થઈ ગયો હતો.'

ત્રીજો કહે: 'ઓહોહો! તો તો તમારાં મકાન ઘણાં નીચાં ગણાય! અમારા શહેરના એક મકાનની અગાશીમાંથી એક વાંદરો નીચે પડ્યો, તે જમીન પર આવ્યો ત્યારે માણસ બની ગયો હતો!'

પિસાનો ઢળતો મિનારો ઓળીંભે માપતાં ૧૭ ફૂટ અને ૪ ઈંચ ઢળેલો જણાયો છે.



કલાકણિકા: સારાસેન (પ્રાચીન ઇસલામી) સંસ્કૃતિ તેની સમૃદ્ધ અને સપ્રમાણ ભાતગૂંથણી માટે પ્રખ્યાત છે. આ ઉપર આપેલું સુશોભન ઇજિપ્તના પાટનગર કાહિરા (કેરો)માંની ૧૪મી સદીની સુલતાન હસનની મસ્જિદમાંની એક શોભન-કિનારની વચ્ચેના અનેક ચંદાઓમાંનો એક ચંદો છે.